

# ધર્મ

સ્વામી સચ્ચિદાનન્દ

# ધર્મ

## સ્વામી સચ્ચિદાનંદ

Dharma

by Swami Sachchidanand

Published by Gurjar Prakashan, Ahmedabad-380 006

© Swami Sachchidanand

First Published: 1987

This ePub edition: 2014

ISBN: 978-81-8461-878-5

GURJAR PRAKASHAN

Website: www.gurjar.biz

e-mail: goorjar@yahoo.com

eBook by

indian ebooks

www.e-Shabda.com

# સમર્પણ

અસંખ્ય સંપ્રદાયો, અસંખ્ય સંસ્કૃતિઓ, અમાપ મંડળો, વગેરે દ્વારા વિભાજિત માનવસમુદાયને માનવતારૂપી માનવધર્મ તરફ અભિમુખ કરવા જેમણે હાર્યા અને થાક્યા વિના અંત સુધી ભગીરથ પ્રયત્નો કર્યા તથા અંતે ધર્મઝનૂનની બલિવેદી ઉપર ન્યોછાવર થઈ ગયા તે

**પૂજ્ય જ્યોતિર્ધર**

**મહાત્મા ગાંધીને**

**શ્રદ્ધાપૂર્વક સમર્પણ!**

**—સ્વામી સચ્ચિદાનંદ**

# પ્રકાશકીય

નવગુજરાત પબ્લિકેશન્સની પ્રવૃત્તિઓનો આ પુસ્તકથી અમે શુભારંભ કરીએ છીએ. ઈ. સ. 1963માં નવગુજરાત કૉલેજની સ્થાપના કરવામાં આવી. આ સમયથી જ નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર કૉલેજની દીવાલોમાં જ મર્યાદિત રાખવાને બદલે જ્ઞાનપ્રસાર અને જ્ઞાનવિસ્તારનું રાખ્યું હતું. નવગુજરાત કૉલેજને વિદ્યાર્થીસમુદાય અને વાલીસમાજે સારી કૉલેજો પૈકીની એક કૉલેજ તરીકે સ્વીકારી કે તરત જ અમે કૉસ્ટ એકાઉન્ટિંગનું શિક્ષણ આપવાની પહેલ કરી. એ સમયે સમગ્ર ગુજરાતમાં કોસ્ટ એકાઉન્ટિંગના શિક્ષણની કોઈ જોગવાઈ નહોતી. છેલ્લાં વીસ વર્ષથી નવગુજરાત કોસ્ટ એકાઉન્ટિંગ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ ગુજરાતની આ વિષયની એક પ્રમુખ સંસ્થા બની રહી છે અને સારી એવી સંખ્યામાં કોસ્ટ એકાઉન્ટન્ટ તૈયાર કરવાનું શ્રેય પામી છે.

આપણા દેશમાં વ્યવસાયલક્ષી અને જીવનોપયોગી અભ્યાસક્રમો શરૂ કરવા અંગે ચર્ચાવિચારણાઓ ચાલતી હતી ત્યારે ઈ. સ. 1978માં નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટે નવગુજરાત મલ્ટિકોર્સ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરીને એક નવી જ દિશામાં પ્રયાણ આદર્યું. વિવિધતાસભર અનેક અભ્યાસક્રમો દ્વારા આ સંસ્થાએ આવતી કાલના નાગરિકો માટે વિવિધ વ્યવસાયની ઊજળી તકો ઊભી કરી.

જ્ઞાનપ્રસાર અને જ્ઞાનવિસ્તરણની આ પ્રવૃત્તિઓમાં એક નવું કદમ અમે પ્રકાશન–પ્રવૃત્તિનો આરંભ કરીને ભરી રહ્યા છીએ. લાંબા સમયથી આવી કોઈ પ્રવૃત્તિની ખોટ જણાતી હતી તે પૂરી કરવાના અમારા પ્રયાસના પ્રારંભે આનંદ અને સંતોષની લાગણી અનુભવું છું.

છેલ્લા બે દાયકામાં ગુજરાતની કેળવણી ઘણા વિચારો, વિવાદો અને સંઘર્ષમાંથી પસાર થઈ છે. કેળવણીમાં કેવું માધ્યમ હોવું જોઈએ એ પ્રશ્નથી માંડીને અંગ્રેજી પાંચમા ધોરણથી શીખવવું કે આઠમા ધોરણથી શીખવવું એવા ઘણા સવાલો વચ્ચેથી આપણે પસાર થયા. કયો મત સાચો છે તેમાં પડ્યા વગર હું એટલું ચોક્કસ કહી શકું કે આજે એવી પરિસ્થિતિ આવીને ઊભી રહી છે કે ગુજરાતના વિદ્યાર્થીઓનો મોટો સમુદાય અંગ્રેજી વાંચી શકતો નથી. પરિણામે જ્ઞાન અને માહિતીની એક મોટી શાખાથી આપણો વિદ્યાર્થી વંચિત રહે છે. આવા વિદ્યાર્થીસમુદાયને કે નાગરિકને ગુજરાતમાં વાચનસામગ્રી પૂરી પાડવાની જવાબદારી સમગ્ર સમાજ અને સરકારની છે, તેમ અમે પ્રામાણિકપણે માનતા હોવાથી આમાં યત્કિંચિત્ ફાળો આપવાના ઉદ્દેશથી નવગુજરાત પબ્લિકેશન્સનો પ્રારંભ કરીએ છીએ.

આ સંસ્થા દ્વારા જીવનમાં ઉપયોગી એવા વિજ્ઞાન, વાણિજ્ય, અર્થશાસ્ત્ર, સાહિત્ય, કળા, શિક્ષણ, ધર્મ, આરોગ્ય, રાજકારણ, તબીબીશાસ્ત્ર કોમ્પ્યૂટર જેવા અનેકવિધ વિષયોને આવરી લેતાં માહિતીપૂર્ણ પુસ્તકો ગુજરાતી ભાષામાં વાજબી કિંમતે વિદ્યાર્થીઓ, નાગરિકો અને બહોળા જનસમુદાયને આપવાનો અમારો ઉદ્દેશ છે. વાચક પ્રત્યેક વિષયની ઊંડી અને તલસ્પર્શી માહિતી મેળવી શકે તે માટે નાની પુસ્તિકાઓને બદલે 100થી 120 પાનાંનું પુસ્તક પ્રત્યેક વિષય પર આપવાનો ખ્યાલ રાખ્યો છે.

જે દેશમાં મંદિરમાં માનવમેદની ઊભરાતી હોય, કલાકો સુધી લાખો માનવીઓ કથા સાંભળતા હોય; વ્રત, જપ, તપ જેવાં ધાર્મિક ક્રિયાકાંડોમાં સમાજનો મોટો ભાગ ડૂબેલો રહેતો હોય, એ જ દેશમાં મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર, અપ્રામાણિકતા, અન્યાય, અનીતિ અને હત્યા ક્યાંથી સંભવી શકે?—તેવો સવાલ મારી માફક અનેકના મનમાં ઊઠતો મેં જોયો છે. આ વિષયમાં ઘણા અગ્રણીઓ સાથે ચર્ચા કરી, વિશ્લેષણ કર્યું પરંતુ પ્રશ્નની નાડ હાથમાં આવતી નહોતી. એવામાં ‘જયભિખ્ખુ સ્મૃતિવ્યાખ્યાન'માં સ્વામીશ્રી સચ્ચિદાનંદજીનું પ્રવચન સાંભળવાની તક મળી. એમના મૂળગામી વિચારો, વ્યાપક દૃષ્ટિકોણ, માનવતાલક્ષી અભિગમ અને નિખાલસ–પ્રવાહી વક્તવ્યથી હું પ્રભાવિત થયો. એમની પાસેથી મૂંઝવતા સવાલોના જવાબ મળશે એમ લાગ્યું અને તેથી નવગુજરાત પબ્લિકેશન્સની પ્રવૃત્તિનો પ્રારંભ સ્વામીજીના ધર્મચિંતન ધરાવતા પુસ્તકથી કરવો એવું મેં મનોમન નક્કી કર્યું.

મારી વિનંતીને માન આપીને સ્વામીજીએ અમારું પહેલું પુસ્તક લખી આપવાનું સ્વીકાર્યું તે માટે તેઓશ્રીનો આભારી છું. આ પુસ્તકની હસ્તપ્રત વાંચ્યા બાદ મને ખૂબ આનંદ અને સંતોષ થયો. ધર્મની મૂળભૂત ભાવનાઓ પર નજર રાખીને એમણે પ્રવર્તમાન દંભ, આડંબર, વાણીવિલાસ જેવી બાબતોને ખુલ્લી પાડી દીધી છે. એની સાથોસાથ રચનાત્મક દૃષ્ટિથી ભારતીય સમાજ સંગઠનની દૃષ્ટિએ વધુ મજબૂત અને માનસિક–આધ્યાત્મિક દૃષ્ટિએ વધુ સમૃદ્ધ કઈ રીતે બને તે સચોટ રીતે સમજાવ્યું છે. આ પુસ્તક આ દિશામાં લોકોને વિચારતા કરે એ જ અમારા પ્રકાશનનો હેતુ છે.

અમારી પ્રવૃત્તિને ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ઉમાશંકરભાઈનો ‘આવકાર’ સાંપડ્યો છે એ અમારા માટે ધન્યતાની બાબત છે. આ પ્રવૃત્તિમાં શ્રી અમૃતલાલ યાજ્ઞિકે પહેલેથી જ એટલો રસ લીધો છે કે એમનો ઉમળકો અમારા માટે પ્રેરણા બની રહ્યો છે. સર્વશ્રી બળવંતભાઈ શાહ, કુમારપાળ દેસાઈ અને પ્રિયકાન્ત પરીખ તો મારી પ્રવૃત્તિના સાથી છે. એમનો આભાર કયા શબ્દોમાં માનું? શ્રી ચિમનભાઈ ત્રિવેદીએ આ પુસ્તકમાં દરેક તબક્કે અમને મદદ કરી છે, જ્યારે મારા પરમ સ્નેહી એવા શ્રી નવનીતભાઈ ગોરધનદાસ ચોકસી અને શ્રી વિનોદચંદ્ર પરીખે અમારા આ કાર્યને પોતાનું સમજીને સહયોગ આપ્યો છે. અમારાં પુસ્તકોનાં આવરણ–ચિત્ર માટે શ્રી સ્નેહલ શાહ તથા દિનેશ મહેતાએ ભારે જહેમત ઉઠાવી છે. નવજીવન પ્રેસના શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈએ આમાં વખતોવખત માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

અમારી પુસ્તક–પ્રકાશન–પ્રવૃત્તિને લેખકો, વાચકો અને પ્રકાશકોનો હૂંફાળો સાથ અને સહયોગ મળશે એવી આશા સાથે વિરમું છું.

**(પ્રિ.) એમ. સી. શાહ**

ચેરમૅન, નવગુજરાત પબ્લિકેશન્સ

# ત્રીજી આવૃત્તિ સમયે

‘નવગુજરાત પબ્લિકેશન્સ’ની પ્રકાશન–પ્રવૃત્તિનો પ્રારંભ તા. 27–6–’87ના રોજ અમદાવાદના ભાઈકાકાભવનમાં વિખ્યાત સર્જક શ્રી મનુભાઈ પંચોળી ‘દર્શક’ના હસ્તે પુસ્તકવિમોચનના કાર્યક્રમથી થયો હતો. આ સમયે આ પ્રવૃત્તિને સ્વામીશ્રી સચ્ચિદાનંદજીના આશીર્વાદ અને સમારંભના પ્રમુખ શ્રી અમૃતલાલ યાજ્ઞિકની શુભેચ્છા સાંપડી હતી.

અમારે માટે આનંદની વાત છે કે માત્ર ત્રણ જ મહિનાના ગાળામાં અમારા પ્રથમ પુસ્તક ‘ધર્મ’ની પુનરાવૃત્તિ પ્રગટ કરવી પડી હતી. એમાં પુસ્તકને અંતે ‘નડતર–ધર્મ’ નામે નાનકડી પુરવણી પણ ઉમેરી હતી. છેલ્લા કેટલાય સમયથી એ બીજી આવૃત્તિ પણ અપ્રાપ્ય બનેલી હોવાથી અમારા એ યશદાયી પ્રકાશન ‘ધર્મ’ની આ ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવાનો સુયોગ સાંપડ્યો છે. આના કાળજીભર્યા પ્રકાશન માટે શ્રી જયન્ત પરમારે ભારે જહેમત ઉઠાવી છે. અમારા કાર્યને ગુજરાતની પ્રજાએ જે આવકાર આપ્યો છે તે માટે અમે આભારી છીએ.

–પ્રકાશક

# આવકાર

નવગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટની વિવિધ શિક્ષણપ્રવૃત્તિઓ વિકસતી જતી જોવામાં મને રસ પડ્યો છે. કેન્દ્રમાં છે કૉલેજ, જેનાથી આરંભ થયો. તેના આચાર્ય ભાઈશ્રી મહેન્દ્ર સી. શાહ યુનિવર્સિટીમાં મારા એક વારના સાથી. એમનો વ્યવહારુ, વાસ્તવિક, રચનાત્મક અભિગમ એમને શિક્ષણપ્રવૃત્તિને ઉચ્ચ કેળવણીમાં મર્યાદિત ન રાખતાં જુવાનોને નવનવા વ્યવસાયો અંગેની તાલીમ આપવાની વ્યવસ્થાઓ વિચારવા તરફ દોરી ગયો. એમાં એમણે નમૂનારૂપ પગલાં ભર્યાં છે અને હંમેશાં નવાનવા ઉપક્રમો તેઓ વિચારતા રહે છે.

આજના યંત્રવિજ્ઞાનયુગમાં અનેક જાતની અવનવી કામગીરીઓ વધી રહી છે અને એને અંગેની માહિતી, જાણકારી અને તાલીમ માટેની વિદ્યાઓ વિકસી રહી છે. આ એક જાતનો સ્ફોટ છે. એ જુદીજુદી વિદ્યાઓ શી રીતે મેળવવી તે શિક્ષણ સામેનો એક પડકાર છે. ઘણી વિદ્યાઓ તો ખરેખર હસ્તગત કરવાની હોય છે—હાથની ફાવટ ખીલવવા દ્વારા મેળવવાની હોય છે. આને માટે નવાંનવાં તાલીમકેન્દ્રો ખોલી અભ્યાસની તકો પૂરી પાડવાની ચિંતા શિક્ષણકારો સેવી રહ્યા છે.

ભણતર દ્વારા રળતર સુધી જુવાન સ્ત્રીપુરુષો પહોંચે એ જોવું જરૂરી છે, તો સાથેસાથે જ તેમનો માનવી તરીકે સર્વાંગી વિકાસ થાય એની સંભાળ રાખવી એ પણ ઓછું જરૂરી નથી. યંત્ર માણસની ઉપરવટ નહીં પણ માણસ યંત્રની ઉપરવટ રહે અને આધુનિક સમાજનાં તોતિંગ યાંત્રિક તંત્રોમાં માણસ ગૂંચવાઈ–ગૂંગળાઈ ન જાય તે માટે માનવીના હૃદયમાં—ચિત્તમાં મુક્તિમંત્ર સતત ગુંજતો રહે એ જોવું જોઈએ. એ મુક્તિમંત્ર છે માનવીય ગૌરવનો, પ્રત્યેક વ્યક્તિને વિશ્વના પરમ તત્ત્વના પ્રતીક તરીકે જોવાનો, આર્થિક કે સામાજિક અન્યાયથી કોઈ વ્યક્તિ ન પીડાય એની જાગ્રત સક્રિય તકેદારી રાખવાનો.

સારાં પુસ્તકો, સામયિકો, ચર્ચામંડળો આ બેવડી શિક્ષણ–પ્રક્રિયામાં–આજીવિકા મેળવવાની તેમજ જીવનમૂલ્યો જાળવવાની શિક્ષણપ્રક્રિયામાં–ઘણો ફાળો આપી શકે. નવગુજરાત ટ્રસ્ટ હવે ગ્રંથશ્રેણીના પ્રકાશનનો ઉપક્રમ હાથ ધરે છે એ એક સાચી દિશાનું પગલું છે. એ પુસ્તકો તે–તે વિષય ન જાણનારને સહેજે સમજાય એવાં હશે, તો તે–તે વિષયના નિષ્ણાતો પ્રસન્ન–પ્રસન્ન થઈ જાય એવાં પ્રમાણભૂત અને કસદાર હશે. એ બુદ્ધિશાળી તરુણ વિદ્યાર્થીઓ માટે હશે તેમ જ બહુજનસમાજ માટે પણ હશે.

આપણે ત્યાં અત્યારની ઘડીએ આવી બહુજન ગ્રંથશ્રેણીની તાતી જરૂર છે. ગુજરાતમાં બેચાર કેન્દ્રો એને માટે હોય અને તેઓ સાથે બેસી વિષયવિભાગ કરી આયોજન કરે તો એ ગંજાવર કામને પહોંચી વળવું શક્ય છે. જુદાજુદા વિષય અંગે ગુજરાતીમાં લખી શકે એવા નિષ્ણાતો તો ગુજરાતમાં અને ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં અને વિદેશોમાં છે જ.

નવગુજરાતનો આ ગ્રંથશ્રેણીનો સંકલ્પ સુપેરે આકાર પામો, સૌનો આવકાર પામો, ખીલો અને ક્રમેક્રમે જરીક મહત્ત્વાકાંક્ષી બનીને બહોળા સંકલન દ્વારા આજે પ્રજાની ઊઘડતી જતી અગાધ જ્ઞાનભૂખને પહોંચી વળવામાં પૂર્ણ ફાળો આપી રહો.

**ઉમાશંકર જોશી**

9–4–1987

# ભૂમિકા

સુખનું મૂળ શક્તિ છે અને દુઃખનું મૂળ અશક્તિ છે. શક્તિને પ્રાપ્ત કરવી એ જીવનસાધના છે. શક્તિહીન થઈને જીવવું એ જીવનને ધૂળધાણી કરવા બરાબર છે. શક્તિની ઉત્પાદકતાનું કેન્દ્ર ધર્મ છે. ધર્મ હોય ત્યાં શક્તિ હોય જ, પણ શક્તિ હોય ત્યાં ધર્મ હોય જ તેવું ન કહેવાય, શક્તિની સાથે અધર્મ પણ રહે. શક્તિ વિના માત્ર દુર્બળતા આપનારને ધર્મ ન કહેવાય. તે ધર્માભાસ છે. કોઈ વ્યક્તિ કે કોઈ પૂરી પ્રજા આવા ધર્માભાસને ધર્મ સમજીને સેવે છે તો તેનું પરિણામ તેને દુર્બળતા, લાચારી અને પરાધીનતામાં ભોગવવું પડે છે. કર્મકાંડો, બાહ્યોપચારો, ટીલાંટપકાં, હોમ–હવન, વગેરેને જ પ્રજા જ્યારે પાળવાનો મુખ્ય ધર્મ સમજીને પૂરી શક્તિથી તેમાં લાગી જાય ત્યારે તે ખરા ધર્મથી ચ્યુત થાય છે. આવી પ્રજા જેટલી ધાર્મિક તેટલી જ વધુ દુર્બળ બને છે.

નાસ્તિકતા એટલી બધી હાનિકર નથી જેટલો ધર્માભાસ. નાસ્તિક વ્યક્તિ જીવનનાં પરિણામો પ્રત્યે સ્વયં પોતાને જવાબદાર ગણે છે, એટલે એક તરફ પરિણામો માટે તેને કોઈના પ્રત્યે ફરિયાદ નથી હોતી, તો બીજી તરફ પરિણામો બદલવાની શક્યતાનો માર્ગ ખુલ્લો રહે છે; પણ ધર્માભાસમાં રાચતી વ્યક્તિ કે પ્રજા જીવનનાં પરિણામો પ્રત્યે કોઈ અન્યને કારણ માને છે અને તેમાં મીનમેખ ન થઈ શકે તેવું પણ માની બેસે છે. એટલે પરિણામો બદલવાનો તેની પાસે માર્ગ જ નથી રહેતો. આ રીતે ધર્માભાસ તેને માર્ગશૂન્ય બનાવે છે. આવી માર્ગશૂન્યતા પેલા સુકાન વિનાના જહાજ જેવી દશા કરે છે. પવન તેને ધકેલીને જ્યાં લઈ જાય ત્યાં તેનું લક્ષ્ય થઈ જતું હોય છે. આવા અનિચ્છનીય લક્ષ્યને પણ તે પૂર્વનિર્ધારિત માની સંતોષ માને છે. આ અશક્તિ છે અને તે ધર્માભાસથી ઉત્પન્ન થઈ છે અને એ જ ધર્માભાસથી સ્વીકારી લેવાઈ છે. જોકે ધર્મથી પણ સદા ઇચ્છિત પરિણામો મેળવી શકાતાં નથી. તેમાં લક્ષ્યની અગમ્યતા, પોતાની અક્ષમતા તથા પરિસ્થિતિ, વગેરે કારણો હોય છે, તોપણ જે પરિણામ મળ્યાં હોય તે જો શક્તિદાયક ન હોય તો સાચો ધર્મ ત્યાં તુષ્ટિ નહીં કરાવે. કરોળિયાની માફક તે ફરીફરીને ધ્યેયપ્રાપ્તિ માટે મંડ્યો રહેશે.

જીવન એક વાસ્તવિકતા છે. તેને કલ્પના કે સ્વપ્ન માનવું એ મિથ્યાદૃષ્ટિ છે. આવી મિથ્યાદૃષ્ટિ ધર્માભાસ તરફ ધકેલાતી જશે અને જીવનના પ્રાણપ્રશ્નોને સચોટ હલ કરવાની જગ્યાએ ધુમાડાના ગોટાઓનાં પડીકાં બાંધ્યા કરશે. ઐહિક સુખો એ ઝાંઝવાંનાં નીર નથી પણ જીવન માટેની જરૂરિયાતો છે. મોહપૂર્વક તેમાં ચોંટી જવું એ જેટલું હાનિકર છે તેટલું જ મોહપૂર્વક તેને ઠોકર મારવી એ પણ હાનિકર છે. ધર્મ સ્વીકાર અને અસ્વીકાર એમ બન્ને વચ્ચેનો યથાયોગ્ય વિવેક કરાવી એક સંતુલન આપે છે, જે સંતુલન વ્યક્તિ તથા પ્રજાને સુખી બનાવે છે. મોહપૂર્વક ચોંટી જનારો જેમ દુઃખી થાય છે, તેમ જ મોહપૂર્વક લાત મારનાર પણ દુઃખી થાય છે. સ્વીકાર અને ત્યાગ બન્ને ધર્મપૂર્વકના હોય તો બન્નેથી વ્યક્તિ સુખી થાય. સ્વીકાર પણ શક્તિ આપનાર હોય તથા ત્યાગ પણ શક્તિ આપનાર હોય. જો આ બંને શક્તિને હણી નાખનારા હોય તો તે ધર્માભાસ છે, ધર્મ નથી.

આપણે ત્યાં ધર્મનું મૂલ્યાંકન મોટા ભાગે પરલોકને નજર સમક્ષ રાખીને થયું છે. એટલે આ લોકમાં જેનાં પ્રત્યક્ષ સુપરિણામ જોવા ન મળે તેવી અનેક પ્રક્રિયાઓ ધાર્મિક જગતમાં થતી રહી છે, જેમ કે યજ્ઞો, વગેરે. પ્રાચીનકાળના પુરોહિતો સ્વર્ગમાં નિશ્ચિત સુખો મેળવી આપવા તરેહતરેહના યજ્ઞો કરતા–કરાવતા. જોકે તે વખતે ગણાવેલાં સુખો અત્યારે તો ખાસ આકર્ષક ન લાગે, જેવાં કે સ્વર્ગમાં દૂધ–ઘીની નદીઓ, અપ્સરાઓ, ચિરયૌવન, અમાપ ભોગો, વગેરે. જે વખતે સ્વર્ગનાં આ સુખો લખાયાં હશે તે વખતે આ બધી વસ્તુઓ આ ધરતી ઉપર દુર્લભ હશે. ધાર્મિક વ્યક્તિઓને લલચાવવા અને પોતાનો ધંધો ધમધોકાર ચલાવવા પુરોહિતો દૂર દૂર...પરલોકનાં સુખોની રંગોળી ચીતરે તે સ્વાભાવિક છે, પણ હવે સુખોનાં માધ્યમોમાં નવો નવો ઉમેરો થયો છે. આજનો કોઈ શોખીન જીવડો કહે કે મહારાજ, સ્વર્ગમાં ટી.વી. છે? વિડિયો છે? દૂધની નદીઓ તો છે પણ આઇસક્રીમ છે? વગેરે. તો કહેવું પડે કે ના...ના...એવાં નામ લખ્યાં નથી. જો આવાં આધુનિક સાધનો ત્યાં ન હોય તો હજારો વર્ષ જૂનું થઈ ગયેલું, ખખડી ગયેલું સ્વર્ગ શા કામનું? તેના કરતાં અહીં શું ખોટા છીએ?

સૌથી મોટી વિડંબના આ સ્વર્ગની એ છે કે તે પુરુષોને લક્ષમાં રાખીને લખાયાં છે. જો પુરુષો માટે અપ્સરાઓ છે તો સ્વર્ગમાં જનારી સ્ત્રીઓ માટે શું છે? જો સ્વર્ગ અતિ ભોગો–અનિયંત્રિત ભોગોથી ભરપૂર હોય તો શીલવાન વ્યક્તિને સ્વર્ગમાં જવું ગમે ખરું? મને લાગે છે કે આ જ કારણે પાછળથી સાત સ્વર્ગોમાં એક બીજો લોક ઉમેરાયો જેને મોક્ષ કહેવાય છે. મોક્ષમાં સ્વર્ગવાળી ભોગદાયી વસ્તુઓ

નથી, ત્યાં તો માત્ર આત્મભાવની સ્થિતિ છે. આત્મા બધી ઉપાધિઓ તથા વળગણોથી મુક્ત થઈને પોતાના સ્વરૂપમાં અખંડભાવે રહે છે. આ સ્થિતિને સનાતન–શાશ્વત–સુખ, પૂર્ણ સુખ, વગેરે આકર્ષક પણ અવ્યાવહારિક શબ્દોથી કહી છે. સુખ કદી શાશ્વત હોતું નથી, એકરસ પણ હોતું નથી. સુખ સાપેક્ષ હોય છે. લોકોથી ત્રાસેલો માણસ લોકોથી દૂર ખસીને એકાન્તની પ્રાપ્તિ કરે તો તેને ખૂબ સુખ અનુભવાય. આ એકાન્ત સુખમાં સ્વયં એકાન્ત કારણ નથી પણ એકાન્ત પહેલાંની પૃષ્ઠભૂમિ કારણ છે. જેને ખૂબ પ્રેમાળ, લાગણીશીલ, ઉત્તમ માણસો મળ્યાં હશે તેને તે બધાંથી દૂર થઈને એકાન્તમાં રહેવાનું થાય તો તે એકાન્ત તેના માટે જેલ થઈ જાય–ત્રાસ થઈ જાય. તેવી જ રીતે મોક્ષની એકાન્તતા, નિષ્ક્રિયતા, લાગણીશૂન્યતા, અસ્તિમાત્રતા વગેરે સ્થિતિ પ્રત્યે પણ તેને જ આકર્ષણ થાય, જેને સંસાર અત્યંત દુ:ખરૂપ લાગ્યો હોય અથવા સંસાર અત્યંત દુ:ખરૂપ છે તેવો ઉપદેશ વારંવાર તેના ભેજામાં ભરી દેવાયો હોય. એકધારા સતત ઉપદેશથી મસ્તિષ્કને ગમે તેવા બીબામાં ઢાળી શકાય છે. અંગ્રેજીમાં જેને ‘બ્રેઇન–વોશ’ કહેવાય છે તેવી સતત પ્રક્રિયા કોમળ મસ્તિષ્કો ઉપર સદીઓથી થતી આવી છે.

સ્વર્ગ અથવા મોક્ષ–કોઈ પણ પ્રકારના પરલોક પ્રત્યે વ્યક્તિ કે પ્રજાને સંપૂર્ણપણે વાળી દેવામાં આવે એટલે આ લોકો ધૂળધાણી થઈને રહેશે. આપણે ધર્મ(ધર્માભાસ)ના માધ્યમથી લગભગ આ જ કામ કર્યું છે. એક સમયે પરલોકનાં સુખો મેળવવા પશુહિંસાથી ઊભરાતા શાસ્ત્રીય યજ્ઞો આપણા ધાર્મિક ક્ષેત્ર ઉપર ફરી વળ્યા હતા. પછી તો આ યજ્ઞો શત્રુઓનો નાશ કરવા, પુત્રો ઉત્પન્ન કરવા, વરસાદ લાવવા અને છેવટે હવે હવા શુદ્ધ કરવા થતા રહ્યા અને થઈ રહ્યા છે. નવાઈ તો એ કે આવી તદ્દન વ્યર્થ ક્રિયાને સૌથી વધુ પુણ્ય દેનારી ક્રિયા સમજવામાં આવી. આ ધર્મ નહીં, ધર્માભાસ કહેવાય. જ્યાં પાપને પુણ્ય માની લેવાય અને કશું જ પાપ ન હોય તેને મહાપાપ માની લેવાય.

એક સ્ત્રીને આજન્મ વિધવા–ત્યક્તા રહેવાની ધાર્મિક ફરજ પાડવી કે કોઈ વ્યક્તિને આજન્મ કુંવારા કે વિધુર રહેવાની ફરજ પાડવી કે એવી પરિસ્થિતિ ઊભી કરવી કે તેને તેમ રહેવું જ પડે તો તે પાપ છે, કારણ કે જે પ્રજામાં ઘણી વિધવાઓ, ત્યક્તાઓ, મોટી ઉંમરની કુમારિકાઓ, કુંવારા પુરુષો તથા વિધુરો વગેરે હશે તે પ્રજા ભયંકર સડામાંથી બચી નહીં શકે. મારો ભાવ એવો નથી કે બધાંને ફરજિયાત પરણાવી જ દેવાં, પણ મારો ભાવ એવો છે કે સહજ પ્રાકૃતિક જીવનને ગૂંગળાવ્યા વિના નીતિમય સ્વચ્છ જીવન જીવવા માટેની અનુકૂળતાની સ્થિતિ નિર્મિત થવા દેવી. ધર્માભાસ જ્યારે આવી સહજ પ્રાકૃતિક સ્થિતિને મહાપાપ માનીને લોકોના અપ્રાકૃતિક જીવનની વાહવાહ કરતી પરિસ્થિતિનું નિર્માણ કરશે તો સમાજ અને જીવન સડી જશે—ગંધાઈ જશે. મખમલનાં વસ્ત્ર નીચે સડી ગયેલાં પરુ–ઝરતાં ગૂમડાં જ ગૂમડાં જોવા મળશે. આ પાપ છે. લોકોને અનિચ્છાએ પણ અનીતિના ધંધા તરફ ધકેલાવું પડે તેવું પ્રાણવાયુહીન વાતાવરણ સર્જાવવું તે ધર્મ નથી, ધર્માભાસ છે. જો કોઈ જાગ્રત વ્યક્તિ સભાનતાથી ધાર્મિક માન્યતાઓ તપાસશે તો એવી કેટલીય માન્યતાઓ મળશે જે પાપ ન હોવા છતાં ભયંકર પાપ મનાઈ છે તથા પુણ્ય ન હોવા છતાં પુણ્યરૂપ મનાઈ છે. પાપ અને પુણ્યથી આવી વિકૃતિ અને પ્રતિગામી વ્યાખ્યાઓ જે કરે તે ધર્મ ન કહેવાય, ધર્માભાસ કહેવાય.

ધર્મની વ્યાખ્યા કરનારાઓ જો એક વાર પરલોકમાંથી આ લોકની ધરતી ઉપર પગ મૂકે અને વ્યક્તિના જીવનના સહજ પ્રશ્નો પ્રત્યે ધ્યાન આપે તો અહીં ધર્મના નામે ઊભું કરાયેલું આઠમું નરક દૂર કરી શકાય. માણસને નીતિમય અને પવિત્ર જીવન જીવવા દો, એને ગૂંગળાવો નહીં, એને સહજતા અને કુદરતના ખોળેથી દૂર ન કરો. પવિત્રતા કોઈ તીર્થના પાણીમાં નથી, પવિત્રતા પરમેશ્વરના ખોળે નિર્દોષ અને નિર્દંભ જીવન જીવવામાં છે.

પ્રસ્તુત પુસ્તકમાં ધર્મને પરલોકની પ્રાપ્તિના સાધન તરીકે મૂલવાયો નથી. હું સ્વયં પરલોકનો વિરોધી પણ નથી, પણ મારું નિશ્ચિત માનવું છે કે જેઓ આ લોકને નથી સુધારી શકતા તેઓ પરલોકને શું સુધારશે? મને મારા પરલોકની બહુ જ ચિંતા થતી, પણ હવે જરાય થતી નથી. હું જાણું છું કે હું બરાબર માર્ગ ઉપર હોઈશ તો આ લોકની સાથે મારો પરલોક સુધરવાનો જ છે. મને વ્યક્તિની દૃષ્ટિએ પણ આ ધર્મની મુલવણી કરવી ખાસ ગમતી નથી. ધર્મે જ્યારથી વ્યક્તિના કલ્યાણનું નગારું વગાડવા માંડ્યું છે ત્યારથી ધાર્મિક વ્યક્તિ વધુ ને વધુ સ્વાર્થી બની છે. ‘હું અને મારા આત્માના કલ્યાણ સિવાય મારે બીજું કાંઈ ન ખપે’ એવું કહેનાર કરતાં ‘પ્રાણીમાત્રનાં દુ:ખો હું ભોગવ્યા કરું અને બધાં પ્રાણીઓ સુખી થાય’ એવું કહેનાર રંતિદેવ ઘણો મહાન અને સાચો ધાર્મિક છે. જેનાં ત્યાગ, તપ, જપ અને વ્રત વગેરેનાં થોડાં પણ ફળ સમાજને ન મળે તે વાંઝણી ધાર્મિકતા છે.

મારી દૃષ્ટિએ ધર્મ પ્રજાને ચાર શક્તિઓ આપનારો હોવો જોઈએઃ 1. જનશક્તિ, 2. ધનશક્તિ, 3. શસ્ત્રશક્તિ અને 4. વિદ્યાશક્તિ. આ ચાર શક્તિઓ જો ધર્મ દ્વારા ઉત્પાદિત થશે તો પ્રજા સુખી થશે, સમૃદ્ધ થશે, સ્વરક્ષા કરનારી થશે અને સ્વમાનપૂર્વક જીવનારી થશે. પણ જો ધર્મ ચારે શક્તિનો વિરોધી થશે તો તે પ્રજાનો નાશ કરનારો ધર્માભાસ જ થશે. વર્ણભેદ, જાતિભેદ, જ્ઞાતિભેદ, કુળભેદ, સંપ્રદાયભેદ, વગેરે અસંખ્ય ભેદો કરીને પ્રજાની બાદબાકીનું સમર્થન કરનાર ધર્માભાસ કદી જનશક્તિ મેળવી નહીં શકે. આ દેશની ઓછી જનસંખ્યા ધરાવતા અલ્પસંખ્યકો પાસે જે જનશક્તિ છે તે વિશાળ બહુમતી ધરાવતા લોકો પાસે નથી, એટલે લોકો શક્તિહીન થઈને દબાયેલી વૃત્તિથી જીવે છે. આ તમામ મિથ્યા ભેદોને દૂર કરી પૂરી પ્રજાની એક સંગઠિત શક્તિ ઊભી ન થાય ત્યાં સુધી આપણે ધર્મને નહીં, ધર્માભાસને પામ્યા કહેવાઈએ.

આવું જ ધનશક્તિનું પણ છે. પૈસો એ પાપ નથી. નીતિ દ્વારા પણ તે કમાઈ શકાય. પૂરી પ્રજાને ધનધાન્યથી સમૃદ્ધ કરવી એ દોષ નથી, પાપ નથી, પણ જરૂરી છે. ઝૂંપડપટ્ટીઓ અને ચીંથરાની સંસ્કૃતિનો વિકાસ કાંઈ આધ્યાત્મિકતા નથી. ધર્મ પ્રજાની પ્રાથમિક આવશ્યકતાઓની તો ચિંતા કરે જ. પૈસાનો સ્થૂલ રીતે ત્યાગ કરીને પૈસાદારને પોતાના કરવા અનેક પ્રકારની યુક્તિ–પ્રયુક્તિઓ કરવી એના કરતાં પૈસાનો સ્વીકાર કરી, તેમાં મોહ–આસક્તિ રાખ્યા વિના લોકહિતનાં કાર્યો કરતા રહેવું તે હેતુલક્ષી અને સાચો ત્યાગ છે. સાચો ત્યાગ વસ્તુનો નહીં, વસ્તુ પ્રત્યેની આસક્તિનો હોય. મહાત્મા ગાંધી અને જનક જેવા અસંખ્ય મહાનુભાવો આજે પણ છે જેઓ મોહ રાખ્યા વિના કરોડોનો વહીવટ કરી હજારોનું ભલું કરે છે.

ધર્મથી ત્રીજી શક્તિનું ઉત્પાદન તે શસ્ત્રશક્તિ છે. પ્રત્યેક ધાર્મિક વ્યક્તિ સમય આવ્યે શસ્ત્રધારી યોદ્ધો થઈ શકે. ગામ લૂંટાતું હોય, અબળાઓનું શીલ લૂંટાતું હોય, આસુરી તત્ત્વો અત્યાચાર કરતાં હોય, ચારે તરફ ભય, ત્રાસ, જુલ્મ અને અન્યાયનું વાતાવરણ હોય ત્યારે માત્ર માળા ફેરવીને ઘરમાં પુરાઈ રહેવાનું નામ ધર્મ નથી, પણ શસ્ત્રધારી થઈને અન્યાયનો પ્રતિકાર કરવા ઘરેઘરથી નીકળી પડવાનું નામ ધર્મ છે. શૌર્ય વિનાની અહિંસા એ માત્ર કાયરતાને ઢાંકવાનો અંચળો– માત્ર છે, તેમ અન્યાયની સામે સબળ રીતે પ્રતિકાર કરવાની શક્તિ વિનાનો ધર્મ પણ વિડંબના–માત્ર છે. સિંહો જેટલી હિંસા પાળે છે તેટલી દેડકાં નથી પાળતાં. શસ્ત્રધારી (નખધારી) સિંહ ત્રણ કે ચાર દિવસે માત્ર એક જ પશુનો શિકાર કરે છે, જ્યારે દેડકાં રોજ સેંકડો જીવડાં હણે છે. શસ્ત્રત્યાગ–માત્રથી ધર્મ આવી જતો નથી, તેમ શસ્ત્રગ્રહણ–માત્રથી ધર્મ ભાગી જતો નથી. દુર્ભાગ્યવશ ભારતની પ્રજાને શસ્ત્રો પ્રત્યે ધાર્મિક રીતે અણગમો કરાવાયો છે, એટલે તે સદીઓથી શસ્ત્રધારીઓની ગુલામી વેઠતી આવી છે.

આપણે એ સમજવું પડશે કે શસ્ત્રોથી યુદ્ધો નથી થતાં, પણ શસ્ત્રો ન હોવાથી યુદ્ધો થાય છે. જો શસ્ત્રોથી યુદ્ધો થતાં હોત તો અમેરિકા–રશિયા ક્યારનાંય કેટલીય વાર લડી પડ્યાં હોત, પણ આ બન્ને નથી લડતાં, કારણ કે બન્ને પાસે શસ્ત્રો છે. ભારત ઉપર, ધર્મસ્થાનો ઉપર અને વ્યક્તિઓ ઉપર એટલા માટે વારંવાર આક્રમણ થતાં રહ્યાં છે તથા થાય છે કે આક્રમણ કરનાર (થોડા જ) માણસોને પણ ખબર છે કે સામેનો વર્ગ શસ્ત્ર વિનાનો છે. જો આક્રાન્તાને ખબર પડી જાય કે સામેનો વર્ગ ભરપૂર શસ્ત્રશક્તિથી સંપન્ન છે, તો આક્રમણ કરવાની કદી મૂર્ખામી કરશે નહીં, પણ માનો કે કદાચ તે મૂર્ખામી કરી બેસે તોપણ તેને યોગ્ય ઉત્તર આપી શકાશે. આ સજ્જડ ઉત્તર જ તે પછીના આક્રાન્તાઓને ડહાપણ આપનારો થશે. પ્રજાને ધાર્મિક રીતે શસ્ત્રવિમુખ બનાવવાથી તો પ્રજા શક્તિહીન થશે. પરલોક સુધારવા જતાં આ લોક તો ગુલામીમાં બદલાઈ જશે.

શ્રીરામ, કૃષ્ણ, પ્રતાપ, શિવાજી, વગેરે ધાર્મિક પુરુષો હતા. તેમની શક્તિએ રાવણ, કંસ, વગેરે આતતાયીઓના ઉત્પીડનથી પ્રજાને રક્ષણ આપ્યું.

માળા ફેરવવી, દાનપુણ્ય કરવાં, વ્રતજપ કરવાં એ તો મહત્ત્વનું ધર્મકાર્ય છે જ, પણ સૌથી વધુ પુણ્યનું અને મહત્ત્વનું કાર્ય છે પ્રજાને ગુંડાઓના ત્રાસથી છોડાવવાનું. જો ધર્મ આ કાર્ય નહીં કરી શકે તો તેવો ધર્મ ધર્માભાસ થઈને પ્રજાને કચડતી કરી મૂકશે. પોતાના મહોલ્લાને, પોતાના ગામને, પોતાના રાષ્ટ્રને અસામાજિક આસુરી તત્ત્વોથી મુક્ત કરવાનું જે કાર્ય કરે છે તે સૌથી મોટો પુણ્યાત્મા છે, તે જનરક્ષક છે, ધર્મરક્ષક છે અને ન્યાયરક્ષક છે. સીધી અથવા આડકતરી રીતે કાયરતાને પ્રોત્સાહન આપનાર પ્રજાની અને ધર્મની અધોગતિ જ કરાવશે.

ધર્મથી ચોથી શક્તિનું ઉત્પાદન તે વિદ્યાશક્તિ છે. વિદ્યાનાં દ્વાર સૌના માટે ખુલ્લાં હોવાં જોઈએ. જો ધર્મ મુઠ્ઠીભર માણસો માટે વિદ્યાનાં

દ્વાર ખુલ્લાં મૂકી બાકીની વિશાળ પ્રજા માટે બંધ કરી દેશે તો તેવો ધર્મ પ્રજાપીડક બની જશે. સૌને ભણવા દો, સૌને વિદ્વાન થવા દો, સૌને સુસભ્ય અને સંસ્કારી થવા દો, કારણ કે ધર્મ સૌના માટે છે. સૌના વિકાસમાં તેને માધ્યમ થવા દો.

ઉપર બતાવેલી ચાર શક્તિઓ ધર્મથી ઉત્પન્ન થાય, એટલું જ નહીં, ધર્મથી સંયોજિત પણ થાય, અર્થાત્ ચારે શક્તિઓ એકબીજીની પૂરક બને, વિઘાતક ન બને તો ધર્મ પ્રજા માટે, વ્યક્તિ માટે, રાષ્ટ્ર માટે અને વિશ્વ માટે કલ્યાણકારી સિદ્ધ થાય.

જો ધર્મ આ શક્તિઓનું ઉત્પાદન નહીં કરે તો એ કામ અધર્મ કરવા લાગશે, અર્થાત્ અધર્મથી આ ચારેય શક્તિઓ ઉત્પન્ન થશે. અધર્મથી ઉત્પન્ન થયેલી આ શક્તિઓ પ્રજાને દુઃખી–દુઃખી કરી નાખશે. પ્રજા લાચારીથી અત્યાચારો સહન કર્યા કરશે. આથી વધુ કયો અનર્થ હોય કે પ્રજા ધર્મનું પાલન કરીને સતત અત્યાચારનો શિકાર થયા કરે? મારા ધાર્મિક દૃષ્ટિકોણનું મૂળ લક્ષ્ય આ લોકના પ્રશ્નો છે. સ્વમાન, સુરક્ષા, સમૃદ્ધિ અને સંસ્કારથી ભરપૂર જીવન ધર્મ દ્વારા પ્રજાને મળવું જોઈએ. જો ધર્મ આ કાર્ય નહીં કરી શકે તો તે તેની નિષ્ફળતા જ કહેવાશે.

પ્રસ્તુત પુસ્તક કોઈ પ્રાચીન ધર્મગ્રંથ કે કોઈ પ્રાચીન વ્યક્તિવિશેષની પ્રત્યેક વાતને સિદ્ધ કરવા લખાયું નથી. પ્રાચીન ગ્રંથો યથાયોગ્ય આદરપૂર્વક માન્ય થવા જ જોઈએ. પ્રાચીન વિભૂતિઓ પણ તે જ રીતે માન્ય થવી જોઈએ–પણ વર્તમાનસંદર્ભો તથા પ્રાચીનકાળના કડવા–મીઠા અનુભવોને ધ્યાનમાં રાખીને ધર્મનાં જરૂરી પણ કર્મકાંડની તથા માન્યતાઓની રૂઢિઓમાં ઢંકાઈ ગયેલાં મહત્ત્વનાં પાસાં પણ ખુલ્લાં થવાં જોઈએ. ધર્મ અને ધર્માભાસનો ભેદ સ્પષ્ટ થવો જોઈએ. મારી સમજણ પ્રમાણે એ દિશામાં ભરાયેલું આ એક નાનુંસરખું પગલું–માત્ર છે. આશા છે કે સુજ્ઞ વિચારકોને ધર્મની બાબતમાં ફરીથી વિચારવાનું આ એક લઘુ નિમિત્ત બનશે. પ્રજા ધર્મ વિનાની તો રહી શકવાની નથી, તો હવે પ્રજાની આગળ એવો ધર્મ મૂકવામાં આવે જે તેને સુરક્ષા–સન્માન–સમૃદ્ધિ અને સુસંસ્કાર આપે, વ્યક્તિ તથા પ્રજાના મૂળભૂત પ્રશ્નોનો સચોટ અને હિતકારી ઉકેલ આપે અને સર્વતોભદ્ર કલ્યાણ આપે. મારા ચિંતનમાં ત્રુટિઓ હશે, રજૂઆતમાં દોષો પણ હશે તથા બીજી પણ અનેક ભૂલો હશે તોપણ મારી અલ્પતાને ઉદારતાથી ક્ષમા કરી વિદ્વાનો તથા ધર્મપુરુષો આ પુસ્તકના હાર્દને પોતાના આશીર્વાદ આપે એવી નમ્ર પ્રાર્થના.

પ્રિન્સિપાલ શ્રી એમ. સી. શાહે આગ્રહથી નવગુજરાત ટ્રસ્ટ દ્વારા થયેલી પ્રકાશનવ્યવસ્થા માટે આ પ્રથમ પુસ્તક લખી આપવા મને આગ્રહ કર્યો તેના પરિણામસ્વરૂપ આ પુસ્તક લખી શકાયું. જો તેઓનો આગ્રહ ન હોત તો કદાચ આ પુસ્તક લખી શકાયું ન હોત, એટલે પ્રેરણા આપવા બદલ તેઓનો તથા પ્રકાશન–સંસ્થાનો આભાર.

પ્રાધ્યાપક શ્રી ચિમનલાલ ત્રિવેદી ગળાબૂડ કાર્યમાં વ્યસ્ત રહેતા હોવા છતાં પણ આ પુસ્તકની ભાષાકીય શુદ્ધિ કરવાનું કાર્ય તેમણે કર્યું છે તે માટે તેઓનો જેટલો આભાર માનું તેટલો થોડો છે.

અંતમાં પ્રેરણાદાયી પરમેશ્વરનાં પાવન ચરણોમાં નતમસ્તક થઈ નમસ્કાર કરીને વિરમું છું.

**સ્વામી સચ્ચિદાનંદ**

તા. 4–4–87

શ્રી ભક્તિનિકેતન આશ્રમ

પો. બો. નં. 19

પેટલાદ–388 450

ઈ. 1998થી આ પુસ્તકના પુનર્મુદ્રણની જવાબદારી ગૂર્જર પ્રકાશને સ્વીકારી છે એ માટે એમનો આભારી છું–સ..

# સાચા ધર્મદર્શનની અંતરખોજ

સ્વામી સચ્ચિદાનંદજીનું 'ધર્મ' વિશેનું લખાણ હું વાંચતો હતો ત્યારે ધર્મવિચારણાની તેમની ગંગા વહેતી હતી તેના મૂલ સ્રોત—ગંગોત્રીનું મને સ્વાભાવિક જ સ્મરણ થયું. 'મારા અનુભવો' નામના તેમના પુસ્તકમાંનું તે ગંગોત્રીનું પ્રથમ ઝરણું મારી સામે તરી રહેતું મેં નિહાળ્યું: 'કાંચન-કામિનીના ત્યાગના વિચારોની પ્રબળતાએ હું ગુરુની શોધમાં અકિંચન થઈને ભટક્યો છું. આ રખડપટ્ટીમાં એક તરફ શારીરિક દુ:ખો સહેવાં પડતાં, તો બીજી તરફ અનુભવોનું ભાથું પણ મળતું. ત્રીજી તરફ ધાર્મિક જગતની વાસ્તવિકતાને નજીકથી જોવાની તક પણ મળતી. માત્ર મોક્ષની તાલાવેલીથી ગૃહત્યાગ કરેલો, પણ આજે મારા વિચારો બદલાયા છે. હવે મને મોક્ષની કશી જ ચિંતા નથી. મર્યા પછી જે થવું હોય તે થાય, પણ સૌથી વધુ ચિંતા વર્તમાન જીવનની થાય છે–મારા જીવનની નહીં, સમગ્ર હિન્દુ પ્રજાના જીવનની. મને તેનું ભવિષ્ય ઉજ્જ્વળ દેખાતું નથી, કારણ કે તેની ધર્મવ્યવસ્થા તથા સમાજ-વ્યવસ્થા અત્યંત ત્રુટિભરી છે."

'ધર્મ' વિશેની તેમની વિચારણાથી હું ખૂબ જ પ્રભાવિત થયો તેનું કારણ ધર્મ વિશેના મારા અનુભવો અને વિચારોમાં જ્યાંજ્યાં અસ્પષ્ટતા હતી તે એનાથી દૂર થઈ, એટલું જ નહીં, પણ ધર્મ વિષેની આંતરખોજ કરવાની પ્રેરક વિચારસામગ્રી મળી. સ્વામી સચ્ચિદાનંદની વિચારસરણીમાં પૃથક્કરણાત્મક નિરીક્ષણ, વિવેકપૂત મૂલગામી વિચારણા અને વૈજ્ઞાનિક પદ્ધતિએ વસ્તુને સમજવા-સમજાવવાની અનોખી દૃષ્ટિ મુખ્યત્વે દીસી આવે છે. શુદ્ધ ધર્મની વિચારગંગાનું સમાજભૂમિ ઉપર અવતરણ થાય તે માટેનો તેમનો ભગીરથ પુરુષાર્થ સાત્ત્વિક આનંદ અર્પે છે. માત્ર તાત્ત્વિક વાતો તેઓ કરતા નથી, વાસ્તવિક જગતમાં જે બન્યું છે કે બનતું હોય છે તેનાં ઉદાહરણો આપીને સમજાવવાની તેમની આગવી કથનકલા આપણા ઉપર પ્રભાવ પાડે છે.

પ્રાચીન ધર્મતત્ત્વવેત્તાએ કહ્યું છે : धर्मस्य तत्त्वं निहितं गुहायाम् તેની ઝાંખી સ્વામી સચ્ચિદાનંદજીનાં લખાણો અને પ્રવચનોમાં થાય છે. ધર્મનું તત્ત્વ (અંતરની) ગુફામાં પડ્યું છે. તેનું દર્શન કરવા માટે ઇન્દ્રિયોના બાહ્ય આવરણથી દૂર જઈ અંતરની ગુફામાં જવું પડે છે–ઊતરવું પડે છે. પછી હળવેહળવે અંત:ચક્ષુ ઊઘડે છે. પણ એ ધર્મદર્શન કરવા જવાનો માર્ગ વિકટ અને કપરો છે. સ્વામી સચ્ચિદાનંદજી એ દર્શન કરવા જાય છે ત્યારે અને અંતરની ઊંડી ગુફામાં નીચે પ્રયાણ કરે છે ત્યારે અંધકારમાં બરાબર જોઈ શકાય તે માટે दृष्टिपूतं न्यसेत पादम्ને લક્ષમાં રાખીને પ્રવેશમાર્ગના પ્રારંભથી ખાસ ધ્યાન રાખે છે. આગળ જતાંજતાં ઉપરની ભેખડ સાથે માથું ન અથડાય, નીચે જોતાં પગ લપસી ન પડે અને અંધકારગ્રસ્ત માર્ગે જતાં ઝાડીઝાંખરાં, અણીદાર કાંકરા, કાંટા, વગેરે ન વાગે તે વિશે જાગ્રત હોય છે. આવી કપરી સાધના અને તપશ્ચર્યા કરીને કેવી રીતે પ્રયાણ કરે છે તેનો ખ્યાલ તેમનાં પુસ્તકોમાંથી આવે છે. છેવટે 'ધર્મ'નું દર્શન કેવી રીતે કરે છે તેની ફળશ્રુતિ સાંભળવા મળે છે.

પ્રારંભમાં જ સ્વામી સચ્ચિદાનંદજી મર્મસૂચક રીતે કહે છે:

'ધર્મ એટલે વ્યક્તિની અંદર રહેલા સદ્‌ગુણોને વિકસિત કરી પ્રગટ કરી આપવાની પ્રક્રિયા... સદ્‌ગુણોને ખીલવવા થનારી તમામ ક્રિયાઓ–પછી તે શારીરિક હોય કે માનસિક–તેનું નામ ધર્મ.'

પછી વૈજ્ઞાનિક તથ્યનું સ્પષ્ટીકરણ કરતાં તેમણે કહ્યું છે કે જાતિ અને જ્ઞાતિનો ભેદ સમજી લેવો જોઈએ. આનુવંશિક ગુણલક્ષણોને જાતિ કહેવાય, પણ માનવસર્જિત ભેદ અથવા વર્ણને જ્ઞાતિ કહેવાય. તેનું વિવરણ કરતાં તેમણે કહ્યું છે:

'જેમ જ્ઞાતિ એ પ્રાકૃતિક નથી, પણ માનવસર્જિત છે તેમ વર્ણ પણ પ્રાકૃતિક નથી (બ્રાહ્મણ-ક્ષત્રિય, વગેરે) પણ માનવસર્જિત છે. માનવજાતિઓનું અસ્તિત્વ વિશ્વભરમાં છે, જ્ઞાતિ તથા વર્ણનું અસ્તિત્વ વિશ્વભરમાં નથી. स्थापित हितो द्वारा मानवजात उपर स्थापेली आ अमानवीय व्यवस्था भारत जेवा गण्यागांठ्या देशोमां ज जोवा मळे छे.''

ઉપરના વિચાર વિશે સહજ ચિંતન કરતાં ગીતામાં એ વિશે કહ્યું છે તેનું આપોઆપ સ્મરણ થયા વિના રહેતું નથી. चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागश:નું વિવરણ જ ઉપર્યુક્ત વિચારણામાં પ્રતિબિંબિત થાય છે.

પ્રારંભમાં સંક્ષેપમાં આટલું કહ્યા પછી તેમણે વિવેકપૂત અને તર્કસંગત તાત્ત્વિક વિચારણા સરળતાથી સમજાય તેવી રીતે કહ્યું છે:

'...સત્યનું આચરણ નથી કરી શકાતું, તેમાં માત્ર સત્યનું કપરાપણું જ કારણ નથી...પણ તેનાં મૂળ કારણો માનવસર્જિત વાતાવરણ છે.

પશુઓ અસત્ય નથી બોલતાં કે નથી વર્તતાં, કારણ કે તેઓ દંભી વાતાવરણથી મુક્ત હોય છે... આપણે તે રીતે મુક્ત થઈ જવું જોઈએ એવું મારું કથન નથી, પણ આ બધું મેળવવા અથવા સાચવવા દંભ કરવો પડે છે તેથી મુક્ત થવું જોઈએ.'

આવું કહ્યા પછી માનવસર્જિત વાતાવરણ કેમ નિર્માણ પામતું હોય છે તેનું સુંદર રીતે સદૃષ્ટાંત આલેખન તેમણે કર્યું છે. એ વાતાવરણ સર્જાવનારાં ચાર તત્ત્વો હોય છેઃ (1) રાજનેતા, (2) ધર્મનેતા, (3) સમાજનેતા અને (4) જ્ઞાનનેતા. આ નેતાઓનો પ્રભાવ લોકો ઉપર પડે છે અને આચરણ એ રીતે થતું હોય છે. ઉચ્ચ આદર્શોને વાસ્તવિક ધરતી ઉપર ઉતારીએ ત્યારે તેની મર્યાદાઓ કઈ રીતે છતી થાય છે તેનાં વ્યાવહારિક ઉદાહરણો આપણને યથાર્થ રીતે તેઓ સમજાવે છે. ત્યારે પણ આપણને ગીતાકથિત સત્યનું સ્મરણ થયા વિના રહેતું નથી :

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जन।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते।।

શ્રેષ્ઠ લોકો કરે જે–જે, તે જ અન્ય જનો કરે,
તે જેને માન્યતા આપે, તે રીતે લોક વર્તતા.

આ બધાના પરિણામરૂપે સમાજના સંસ્કૃતિજન્ય વાતાવરણની તેઓ સમીક્ષા કરે છે. તેમનું મંતવ્ય આપણને વિચારજાગ્રત કરે છે, આપણાં ધર્મચક્ષુઓ વિશદ બનાવે છે. તેમણે લખ્યું છેઃ

'ભારતીય સંસ્કૃતિને વર્ણવાદી માનવામાં આવે તો પ્રશ્ન થાય કે આવી સંસ્કૃતિ શું સર્વહિતકારી છે? આ દેશની વિશાળ પ્રજા–શૂદ્ર, મહાશૂદ્ર, અસ્પૃશ્ય પ્રજા અને સ્ત્રીઓ ને શું મળ્યું? ધાર્મિક તથા સામાજિક ક્ષેત્રમાં અધિકારહીન આ પ્રજા શૈક્ષણિક તથા આર્થિક ક્ષેત્રોમાં પણ કંગાળ જ બની. અપમાન, તિરસ્કાર અને લાચારીમાં અટવાતી આ વિશાળ પ્રજાનું હિત સંસ્કૃતિમાં જોવાયું દેખાતું નથી. મુઠ્ઠીભર પ્રજા ભલે પોતાનો જયજયકાર કરીને રાજી થાય, પણ વિશાળ પ્રજાને જયજયકાર કરવા જેવું શું છે? આ ખૂણેથી દેખાતી સંસ્કૃતિ પેલા ખૂણેથી પણ ભવ્ય દેખાવી જોઈએ. एकवर्णहितकारितानी जग्याए जो समान भावथी सर्वहितकारिता स्थपाई होत तो धर्मान्तरनो भय न रह्यो होत...'

આમ કહ્યા પછી સમાજ પણ પોતાની અંતરખોજ કરે તે માટેની વિચારસામગ્રી તેમણે પ્રેરણાત્મક રીતે રજૂ કરી છે. સમાજગંગાનાં પ્રદૂષિત થયેલાં ગંગાજળ તરફ તેઓ બધાંનું લક્ષ ખેંચે છેઃ

'સંસ્કૃતિની ગળથૂથીમાં પ્રામાણિકતા અપાય છે? જો હા, તો આપણે આટલા બધા અપ્રામાણિક કેમ છીએ? દેવમંદિરથી માંડીને શિક્ષણમંદિરો સુધી બધે જ ભ્રષ્ટાચારનો ભોરિંગ ફૂંફાડા મારી રહ્યો છે. આપણી પ્રચંડ આસ્તિકતા હોવા છતાં આપણી અપ્રામાણિકતા આટલી બધી કેમ છે? अप्रामाणिकता तथा धामिर्कता बंने जाणे सगी बहेनो थई गई होय तेम गरबे घूमी रही छे. એક તરફ અપ્રામાણિકતા તો બીજી તરફ અશૂરવીરતા પણ આપણને વામન બનાવી રહી છે. છ ટકા ક્ષત્રિયોને શૂરવીરતા અર્પીને ચોરાણું ટકા પ્રજાને શૂરવીરતા વિનાની બનાવનાર વ્યવસ્થાને ઉત્તમ ન કહેવાય... આ દેશ ઉપર ધાડાં લઈને આક્રમણ કરનાર આપણી દુર્બળતાને સારી રીતે જાણી ગયા કે આપણે પૂરી પ્રજા સાથે લડવાનું છે જ નહીં. લડનારી તો માત્ર છ ટકા જ પ્રજા છે. તેમાં ત્રણ ટકા સ્ત્રીઓ, બાકીની પ્રજામાં વૃદ્ધો, બાળકો, રોગીઓ, વગેરેને બાદ કરતાં એકાદ ટકા જેટલી જ પ્રજા યુદ્ધ કરવાની શક્તિ ધરાવે છે. તે પણ પરસ્પર વિદ્વેષ કરતી હોવાથી સંપીને લડી શકતી નથી...'

આનો અર્થ એ થયો કે સાચા ધર્મનું–વ્યક્તિગત, સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દૃષ્ટિથી–દર્શન કરવા માટે આપણે ભૂતકાળમાં નજર રાખીને તટસ્થ દૃષ્ટિએ સમગ્ર ઇતિહાસ તરફ સૂક્ષ્મ નજરથી જોવું–સમજવું જોઈએ. ભૂતકાળમાંથી યુગોનો સારગર્ભ તારવીને, વર્તમાનયુગને સમજીને ભવિષ્યને અજવાળે તેવા માર્ગને જોવાની કલ્પનાશક્તિ પણ વિવેકબુદ્ધિની સાથે કેળવાય તેમ આપણે કરવું જરૂરી છે. આના અનુલક્ષમાં તેમણે વેધક રીતે આપણી સંસ્કૃતિ વિશે કહ્યું છે તે સહુએ યાદ રાખવા જેવું છેઃ

'કોઈના સ્પર્શથી મુસ્લિમ, શીખ કે ખ્રિસ્તી, વગેરે અભડાતા નથી. આપણે આપણાં જ અંગથી અભડાઈએ છીએ. આવી પદ્ધતિથી આપણને તથા ન અભડાતી મુસ્લિમ વગેરે કોમોને શો લાભ તથા શી હાનિ થઈ તેનો વિચાર કરો... જરા વિચારો.'

આ વિચારોના સમર્થનમાં સ્વામી સચ્ચિદાનંદજીએ આપેલી ઐતિહાસિક ઘટનાઓનો વિચાર કરીએ તો આપણું માથું શરમથી નીચે ઝૂકી

પડે છે. આપણી પરદેશી ગુલામીની જંજીરોનું નિર્માણ આપણાથી જ થયું છે! કોને દોષ દઈએ? તેમની વિચારણામાં રાષ્ટ્રપ્રેમ અને ધર્મપ્રેમનો સંવાદ રહ્યો છે તે લક્ષમાં રાખવા જેવું છે. ઉપરના ચિત્રમાં આજના આપણા રાષ્ટ્રજીવનમાં અને સમાજજીવનમાં જે થઈ રહ્યું છે તેનું સુરેખ તથા વિષાદભર્યું આલેખન આપણને સહુને વિચાર કરતા કરે તેવું છે. તેવું જ વેધક અને તીવ્ર ચિત્ર આપણા વિદ્યાક્ષેત્રનું છે તે કેવું મર્મસૂચક છે–કેવું ભયંકર છે!

'...આપણા વિદ્યાસાધકોને ઋષિ કહીને પૂર્ણ માન્યા. આ પૂર્ણતાના આરોપે આગળનો વિદ્યાવિકાસ અટકાવી દીધો, જ્યારે પેલાએ (પશ્ચિમી દેશોએ) તેમને તત્ત્વચિંતકો માન્યા, પૂર્ણ નહીં, એટલે ઉત્તરવર્તી કાળમાં વિદ્યાનો ઉમેરો થતો ગયો. વિદ્યાનો સુધારો કે ઉમેરો એ દોષ નહીં પણ જીવંત પ્રજાની ચેતના જ કહેવાય. અટકી જવું એ ચેતના નથી. આપણે અટકી ગયા. ભૂતકાળના વિદ્યાસાધકો ઉપર પૂર્ણતાનો અધ્યારોપ કરીને કૃતકૃત્ય થઈ ગયા, એટલે આજે પણ જીવનપ્રશ્નોનું સમાધાન બેત્રણ હજાર વર્ષ જૂના ગ્રંથોમાંથી કરવા પ્રયત્ન કરીએ છીએ, કારણ કે પૂર્ણતાની છબી પ્રાચીનતામાં જ આપણને દેખાય છે. ગતિશીલ પ્રજા માટે આ શુભ લક્ષણ નથી. પ્રાચીનતામાં પણ ડોકિયું કરીશું તો એક સાથે બે દશ્યો જોવા મળશે. ઉત્તુંગ શિખરોવાળો ભવ્ય હિમાલય, જેના શિખર ઉપર તો સૂર્યનો પૂરો પ્રકાશ ચમકી રહ્યો છે, પણ નીચેની તળેટીમાં ગાઢ અંધકાર છે.

આપણી વર્ણવ્યવસ્થાથી સંસ્કૃતિના શિખર ઉપર બેઠેલા બ્રાહ્મણો તો વિદ્યાથી ચમકી રહ્યા છે, પણ પછી શું? સત્તાણું ટકા પ્રજાની વિદ્વત્તા ક્યાં રહી? કુલ વસ્તીના પચાસ ટકા સ્ત્રીઓ તથા સિત્તેર ટકા શૂદ્રોની વિદ્યાસ્થિતિ માટે વિચાર કર્યો? કેટલા એકલવ્યો દ્રોણના દરવાજેથી પાછા ફર્યા હશે તેનું ગણિત ગણ્યું? એક વાર એકલવ્ય થઈને સંસ્કૃતિનો વિચાર કરો, વેદનાથી હૃદય ભરાઈ જશે.'

ખરું જોતાં આજે આપણા પ્રજાસત્તાક દેશમાં છિન્નભિન્નતાજનક સમાજસંઘર્ષ થઈ રહ્યો છે. અંદરઅંદર દ્વેષ અને કજિયા આપણો વિનાશ કરે તેવી પરિસ્થિતિ જન્મી છે તેનું મૂળ બીજ સ્વામી સચ્ચિદાનંદજીની ઉપર્યુક્ત વિચારણામાંથી આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ. આજે લોકશાહીમાં કેવી વિડંબના ચાલી રહી છે અને સત્તાધારીઓ સત્તા ટકાવવા શું–શું કરી રહ્યા છે તે સમજવાની ચાવી આ વિચારધારામાંથી આપણને મળે છે. આના સંદર્ભમાં તેમણે જે પ્રશ્નો આપણી પાસે રજૂ કર્યા છે તેનો વિચાર કરવો ઘટે છેઃ

'હિન્દુ પ્રજામાંથી બૌદ્ધ પ્રજાને બાદ કરીએ તો બાકીની જૈન સમેતની બધી હિન્દુ પ્રજા વ્યાપક કેમ ન થઈ શકી? હા, બૌદ્ધો વિશ્વભરમાં લગભગ ફેલાઈ શક્યા તથા સ્થિર થઈ શક્યા, પણ હિંદુ તથા જૈન કેમ ફેલાઈ ન શક્યા? આપણે સિકંદર, નેપોલિયન, નેલસન, વગેરે જેવા સાહસિક, શૂરવીર, મહત્ત્વાકાંક્ષી યોદ્ધાઓ કેમ ન પકવી શક્યા?'

સંસ્કૃતિ વિશે આ બધું કહીને–ધર્મ, સમાજ, રાષ્ટ્ર વિશે–તેની ફલશ્રુતિરૂપે કહ્યું છે તે કેટલું ભાવનામય અને હૃદયસ્પર્શી છે!

'સંસ્કૃતિ સર્વહિતકારી હોવી જોઈએ, માત્ર વર્ણ કે વર્ગહિતકારી નહીં. મંગલમયી સંસ્કૃતિ દયાળુ માતાની માફક સૌ બાળકોને વહાલ અને દૂધ આપે.'

ધર્મ વિશેની વિશુદ્ધ તાત્ત્વિક અને વાસ્તવિક વિચારણાના નવનીતરૂપે તેમણે કહ્યું છે કે તેમાંથી સત્ય ધર્મદર્શનનો રસ્તો સ્પષ્ટ દેખાઈ આવશેઃ

માનવના અસ્તિત્વની સાથે જ તેમાં પ્રગટેલો 'માનવતા ધર્મ.' 'મૂળ ધર્મ.''

આવા સત્ય ધર્મદર્શનના માર્ગે જતાં સંપ્રદાય, અંધશ્રદ્ધા અને ભક્તિ, પ્રાચીન રૂઢિઓ, માન્યતાઓ અને વહેમો, વગેરે કેવી રીતે અંતરાયરૂપ બનીને ગેરરસ્તે દોરે છે તેનાં વાસ્તવિક પ્રસંગચિત્રો સ્વામી સચ્ચિદાનંદજીએ આપ્યાં છે. આમ કરીને આ પુસ્તક દ્વારા તેમણે ગુજરાતી શિક્ષિત સમાજની અત્યારે અનન્ય સેવા કરી છે. તેમના ઉપર ધર્મસુધારણાના ક્રાન્તિકારક ઝંડાધારી સ્વામી દયાનંદ સરસ્વતી, નિઃસ્પૃહતા અને ત્યાગનો મહિમા દર્શાવનાર માનવધર્મી રામકૃષ્ણ પરમહંસ અને દરિદ્રનારાયણની સેવાની પ્રવૃત્તિઓ વ્યવસ્થિત કરી પ્રજાની ઉન્નતિનો રસ્તો દર્શાવનાર સ્વામી વિવેકાનંદનો વિશેષ પ્રભાવ સ્પષ્ટ દેખાઈ આવે છે. તેમની માનવહિતકારી પ્રવૃત્તિઓ માટેની ઝુંબેશ સતત ચાલી જ રહી છે, કલ્યાણકારી માર્ગ તેઓ દર્શાવી રહ્યા છે. આ પુસ્તક આ દૃષ્ટિએ આપણી પ્રજાની અમૂલ્ય સંપત્તિ છે.

અમૃતલાલ યાજ્ઞિક

30 માર્ચ, 1987

11, મધુવન સોસાયટી

સાન્તાક્રુઝ, મુંબઈ 400 054

# 1. ગુણવિકાસધર્મ

ધર્મ એટલે વ્યક્તિની અંદર રહેલા સદ્‌ગુણોને વિકસિત કરી પ્રગટ કરવાની પ્રક્રિયા.

અધર્મ એટલે વ્યક્તિની અંદર બેઠેલા દુર્ગુણોને વિકસિત કરીને પ્રગટ કરી આપનારી પ્રક્રિયા.

ધર્મ એટલે જીવન–સાધના.

અને જીવન–સાધના એટલે જીવનનો વિકાસ.

જીવનનો વિકાસ સદ્‌ગુણોને ખીલવ્યા વિના કદી શક્ય ન બને. સદ્‌ગુણોને ખીલવવા થનારી તમામ ક્રિયાઓ–પછી તે શારીરિક હોય કે માનસિક–તેનું નામ ધર્મ.

વ્યક્તિમાત્રની અંદર સદ્‌ગુણો તથા દુર્ગુણોનાં બીજ હોય જ છે. કેટલાકમાં સદ્‌ગુણોનાં બીજ વધારે હોય છે, તો કેટલાકમાં દુર્ગુણોનાં. આ ન્યૂનાધિકતાથી 'સ્વભાવ' અથવા 'પ્રકૃતિ' ઘડાય છે. સ્વભાવ અથવા પ્રકૃતિથી વ્યક્તિનું વ્યક્તિત્વ નિર્મિત થતું હોય છે. પ્રકૃતિથી પકડાયેલો જીવ કર્મક્ષેત્રનાં લગભગ નિર્ધારિત' માર્ગે જીવન જીવતો હોય છે. 'લગભગ' અને 'નિર્ધારિત' શબ્દો એટલા માટે વાપર્યા છે કે પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ જીવ ખાસ કાંઈ કરી શકતો નથી એટલે 'નિર્ધારિત' શબ્દ મૂક્યો છે, પણ પ્રકૃતિની મર્યાદારેખાની ઉપર અથવા નીચે તે થોડું ચડી શકે છે તથા થોડું ઊતરી પણ શકે છે. થોડું ચડવું એટલે ધર્મ–સાધના દ્વારા ઊર્ધ્વીકરણ પ્રાપ્ત કરવું, નીચે ઊતરવું એટલે અધર્મ દ્વારા પતન થવું. આટલા અંશમાં વ્યક્તિનો પુરુષાર્થ પરિણામશાલી થઈ શકે છે એટલે ધર્મને જીવન–સાધના કહ્યો છે.

પશુઓ માણસની માફક આવી સાધના નથી કરી શકતાં. તેમનું પતન હોતું નથી, એટલે ઊર્ધ્વીકરણનો પણ પ્રશ્ન રહેતો નથી. છતાં પણ તેઓ પ્રકૃતિ અથવા સ્વભાવથી મુક્ત નથી હોતાં. તેમનો પણ સૌનો પોતપોતાનો સ્વભાવ હોય જ છે. ગાયો–કૂતરાં વગેરે પાળનારા સારી રીતે જાણે છે કે પ્રત્યેક પશુનો પોતાનો આગવો સ્વભાવ હોય જ છે. આ સ્વભાવમાં આનુવંશિકતા મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે, પણ તે સિવાય પણ બીજાં કારણો હોય છે. પશુઓમાં જેમ આનુવંશિક ગુણો પેઢી–દર–પેઢી ઊતરી આવતા હોય છે, તેમ માણસોમાં પણ આવા ગુણો ઊતરી આવતા હોય છે. આવા નિશ્ચિત ગુણોની વિશેષતા ધરાવનાર વર્ગની નિશ્ચિત જાતિ બનતી હોય છે (જ્ઞાતિ અથવા વર્ણ નહીં) 'જેમ કે અશ્વોમાં માણકી, તાજણ, રેમી વગેરે; ગાયોમાં ગીર, કાંકરેજી, નાગોરી, જરસી વગેરે; શ્વાનોમાં અલ્શેસિયન, ડોબરમૅન વગેરે; અનાજોમાં ભાલિયા, વાજિયા, ટુકડી ઘઉં તથા બાસમતી, જીરાસર' વગેરે ચોખા.

વિશ્વની લગભગ તમામેતમામ વર્ગનિષ્ઠ વસ્તુઓ આવી રીતે કુદરતી વિશેષ ગુણો ધરાવતી હોવાથી તેને જાતિ કહેવાય છે. દરજી, સુથાર, વાણિયા, બ્રાહ્મણ, વગેરે જાતિ નથી પણ જ્ઞાતિ છે, કારણ કે એકબીજાથી જુદા પાડનારા પ્રાકૃતિક વિશેષ ગુણો તેમાં નથી, જે વિશેષતા દેખાય છે તે પ્રાકૃતિક નહીં પણ ધંધાકીય પરિસ્થિતિના કારણે આવેલી છે. એક દરજી જો બે પેઢી વ્યાપારનું કામ કરે તો તેનામાં શેઠપણાની વિશેષતા આવી જશે. એક જ પિતાના બે પુત્રોમાંથી એક પટાવાળો થાય અને બીજો પ્રોફેસર કે વકીલ થાય તો બન્નેમાં જે ગુણભેદ આવશે તે પ્રાકૃતિક નહીં પણ ધંધાકીય પરિસ્થિતિના કારણે આવશે, એટલે જાતિ તથા જ્ઞાતિ બન્નેના ભેદને ધ્યાનમાં રાખવો જરૂરી છે. જાતિ પ્રાકૃતિક હોય છે, જ્યારે જ્ઞાતિ માનવસર્જિત હોય છે. આ જ કારણસર જ્ઞાતિપ્રથા નષ્ટ કરી શકાય છે, કારણકે એનો નિર્માતા માણસ પોતે જ હતો, પણ વ્યક્તિઓના અસ્તિત્વને રહેવા દઈને જાતિપણું નષ્ટ કરી શકાતું નથી. હા, જાતિમાત્રનો હિંસા દ્વારા ઉચ્છેદ કરી શકાય છે. ઘણી વિજયી પ્રજાએ પરાજિત જાતિઓ માટે આવું કર્યું હોવાનું આપણે જાણીએ છીએ.

જેમ જ્ઞાતિ પ્રાકૃતિક નથી પણ માનવસર્જિત છે, તેમ વર્ણ પણ પ્રાકૃતિક નથી (બ્રાહ્મણ–ક્ષત્રિયાદિ ચાતુર્વર્ણ્ય) પણ માનવસર્જિત છે.

જાતિઓનું અસ્તિત્વ વિશ્વભરમાં છે. જ્ઞાતિઓ તથા વર્ણનું અસ્તિત્વ વિશ્વભરમાં નથી. સ્થાપિત હિતો દ્વારા માનવજાત ઉપર સ્થાપેલી આ અમાનવીય વ્યવસ્થા ભારત જેવા ગણ્યાગાંઠ્યા દેશોમાં જ જોવા મળે છે.

આપણે મૂળ વાત ઉપર આવીએ. પ્રત્યેક જાતિમાં ઊતરી આવેલા તેના આનુવંશિક વિશેષ ગુણો હોવા છતાં પણ અન્ય સામાન્ય ગુણોની ન્યૂનાધિકતા રહેતી હોવાથી એક જ જાતિના બધા જ માણસોની સમાન પ્રકૃતિ નથી હોતી. ઉદારતા, પ્રામાણિકતા, વગેરે સામાન્ય ગુણોની

ન્યૂનાધિકતા હોવાથી એક જ જાતિના માણસોની પ્રકૃતિ સરખી નથી હોતી. આ ગુણવિષમતાથી વ્યક્તિના વ્યક્તિત્વનો ભેદ થઈ જાય છે. આવા સામાન્ય ગુણોની સંખ્યા નિર્ધારિત કરવી કઠિન છે. વ્યક્તિને તથા સમાજને શ્રેષ્ઠતા આપનાર તત્ત્વ તે સદ્‌ગુણ જ છે.

સદ્‌ગુણ તથા દુર્ગુણ બન્ને અત્યંત વિરોધી તથા ભિન્ન દેખાતા હોવા છતાં મૂળમાં એક જ તત્ત્વ છે. નિશ્ચિત સીમાથી જમણા હાથ તરફ એ તત્ત્વ વળે તો ગુણ થાય પણ ડાબા હાથ તરફ એ જ તત્ત્વ વળે તો દોષ થઈ જાય. એક જ તત્ત્વ જુદાજુદા માર્ગે વળવાથી ગુણ–દોષનો આકાર ધારણ કરી લે છે તે મુદ્દો સમજવા જેવો છે.

કોઈ પણ એક ગુણને ઉદાહરણ તરીકે લઈ લો. જેમ કે ‘ઉદારતા.’ હવે તેને જમણા હાથ તરફ આગળ ખસેડો એટલે તે વધુ ને વધુ દેદીપ્યમાન થતો જશે. કર્ણની માફક વ્યક્તિ તેનાથી દીપી ઊઠશે. પણ એ જ ઉદારતાને ડાબા હાથ તરફ ખસેડો. ઉદારતા ઉડાઉપણામાં બદલાઈને દોષ–અરે, ભયંકર દોષ થઈ જશે. આવું જ બાકીનાં તત્ત્વો માટે પણ કહી શકાય.

એવી તારવણી કાઢી શકાય કે આપણી સૌની પાસે મૂળ ગુણતત્ત્વો છે જ, તેમાંથી કેટલાંક જમણી તરફ ગુણ થઈને આપણને સુખી તથા દિવ્ય બનાવી રહ્યાં છે, તો કેટલાંક ડાબા હાથ તરફ જઈને આપણને દુઃખી તથા મ્લાન બનાવી રહ્યાં છે.

આ ગુણતત્ત્વો માટે એક નિશ્ચિત કેન્દ્રબિન્દુ માનવામાં આવે તો એમ કહી શકાય કે ડાબો હાથ એટલે ઢાળ અને જમણો હાથ એટલે ચડાવ. ઢાળ ઉપર ઢળવું એ સાધના નહીં પણ પતન છે, જ્યારે ચડાવ ઉપર ચડવું એ સાધના છે. આવી ગુણવિકાસની સાધના કરવામાં જે પ્રેરક, પ્રવર્તક, પોષક તથા રક્ષક બને તેને ધર્મ કહેવાય. આવો ધર્મ તે મનુષ્યપ્રવર્તિત નહીં પણ સ્વયંભૂ પ્રાકૃતિક હોવાથી તેને સનાતન ધર્મ પણ કહી શકાય.

હિન્દુ, જૈન તથા બૌદ્ધ ધર્મશાસ્ત્રોમાં ધર્મ શબ્દને વિશેષણરહિત વાપર્યો છે જેમ કે ‘ધર્મો રક્ષતિ રક્ષિતઃ’. ‘યદા યદા હિ ધર્મસ્ય’, ‘યતો ધર્મસ્તતો જયઃ’ વગેરે. આવું જ જૈન સાધુઓ ‘ધર્મલાભ’ના આશીર્વાદ શ્રાવકને આપે છે ત્યારે ‘જૈન–ધર્મ–લાભ’ એવું નથી બોલતા. ‘ધમ્મં શરણં ગચ્છામિ’માં ધર્મને શરણે જવાનું કહ્યું છે, બૌદ્ધ ધર્મને શરણે એમ કહ્યું નથી.

ધર્મ જ્યારે સંપ્રદાયનું રૂપ ધારણ કરે ત્યારે તેમાં અધ્યાહૃત વિશેષણો આવી જતાં હોય છે, જેમ કે ધર્મ શબ્દનો અર્થ એક હિન્દુ ‘હિન્દુ ધર્મ’ એવો કરે, જૈન ‘જૈન ધર્મ’ તથા બૌદ્ધ ‘બોદ્ધ ધર્મ’ એવો કરે, પણ આવો અર્થ મનમાં પડેલા સંસ્કારોથી અધ્યાહૃત થઈ જતો હોય છે. બસ, અહીંથી માનવજાત વચ્ચેની દીવાલો ચણાવી શરૂ થઈ જતી હોય છે. મૂળ મનીષીઓ પણ જો આવો અધ્યાહાર રાખતા હોત તો તેમણે પણ ધર્મ શબ્દ આગળ બહુ મોટાંમોટાં વિશેષણો જોડી દીધાં હોત. મૂળ ધર્મ એક જ હોવા છતાં તેમાં અસંખ્ય સંપ્રદાયો તથા વિવિધ સંસ્કૃતિઓ કેવી રીતે પ્રસ્ફુટિત થઈ જાય છે તેની ચર્ચા પછી કરીશું. અત્યારે તો એટલું જ કહેવાનું છે કે વ્યક્તિમાં રહેલા સદ્‌ગુણોના વિકાસનું નામ ધર્મ છે. થોડો ફેરફાર કરીને એમ પણ કહી શકાય કે જેના આચરણથી વ્યક્તિના સદ્‌ગુણો વિકસિત ન થતા હોય તે ધર્મ છે જ નહીં. જો આ વાત દૃઢ થઈ જાય તો કોઈની ધાર્મિકતાનું માપ તેનાં વર્ણ, વેશ, ટીલાંટપકાં કે અન્ય બાહ્યાચારથી નહીં પણ તેના સદ્‌ગુણો ઉપરથી કાઢી શકાય.

સદ્‌ગુણો વિના પણ કોઈ વ્યક્તિ ધાર્મિકતાનાં શિખર સર કરી પૂજ્ય થઈ જાય તો તેની પૂજા કરનાર પ્રજા પતનના રસાતળમાં પાયમાલ થઈ જાય. જ્યારે–જ્યારે પણ કોઈ પૂરી પ્રજા પાયમાલ થઈ છે ત્યારે તેના મૂળમાં ગુણપૂજાનો હ્રાસ તથા ગુણહીન વેશ, વંશ તથા વર્ણપૂજાની આંધળી જોહુકમી કારણ બની છે.

અધર્મ સ્પષ્ટ રીતે અધર્મ થઈને સામો આવે તો તે એટલો ભયંકર નથી હોતો, પણ અધર્મ સૌથી ભયંકર ત્યારે થઈ જતો હોય છે જ્યારે ધર્મનો મુગટ પહેરીને, ઠાવકું મોઢું રાખીને સામે આવતો હોય છે. પેલા સ્પષ્ટ અધર્મને જોઈને જ માણસો દૂર ખસી જતા હોય છે, તેનાથી સાવધાન થઈ જતા હોય છે, પણ આ ધર્મમુગટ પહેરેલા અધર્મને જોઈને તો પ્રજા પગમાં પડવા, ચરણરજ લેવા, આળોટવા, એંઠું ખાવા, પગ ધોઈને પીવા, આરતી ઉતારવા–અરે, સર્વસ્વ ન્યોછાવર કરવા પડાપડી કરતી હોય છે. તેને કૂવામાં ધકેલવી નથી પડતી, તે પોતે જ કૂદી પડવાને સદ્‌ભાગ્ય માનીને કૂદી પડતી હોય છે. આ રીતે પ્રજા રસાતળમાં પહોંચતી હોય છે. ગુણોના ઉત્કર્ષમાં ધર્મનાં દર્શન ન કરતાં વર્ણમાં, વંશમાં કે વેશમાત્રમાં ધર્મનાં દર્શન કરનારની આવી દશા ન થાય તો બીજી શી થાય?

*

## 2. 'સત્યેન જાયતે ધર્મઃ'

પ્રાચીન ચિંતનકારોએ ધર્મ સંબંધી ગુરુ–શિષ્યના ઉત્તરપ્રત્યુત્તરના રૂપમાં એક સુંદર કોષ્ટક આપ્યું છે, શિષ્યના ચાર પ્રશ્નોનું ગુરુએ ચાર ઉત્તરો દ્વારા સમાધાન કર્યું છે. પ્રશ્નો આ પ્રમાણે છેઃ

1. કેન જાયતે ધર્મઃ? (ધર્મ કેવી રીતે પ્રગટે છે?) સત્યેન જાયતે ધર્મઃ (સત્યથી ધર્મ પ્રગટે છે.)
2. કેન સ્થાપ્યતે ધર્મઃ? (ધર્મને સ્થાપિત કેવી રીતે કરી શકાય?) ક્ષમયા, દયયા ચા (ક્ષમા તથા દયાથી.)
3. કેન વર્ધ્યતે ધર્મઃ? (ધર્મની અભિવૃદ્ધિ કેવી રીતે થાય?) શીલેન, પરમાર્થેણ ચા (શીલ અને પરમાર્થથી.)
4. કેન વિનશ્યતિ ધર્મઃ? (ધર્મનો વિનાશ કેવી રીતે થાય?) મિથ્યાજ્ઞાનેન સ્વાર્થેણ ચા (મિથ્યાજ્ઞાન તથા સ્વાર્થથી.)

આ ચાર પ્રશ્નો તથા તેના ઉત્તરોમાં ધર્મ સંબંધી મહત્ત્વની વાતને સમાવી લેવાઈ છે. આપણે શરૂઆતથી ચર્ચા કરીશું.

ધર્મનું પ્રાકટ્ય સત્યથી થાય છે. સત્ય, ધર્મ અને ન્યાય લગભગ એકબીજાના પર્યાય કહેવાય. સત્ય એ જ ધર્મ, ધર્મ એ જ સત્ય. સત્ય તથા ધર્મનો અવિરોધ એનું નામ તે ન્યાય કહેવાય. આ ત્રણ તત્ત્વોમાં ન્યાય એ ફલિતાર્થ છે. ધર્મ એ પરિસ્થિતિ છે. આજે સત્ય એ પરિસ્થિતિનું જનક છે. સત્ય ન હોય તો ધર્મપરિસ્થિતિનું નિર્માણ ન થઈ શકે. ધર્મ–સ્થિતિનું નિર્માણ ન થઈ શક્યું હોય તો ન્યાયનું ફળ મેળવી ન શકાય. ન્યાયી ફળ વિના પ્રજા સુખી ન થઈ શકે. ઉલટાવીને એમ કહી શકાય કે અન્યાય (પછી તે આર્થિક, રાજકીય, ધાર્મિક કે સામાજિક કોઈ પણ પ્રકારનો હોય) એ જ પ્રજાનાં દુઃખોનું મૂળ કારણ છે. અન્યાયનું મૂળ અધર્મમાં તથા અધર્મનું મૂળ અસત્યમાં છે. એવી રીતે તમામ અનિષ્ટોનાં મૂળ અસત્યમાંથી ફૂટી નીકળે છે.

કોઈ પણ ધર્મે સૌથી વધુ ભાર કોઈ શબ્દ ઉપર મૂક્યો હોય તો તે 'સત્ય' છે. આપણે તો 'સત્યમેવ જયતે'નાં આદર્શ લેબલો ક્યાંક્યાં નથી લગાડતા! સત્ય શબ્દનું જેટલું ઉચ્ચારણ આપણે કરીએ છીએ તેટલું દુનિયાની બીજી કોઈ પ્રજા ભાગ્યે જ કરતી હશે, પણ ઉચ્ચારણના પ્રમાણમાં એનું આચરણ એક ટકો પણ થતું હશે કે કેમ તે પ્રશ્ન છે. સત્યનું આચરણ નથી કરી શકાતું તેમાં માત્ર સત્યનું કપરાપણું જ કારણરૂપ નથી, (તે તો છે જ) પણ તેનાં મૂળ કારણો માનવ–નિર્મિત વાતાવરણ છે. પશુઓ અસત્ય બોલતાં નથી કે અસત્ય વર્તતાં નથી, કારણ કે તેઓ દંભી વાતાવરણથી મુક્ત હોય છે. આબરૂ–પ્રતિષ્ઠા–માન–સન્માન વગેરે શબ્દોથી તેમનું જીવન મુક્ત છે. આપણે પણ તે રીતે મુક્ત થઈ જવું જોઈએ તેવું મારું કથન નથી, પણ આ બધું મેળવવા અથવા સાચવવા દંભ કરવો પડે છે તેથી મુક્ત થઈ જવું જોઈએ.

પ્રથમ કહ્યું તેમ માનવ દ્વારા એક વાતાવરણનું નિર્માણ થતું હોય છે. આ વાતાવરણ સત્ય અથવા અસત્યને પ્રગટાવતું હોય છે. આવું વાતાવરણ પ્રગટાવનારાં ચાર તત્ત્વો હોય છેઃ 1. રાજનેતા, 2. ધર્મનેતા, 3. સમાજનેતા અને 4. જ્ઞાનનેતા.

એમ કહી શકાય કે રાજનેતા દ્વારા રાજકીય વાતાવરણ, ધર્મનેતા દ્વારા ધાર્મિક વાતાવરણ, સમાજનેતા દ્વારા સામાજિક વાતાવરણ અને જ્ઞાનનેતા દ્વારા બૌદ્ધિક વાતાવરણ સર્જિત થતું હોય છે. આ ચારે વાતાવરણો મળીને એક સામાન્ય વાતાવરણ થતું હોય છે. આ સામાન્ય વાતાવરણ એટલે ધમમસતી નદીનો પ્રવાહ. આ પ્રવાહમાં સામાન્ય પ્રજા તણાતી હોય છે. પ્રવાહને યથોચિત વળાંક આપવાનું કામ કરી શકે તે મહાપુરુષ કહેવાય, ન કરી શકે તે સામાન્ય માણસ કહેવાય. આ ચારે વાતાવરણો જ્યારેજ્યારે સત્યનાં પોષક બનતાં હોય છે ત્યારે સોળ કળાએ સત્ય ખીલી ઊઠતું હોય છે, પણ જો આ વાતાવરણો અસત્યનાં પોષક બનતાં હોય છે તો સત્યનું પ્રાગટ્ય નથી થઈ શકતું. સત્યને પ્રકટાવ્યા વિના આપણે હજારો વાર 'સત્યમેવ જયતે'ના બુલંદ નાદથી ગગનને ગજવી નાખીએ તેથી કાંઈ વિજય મળી શકે નહીં. વિજય તો 'સત્યમેવ જયતે' બોલવાથી નહીં, સત્યની મૂર્તિપ્રતિષ્ઠા કરવાથી મળતો હોય છે.

આપણે અસત્ય કેમ બોલીએ છીએ? ન બોલવું હોવા છતાં બોલવાની ફરજ કેમ પડે છે? આપણી દુર્બળતાના કારણે? ના, માત્ર તેટલું જ કારણ નથી. ઉપર કહ્યાં તેવાં વાતાવરણ સર્જનાર કારણો આપણને અનિચ્છાએ પણ અસત્ય બોલાવે છે.

પ્રથમ રાજકીય વાતાવરણનો વિચાર કરીએ. એક પરિચિત પંચાલ કારીગર મળવા આવ્યો. મેં જ એને સલાહ આપેલી કે તું નોકરી કરે છે તેના કરતાં પોતાની દુકાન કરે તો તારો ઝડપી વિકાસ થશે. તેણે નિસાસો નાખીને કહ્યું કે 'દુકાન તો મારે પણ કરવી છે, પણ પૈસા નથી.'

મેં કહ્યું: 'અરે ભલા માણસ, હવે તો વીસ મુદ્દાના કલ્યાણકારી કાર્યક્રમ હેઠળ કારીગરો અને મજૂરોને પણ તદ્દન ઓછા વ્યાજની લોન મળી શકે છે. તું લોન લે અને દુકાન કર.' તેણે લોન માટે પ્રયત્ન શરૂ કર્યા. ઘર, ભણતર, અનુભવ, વગેરે અનેક બાબતોનાં પ્રમાણપત્રો મેળવવામાં એક મહિનો નીકળી ગયો. કહેવાની જરૂર નથી કે પ્રત્યેક પ્રમાણપત્ર વાસ્તવિકતાના આધારે નહીં પણ પૈસા, લાગવગ, દબાણ, આજીજી, વગેરેના આધારે અસંખ્ય ધક્કા ખાઈને પછી મળ્યાં હતાં. આ તો લોન મેળવવાનો એકડો જ શરૂ થયો હતો. હજી લાંબી પ્રક્રિયા પૂરી કરવાની હતી. એ પૂરી કરતાં બીજા બે મહિના નીકળી ગયા. ધક્કા, તોછડાઈ અને લુચ્ચાઈભરી વર્તણૂકથી તે એક વાર તો નિરાશ થઈ ગયો અને લોન લેવાનું બંધ રાખવાના નિર્ણયે પહોંચ્યો.

'લોન પડે ખાડામાં! આના કરતાં મારી નોકરી સારી.' એવું તેની માનસિક નિરાશામાંથી આપોઆપ પ્રગટ્યું હતું. પણ ઇડરિયો ગઢ જીતનારને હિંમત હાર્યે ન ચાલે, તેમ દિનપ્રતિદિન જીવનની નાનીનાની આવશ્યકતાઓ પણ ઇડરિયા ગઢની માફક દુર્જેય થતી હોવાથી ધીરજ અને હિંમત જેવા અનિવાર્ય ગુણો વિકસાવવા અનિવાર્ય થઈ ગયા છે. મારામાં તેવા ગુણો અલ્પ માત્રામાં જ હોવા છતાં, પરોપદેશે પાંડિત્યની કુશળતાનો વધી ગયેલો ગુણ સફળ થયો. લોન મેળવવાની હતાશા ફરી આશામાં બદલીને તે પાછો ઑફિસો અને ઑફિસરોની આગળ દયામણા ચહેરે ધક્કા ખાવા લાગ્યો. અંતે ઇડરિયો ગઢ જિતાયો, તેને ઓછા વ્યાજની લોન મળી, પણ અલિખિત પઠાણી વ્યાજ કોથળી છોડવાની દક્ષિણાના રૂપમાં પ્રથમ જ આપી દેવું પડ્યું. લોનના ફૉર્મમાં ભરેલા આંકડાનો એક ચતુર્થાંશ ભાગ આપોઆપ કપાઈ ગયો.

'બળ્યું, હશે... આટલા તો મળ્યા...'

વાતાવરણે તેને અસત્ય અને અન્યાય બન્નેને સ્વીકારતો કરી દીધો હતો.

વેલ્ડિંગનું મશીન ખરીદવાથી માંડીને ભાડાની દુકાન મેળવવા સુધી તેણે કેટલાંય અસત્યો આચરવાં પડ્યાં હતાં. હવે થ્રી–ફેસ વીજળી કનેક્શનવાળાનો વારો હતો. તે શા માટે કોઈની પાછળ રહે? અત્યાર સુધીના ધક્કા અને તેનાં કારણોના ત્રાસથી ત્રાસી ગયેલો પેલો પંચાલ હવે મરણિયો થયો હતો. તેણે નક્કી કર્યું કે હવે કોઈને પૈસોયે આપવો નથી, ભલે જે થવાનું હોય તે થાય. પણ તેને ક્યાં ખબર હતી કે ગમે તેવા વટદારોના વટ આ ઑફિસોના દેવતાઓ આગળ ટકી શકતા નથી! મંદિરોના દેવો આગળ માથું ન ઝુકાવો તો ચાલે, પણ આ દેવતાઓ આગળ તો માત્ર માથું જ નહીં, કેડ પણ ઝુકાવવી પડે. બીજા ત્રણ મહિના સુધી થ્રી-ફેસ કનેક્શન ન મળ્યું. ધક્કા ઉપર ધક્કા ખાતો રહ્યો. પાછું ડહાપણ આવ્યું અને તે ડાહ્યોડમરો થઈને સાહેબોને સમિત્પાણિ થઈને નમી પડ્યો. કનેક્શન મળી ગયું.

હાશ! હવે છૂટ્યા! એકાદ વર્ષ થયું હશે અને ફરી પાછો મારી પાસે આવ્યો : 'બાપજી, મારે આ ધંધો નથી કરવો.' મેં કહ્યું: 'કેમ કેમ? ખોટ જાય છે?' તો કહે: 'ના... ના... ખોટ નથી જતી, પણ એક સાહેબ બેત્રણ વાર આવી ગયા. કહે છે કે ચોપડા બતાવ, રજિસ્ટરો બતાવ, પત્રકો બતાવ, પાવતીઓ તથા વાઉચર બતાવ... કોણ જાણે કેટલું–કેટલું તે માગે છે! હું અભણ છું. મને કહે કે ચૌદ પ્રકારની નોંધ હોવી જોઈએ... બતાવો... નહીં તો.. હજારો રૂપિયાનો દંડ થશે. આના કરતાં નોકરી શું ખોટી હતી?' મને પણ લાગ્યું કે આ માણસને નોકરી છોડાવીને ધંધો કરાવવામાં મેં ભૂલ કરી છે. ભૂલનો સ્વીકાર કર્યા વિના મેં તેને ફરી ઉપદેશ આપવા માંડ્યો: 'અરે, એમાં ગભરાય છે શું? જે સાહેબ તપાસવા આવે છે તેમને જ કહેજે, તે બધો રસ્તો બતાવશે, અરે બધું પતાવી દેશે. તેમને બધુંય આવડે છે.'

ખરેખર ત્રીજા ચોથા દિવસે તે આવ્યો ત્યારે આવતાં જ કહ્યું: 'બાપજી, તમારી વાત ખરી હોં! સાહેબે બધું પતાવી દીધું, પણ કેડ ભાંગી નાખી!.'

જો એક પંચાલને એક નાનીસરખી દુકાન ચલાવવામાં આ અનુભવ થતો હોય તો. જેને મોટી ફૅક્ટરીઓ, પેઢીઓ ચલાવવી હોય તેને કેવા અનુભવો થતા હશે? અસંખ્ય ફૉર્મ, અસંખ્ય પ્રમાણપત્રો અને અસંખ્ય વિધિઓ કરનારા અસંખ્ય સાહેબો, તપાસનીશો અને નેતાઓની વક્રતા દૂર કર્યા વિના એક ઈંટ પણ માંડી શકાય નહીં, અસત્ય–જૂઠ અને બનાવટ વિના પગલુંય ભરી શકાય નહીં. આવી સ્થિતિનાં પ્રગાઢ વાદળાં ઘેરાયેલાં હોય ત્યાં તમે સત્યના સૂર્યનાં દર્શન ન જ કરી શકો ને?

લોન તો વિદેશમાં પણ લેવાય છે, પણ તે કાચા કલાકમાં મળી જાય. ધક્કા–ફેરા અને લાંચરુશવતનું નામ નહીં. આપણે કાયદા ઉપર કાયદા અને નિયમ ઉપર નિયમ બનાવીએ. એ બધાને લાગુ કરાવવા નવીનવી જગ્યાઓ ઊભી કરી નાનામોટા કર્મચારીઓની સેના ખડી કરીએ. આ સેના પોતપોતાના ઉપરીઓનાં પ્રત્યક્ષ સ્ખલનો જુએ એટલે તેમનું 'મૉરલ' સમાપ્ત થાય. મૉરલ વિનાના કર્મચારીઓથી કદી

કાયદાઓનું પાલન કરાવી શકાય નહીં. કર્મચારીઓનું મૉરલ ઑફિસરો પાસેથી આવે અને ઑફિસરોનું મૉરલ રાજનેતાઓ પાસેથી આવે. રાજનેતાઓ સ્વયં મૉરલ વિનાના થઈ ગયા હોય અને નિર્લજ્જ થઈને ખુલ્લેઆમ ભ્રષ્ટાચારને આચરી બતાવતા હોય તો નીચેના માણસો પાસે બીજી શી અપેક્ષા રખાય? અત્યારે દેશમાં એવું રાજકીય વાતાવરણ થયું છે કે તે સાચું બોલવા માગનારને પણ સાચું બોલવા દે તેવું નથી. સાચું બોલનારા કે સાચી રીતે જીવવા માગનાર આજ જીવનથી ફંગોળાઈ જાય તેવી દશા થઈ છે. પ્રજા સત્ય નથી બોલતી કે નથી બોલી શકતી તેમાં રાજનિર્મિત વાતાવરણ કારણ છે.

બીજું કારણ ધાર્મિક વાતાવરણમાં રહ્યું છે. રાજનેતાઓ રજોગુણના કારણે થોડાઘણા સ્ખલિત થાય તો કદાચ ચાલે, પણ તેમને અને પ્રજાને પ્રેરણા આપનાર ધર્મનેતાઓ જો સ્ખલિત થયા હોય તો શી દશા થાય? ધર્મનેતાઓનું સ્ખલન લોભ તથા ભયથી થતું હોય છે. લોભથી તેઓ શ્રીમંતો તથા સામંતોના કહ્યાગરા થઈ જતા હોય છે અને લોભથી મેળવેલા ઐશ્વર્યનાશના ભયથી સત્તાધીશોના સેવક થઈ જતા હોય છે. આવા ધર્મનેતાઓ ઉત્તમ ધાર્મિક વાતાવરણનું સર્જન કરી શકતા નથી હોતા. પોતાના પ્રસંગોમાં ડામીસમાં ડામીસ રાજનેતાઓની હાજરીથી તેઓ ગૌરવ લેતા હોય છે અને તેમની આ દુર્બળતાનો પૂરો લાભ ડામીસ નેતાઓ પોતાના ડામીસપણા ઉપર ધાર્મિકતાની ચાદર ઓઢાડી 'ગૌબ્રાહ્મણપ્રતિપાળ' થવામાં લેતા હોય છે. જાણે કે બે દંભી ઘટકો એકબીજાને ભેટી પડ્યા હોય તેવું અસહ્ય ઘૃણિત રૂપ ઊભું થતું હોય છે.

*ઉષ્ટ્રકાણાં વિવાહે ચ ગર્દભા ગીતગાયકાઃ।*
*પરસ્પરં પ્રશંસન્તિ અહો રૂપં અહો ધ્વનિઃ॥*

(ઊંટોના વિવાહમાં ગીત ગાવા માટે ગધેડાઓ બોલાવાયા. હવે ઊંટો તથા ગર્દભો પરસ્પરનાં વખાણ કરે છે કે વાહ... શું સૌંદર્ય છે!...તો ઊંટ કહે છે કે વાહ... શું મધુર કંઠ છે!)

લાખો રૂપિયા ખર્ચીને કરાયેલા આવા પ્રસંગો સત્યનું વાતાવરણ ઊભું નથી કરી શકતા. ઘીની ચોરીવાળા તથા ઋત્વિજોની દક્ષિણા કાતરી નાખનારા યજ્ઞો, આર્થિક લાભ માટે થનારી સપ્તાહો, પ્રથમથી જ આવકના સોદાની ટકાવારી નક્કી કરી વ્યાસપીઠ ઉપર બેસનારા કથાકારો, ભગવાનના ધરાયેલા ભોગોના એક-એક ટુકડાનો વ્યાપાર કરનારાં મંદિરો, શ્રીમંતો આગળ પૂંછડી પટપટાવનારા ભવ્ય આશ્રમો-આ બધાં દ્વારા જે ધાર્મિકતાનું વાતાવરણ પ્રગટે છે તે સત્યનું પોષક નહીં પણ સ્વાર્થ, ચાલાકી, છળકપટ, દંભ અને ધૂર્તતાનું પોષક હોય છે. 'હિરણ્મયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્।' (સુવર્ણપાત્રથી સત્યનું મુખ ઢંકાઈ ગયું છે.)—એ સ્થિતિ લગભગ સર્વત્ર વ્યાપ્ત છે, એટલે પ્રજાને સત્યનું વાતાવરણ આપવામાં ધર્મસ્થાનો અને ધર્માચાર્યો મોટા ભાગે સફળ રહ્યાં નથી. કોઈ એકલ-દોકલ સંત કે સંતની મઢૂલીમાંથી આવું વાતાવરણ પ્રકટતું હશે, પણ ત્યાં પ્રજાનું ટોળું નહીં હોય, ત્યાં આંગળીના વેઢે ગણી શકાય એટલા દૂબળા-પાતળા માણસો હશે.

સત્યને પોષણ આપનારું વાતાવરણ ઊભું કરવામાં સમાજનેતાઓ મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. સમાજરચના તથા વ્યવસ્થા એ પ્રકારની હોય કે લોકોને અસત્ય બોલવાની જરૂર ન રહે. આપણી સમાજરચનામાં અસત્ય કેમ બોલવું પડે છે તેનાં થોડાં ઉદાહરણઃ

1. એક સાધુ બહુ જ્ઞાની તથા ચારિત્રવાન હતા પણ પૂર્વાશ્રમમાં તેઓ વાળંદ હતા. લોકો જિજ્ઞાસાવશ તેમને પૂછે કે મહારાજ, તમારું દૂધ કયું? અર્થાત્ તમે કઈ જ્ઞાતિના છો? તો તેઓ ઉત્તરને ટાળતા. સાચું બોલી શકાય તેવી સ્થિતિ ન હતી. જો લોકોને ખબર પડી જાય કે મહારાજ તો વાળંદ છે, તો તેમની પૂજ્યતા સમાપ્ત થઈ જાય. આપણે વર્ણ તથા વંશના પૂજક છીએ, એટલે આપણા જ ઠરાવેલા વર્ણહીન યા વંશહીન માણસોને અનિચ્છાએ અસત્ય બોલવું પડે છે. પશ્ચિમનો વાળંદ કશાય સંકોચ વિના પોતાને વાળંદ તરીકે ઓળખાવી શકે છે, કારણ કે તેમની સમાજરચના આપણા જેવી નથી.

2. કુમાર ને કુમારી જો કૉલેજ વગેરે સ્થળે ભણતાં હોય અને એકબીજાના પ્રેમમાં પડ્યાં હોય તો તેમણે અથથી ઇતિ સુધી અસત્ય જ બોલવું પડે, કારણ કે આપણે પ્રેમને પાપનું રૂપ આપ્યું છે. હા, માબાપ કજોડાં કરે, કન્યાવિક્રય કે વરવિક્રય કરે, ગમે ત્યાં લાકડે માંકડું વળગાડી દે તેને પાપ નથી માનતાં. એકબીજાને પૂર્ણ વફાદારીથી પરણવા માગતાં આ કુમાર-કુમારીને ડગલે ને પગલે અસત્ય બોલવું પડશે. કદાચ તેઓ સમાજના ભય તથા દબાણના કારણે નિષ્ફળ રહ્યાં હોય અને પછી બન્નેને જુદી-જુદી જગ્યાએ ગોઠવાઈ જવાની ફરજ પડી હોય તો તેઓ બન્નેને જીવનભર પૂર્વના પ્રેમને ઢાંકી દેવા માટે અસત્યનો સહારો લઈ ફફડતાં-ફફડતાં જીવવું પડશે. આપણે

એવી સામાજિક સ્થિતિની રચના કરી છે કે કન્યાપક્ષે માત્ર એક આની જ (સોળ આની નહીં) કાંઈક ભૂલ–સ્ખલન કે જે કાંઈ કહો તે થયું હોય તો તે એક આનીને ઢાંકવા તેણે જીવનભર ટોપલા ભરીભરીને તેના ઉપર અસત્ય નાખવું પડશે. પૂરા પ્રયત્નો છતાં જો તે એક આની પ્રગટ થઈ જાય તો એક સન્નારીનું જીવન ધૂળધાણી થઈ જાય, તે સતીમાંથી કુલટાનું પદ પ્રાપ્ત કરીને તણખલાની થઈ જાય. કુલટાપણાથી તથા તણખલાપણાથી બચવા માટે તે અસત્ય ન બોલે તો શું બોલે? સત્યને પચાવવાની શક્તિ સમાજમાં ક્યાં છે?

અમેરિકામાં એક ભાઈને ત્યાં ઊતરેલો. બાજુમાં પ્રૌઢ અમેરિકન કપલ તેમના બગીચામાં કાંઈ ને કાંઈ કામ કરતું હોય. મને જોઈને તેઓ 'હા...ઈ...' બોલે. (અમેરિકામાં પરસ્પરના અભિવાદન માટે આવો ટૂંકો શબ્દ વપરાય છે.) હું પણ સામે 'હા...ઈ...' બોલું. એક વાર મેં તેમનાં નામ પૂછ્યાં એટલે પેલી બહેને પોતાનું નામ કહ્યું અને પછી પોતાના પતિ તરફ આંગળી કરીને કહ્યું કે 'આ મારા ચોથા પતિ મિ. ફલાણા છે.' સાંભળીને હું તો અવાક જ થઈ ગયો. તેના ફોર્થ પતિ મંદ મંદ હસી રહ્યા હતા. મારી મૂંઝવણ તેઓ સમજી ગયા. તેમણે કહ્યું: 'આ મારી ત્રીજી પત્ની છે. હું તેનો ચોથો પતિ છું. મેં, તેણે કે અમારા સમાજે અમારી પાસે સતીપણા કે સતાપણાની અપેક્ષા રાખી નથી. અમે જેવાં છીએ તેવાં જ અમને બન્નેને પરસ્પરને તથા સમાજને સ્વીકાર્ય છીએ એટલે અમારે કાંઈ જ દંભ કરવાની જરૂર નથી.' તેમની વાતને હું ગળે ઉતારવા પ્રયત્ન કરી રહ્યો હતો ત્યાં મારી બાજુમાં ઊભેલાં ભારતીય ડોશીમા ગુજરાતીમાં બોલી ઊઠ્યાં, 'મૂઆં રે મૂઆં..લાજી. મરો,...લાજી!' મોઢું બગાડીને તેઓ મારા સામું જોઈને ખી...ખી કરતાં બોલ્યાં: 'આમના કરતાં તો... સારાં...' પેલાં દંપતી આ ડોશીની ગુજરાતીભાષા સમજતાં ન હતાં,. પણ ડોશીના ભાવથી તથા આપણી સમાજસ્થિતિથી તેઓ પરિચિત હતાં. એટલે બહુ જ ગંભીરતાથી પેલી બાઈ બોલી: 'હું સતીપણાનો દાવો નથી કરતી, પણ હું મારું અસતીપણું–જો તેવું હોય તો–ઢાંકતી પણ નથી. મારે ઢાંકવાની જરૂર પણ નથી. મારો પતિ તથા મારો સમાજ તેમ કરવાની મને ફરજ પાડતા નથી. એટલે અમે સાચાં છીએ, જુઠ્ઠાં નથી–દંભી નથી.' અમારા પ્રત્યે પૂર્ણ આદર–સન્માન વ્યક્ત કરીને તેઓ વિદાય થયાં, અમે પણ બંગલામાં આવી ગયાં.

સાચું બોલનાર દંપતીને લાજી મરવાની વાત કરનાર ડોશીમાના બચપણથી માંડીને અત્યાર સુધી આવૃત કરેલી અસંખ્ય ચાદરો નીચે મને કેટલાય ચહેરા દેખાવા લાગ્યા. માજીએ તેમને જતનપૂર્વક ઢાંકી દીધા હતા, એટલે તેઓ ગૌરવપૂર્વક ફૂંફાડા મારી રહ્યાં હતાં. જો ચાદર ખસી જાય અને તેમાંનો એક પણ ચહેરો પ્રકટ થઈ જાય તો માજી, પતિ–પુત્ર, પુત્રીઓ, ભાઈઓ, પરિવાર અને સમાજની નજરે થૂ... થૂ... થઈ જાય.

હું વિચાર કરું છું–આપણી સમાજરચના સાચું બોલવાની તથા સાચું બોલ્યા પછી સ્વમાનપૂર્વક જીવવાની પરિસ્થિતિવાળી છે ખરી?

પ્રાચીન નીતિકારોએ સ્ત્રીઓને વારંવાર 'અસત્ય બોલનારી' બતાવી છે. વાત પણ સાચી હશે. પણ તેને કેમ અસત્ય બોલવું પડે છે તેનું કારણ તપાસીએ તો ખ્યાલ આવશે કે જે ચોકઠામાં તેને જીવવાનું છે તે ચોકઠામાં સત્ય બોલીને તે જીવી શકે ખરી?

એક વાર એક ગામમાં એક મહિના સુધી મેં કથા કરી. એક બહેને મારા ઉતારે આવીને મને એક કવર આપ્યું. સામે જ એક વૃદ્ધ બેઠેલા. મેં કવર ખોલ્યું. તેમાંથી પાંચ રૂપિયાની નોટ જ નીકળી. પેલી બહેનનો ચહેરો ઊતરી ગયો. ભય–ચિંતાની વાદળી તેના ચહેરા ઉપર ફરી વળી. પેલા વૃદ્ધ તેમના પડોશી હતા. વૃદ્ધના ગયા પછી તે બહેને કહ્યું: 'તમે કવર કેમ ખોલ્યું?... આ ડોસો ઘેર કહી દેશે... આ પૈસા હું છાના લાવી હતી...'

મેં કહ્યું કે 'છાના લાવવાની શી જરૂર?' તો કહે કે 'વાહ... એક મહિનો કથા સાંભળું ને કાંઈ ન આપું? મારા પતિ મને પૈસોય આપતા નથી, એટલે પછી શાકભાજી વગેરેમાંથી બચાવીને છાના રાખેલા આ પૈસા મેં તમને આપ્યા. શું મારે મારી કાયાનું (આત્માનું) કલ્યાણ ન કરવું?'

હું શો જવાબ આપું? આપણે વાતાવરણ એવું બનાવીએ છીએ કે અસત્ય આપોઆપ આવી જાય.

સ્ત્રીઓની છેડતી–અડપલાં અને કોઈ વાર બળાત્કાર જેવી ઘટનાઓ વધી ગઈ છે. આવું હીન કૃત્ય કરનારા જાણીજોઈને ઉપરના વર્ગની સ્ત્રીઓ–કન્યાઓને પસંદ કરે છે, કારણ કે એક તો તેમનામાં પ્રતિકારની ક્ષમતા નથી હોતી અને બીજું કેસ કરીને દંડ કરાવવાની પણ તૈયારી નથી હોતી. કેસ કરવાથી આપણી જ ફજેતી થશે એવો ભય હોવાથી તેઓ કેસ કરી શકતી નથી. સ્વયં પોલીસ કે અન્ય કોઈ અત્યંત ગંભીર ઘટનામાં કેસ કરે તો આવા આબરૂદાર માણસો સ્વયં પોતે જ કહી દેતા હોય છે કે: 'કાંઈ થયું જ નથી.' આથી વધારે અસામાજિક તત્ત્વોને શું જોઈએ? કોઈ કન્યા કે અબળાનું શિયળ લૂંટ્યા પછી તે સ્વયં નિર્ભય થઈ ખુમારીમાં મહાલતો હોય છે, કારણ કે

શિયળ લૂંટાવનારાં માણસો જ કહી દે છે કે 'ના... ના... કાંઈ થયું નથી...' પેલાં અસામાજિક તત્ત્વોને પાઠ ભણાવવા ઉત્સાહિત થયેલા માણસોને તેઓ આંખો કાઢીને કહે છેઃ 'તમારે શું? અમને બેઆબરૂ કેમ કરો છો?...પછી મારી દીકરીને કોણ લેશે?'

વાત પણ સાચી છે. એક કન્યા સાથે કોઈ દુષ્ટે થોડું પણ અડપલું કર્યું હોય અને તે વાત સમાચારપત્ર કે કોર્ટ સુધી પહોંચી હોય તો એક તરફ કોર્ટમાં પેલા દુષ્ટને અપરાધી સાબિત કરવો કઠિન થઈ જાય, મોટા ભાગે તે નિર્દોષ છૂટી જાય. બીજી તરફ પેલી કન્યાનું શરીર ડૉક્ટર ચૂંથે, વકીલોના ઘૃણિત પ્રશ્નોના ઉત્તર ગભરુ કન્યા આપી ન શકે અથવા આપતાં સંકોચાય. ત્રીજી તરફ મફતનો તમાશો જોનારું ટોળું વગર બોલાવ્યે કોર્ટના કમ્પાઉન્ડમાં કિકિયારીઓ કરતું હોય. ચોથી તરફ આવી કન્યાનું સગપણ કઠિન થઈ જાય. કોઈ સારો મુરતિયો તેને લેવા તૈયાર ન થાય. પોતાનો જરાય દોષ ન હોવા છતાં તેને દોષી અને કલંકિત થઈને જીવવું પડે.

આ બધા ત્રાસમાંથી બચવા માટે જે થયું તે ભોગવીને 'કાંઈ જ થયું નથી' તેવા અસત્યનો આશરો લઈ લેવા સિવાય બીજો માર્ગ શો? આવા અસત્યથી અંતે પેલા દુષ્ટોને ફાવતું મળે. તેઓ વધુ ને વધુ સ્વચ્છંદી બને, નિર્ભયતાપૂર્વક પોતાના અત્યાચારો કરી શકે, કારણ કે તેઓ આબરૂદારોની કમજોરી જાણી ગયા હોય છે. આવી રીતે સમાજ અત્યાચારોનો શિકાર થતો હોય છે. જો અત્યાચારનો શિકાર થયેલી કન્યા કે સ્ત્રીને સામાજિક હાનિ ન થતી હોત તો તે સાચું બોલીને દુષ્ટને દંડિત કરાવી શકત. જો દુષ્ટને દંડ મળે તો અત્યાચારો અટકી જાય, પ્રજા સુખી થાય. પણ મિથ્યા મોટાઈની કાલ્પનિક આબરૂએ સત્ય બોલવા ન દીધું. સામાજિક પરિસ્થિતિ તેમાં કારણરૂપ બની. એ જ કન્યા કે એ જ સ્ત્રી અન્ય રીતે ગુપ્ત વ્યભિચાર કરીને પોતાના ભવિષ્યને ઊની આંચ ન આવવા દે તેવી સામાજિક પરિસ્થિતિ છે જ.

મેં ઇંગ્લૅન્ડમાં ટી.વી. ઉપર બળાત્કારનો ભોગ બનેલી એક કન્યાનો ઇન્ટરવ્યૂ સાંભળ્યો હતો–આખું ઇંગ્લૅન્ડ સાંભળી રહ્યું હતું. નિર્ભયતા તથા નિઃસંકોચ–ભાવથી તેણે ઘટનાનું વર્ણન કર્યું હતું. અપરાધીને કઠોર દંડ થયો હતો અને પેલી કન્યાના સામાજિક જીવનને કાંઈ હાનિ પહોંચી ન હતી. સત્યનો જય થયો, સત્ય સ્થાપિત કરી શકાયું, કારણ કે સત્ય સ્થાપિત કરનારને ધાર્મિક, સામાજિક કે રાજકીય રીતે સહન કરવું નહોતું પડ્યું.

આપણે ત્યાં તો આવા અપરાધોનો ભોગ બનેલાં કુટુંબો જાણીકરીને વાત છુપાવે છે, એટલું જ નહીં, પોલીસની કનડગતથી બચવા માટે ઉપરથી પૈસા આપે છે. સાચી આબરૂ અને મિથ્યા આબરૂ વચ્ચેનો ભેદ નહીં સમજાય ત્યાં સુધી આ વાતાવરણ રહેવાનું જ. સમાજ દંભી થઈ જવાનો. પણ મિથ્યા આબરૂની જગ્યાએ સાચી આબરૂને મહત્ત્વ અપાય તથા મોટાઈથી દૂર રહેવા સમજાવાય તો સત્યની પ્રતિષ્ઠા થઈ શકે.

રાજનેતા, ધર્મનેતા અને સમાજનેતા કરતાં પણ વધુ પ્રભાવશાળી નેતા તે જ્ઞાનનેતા છે. સમાજના બૌદ્ધિક વિકાસમાં અને તે રીતે બુદ્ધિઘડતરમાં આ નેતા મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. સાહિત્યકાર, દાર્શનિક અને અધ્યાપક આ કામ કરે છે. આ ત્રણે ધર્મ, સમાજ તથા રાજ્યવ્યવસ્થાને પ્રભાવિત કરે છે. જો આ ત્રણે સત્યલક્ષી હોય તો પ્રજામાં સત્યની પ્રતિષ્ઠા થવા લાગે છે, પણ જો આ ત્રણે પણ અસત્ય તરફ વળી ગયા હોય તો સત્યનાં મૂળ ઊખડી જતાં હોય છે. લોભ, સ્વાર્થ, ભય, વગેરેનાં કારણો આ ત્રણે મહારથીઓ જાણતા હોવા છતાં અસત્યનું પોષણ કરવા લાગી જતા હોય છે.

આ રીતે સત્ય અથવા અસત્યની સ્થાપનામાં ઉપરનાં ચાર પરિબળો મુખ્ય ભાગ ભજવતાં હોય છે.

શિષ્યનો પ્રશ્ન છેઃ 'કેન જાયતે ધર્મઃ?'

ગુરુનો ઉત્તર છેઃ 'સત્યેન જાયતે ધર્મઃ।'

સત્યથી મોટો અને કઠિન બીજો કોઈ ગુણ નથી. સત્ય સિવાયનો ધર્મ પ્રાણ વિનાના ખોળિયા જેવો થઈ જતો હોય છે.

આવો સત્ય નામનો ગુણ વ્યક્તિમાત્રમાં સ્વભાવતઃ પરમાત્માએ મૂક્યો જ છે. સૌને પોતાની સાથે સાચું બોલનાર ગમે છે. ચોર–ડાકુ, ધૂર્ત–પાપી ભલે બીજાની સાથે અસત્ય બોલે, પણ પોતાની સાથે તો તે પણ સાચું બોલવાની જ અપેક્ષા રાખે છે. આ જ સત્યનો મહિમા છે.

પૂર્વે કહ્યું તેમ આંતર ગુણોના વિકાસનું નામ ધર્મ છે. આંતર ગુણોમાં સૌથી મહત્ત્વવાળો ગુણ સત્ય છે, એટલે તેના દ્વારા ધર્મ પ્રગટે છે તે વાત ગયા પ્રકરણમાં બતાવી. ઉત્તમમાં ઉત્તમ ગુણ પણ નિશ્ચિત સીમાથી આગળ વધે તો દોષ થઈ જાય તે વાત પણ કહી હતી. સત્ય

જેવો મહાન ગુણ પણ એક સીમા પછી દોષ થઈ જાય. અસત્ય જેમ હાનિકર થાય, તેમ અવિવેકપૂર્વકનું સત્ય પણ કોઈ પ્રસંગે હાનિરૂપ થઈ જાય છે. જેમ કે–

એક ક્રૂર–ઝનૂની ટોળું માર...માર... કરતું એક નિર્દોષ અથવા અલ્પદોષી માણસ પાછળ પડ્યું છે. પ્રાણ બચાવવા પેલો માણસ કોઈના ઘરમાં સંતાઈ જાય છે. પેલું ટોળું આવીને ઘરધણીને પેલા માણસ માટે પૂછે છે કે 'તે ક્યાં છે?' આવા સમયે ઘરધણી કહી ઊઠે કે 'આવો, બતાવું, તે અહીં સંતાયો છે.' આવું સત્ય ગુણ ન રહેતાં દોષ થઈ જાય, કારણ કે એવા સત્યથી એક નિર્દોષ માણસની હત્યા થઈ જશે. આવા સમયે પેલાની રક્ષા કરવી એ જ મુખ્ય ધર્મ છે, એટલે ઝનૂની ટોળાને ભળતો ઉત્તર આપી અન્યત્ર વાળી દેવું એ જ કર્તવ્ય છે.

આવી જ રીતે સાચી પણ કલંક લાગે તેવી કોઈની વાતને કહીને કોઈનું જીવન ધૂળધાણી કરી નાખવું તે સત્યનો દુરુપયોગ અથવા સત્યને દોષમાં બદલવા જેવું છે. આવા પ્રસંગે મૌન સેવીને અથવા બોલવું અત્યંત જરૂરી જ હોય તો ભળતું બોલીને પણ વ્યક્તિના જીવનને બરબાદ થતું બચાવી લેવું એ જ કર્તવ્ય છે.

આવી જ રીતે રાષ્ટ્રહિત, પ્રાણહિત, માનવતાહિત, વગેરે પ્રસંગોએ વિવેકપૂર્વક યથાયોગ્ય વર્તવું તે ધર્મ છે.

*

## 3. 'કેન સ્થાપ્યતે ધર્મ: ?'

ધર્મનું પ્રાગટ્ય સત્યથી થાય છે તે વાત આપણે જાણી, પણ પ્રકટેલા ધર્મને કોઈ સિંહાસન ઉપર સ્થાપિત કરવો હોય તો તે માટે બીજા ક્યા ગુણોની જરૂર પડે એવી જિજ્ઞાસાથી શિષ્ય પૂછે છે:

'કેન સ્થાપ્યતે ધર્મ: ?'

ધર્મ કોના દ્વારા સ્થાપિત કરી શકાય? સ્થાપિત એટલે પ્રતિષ્ઠિત–સ્થિર કરી શકાય.

માત્ર સત્ય જ સર્વાંગી ધર્મ નથી, તેમાં બીજા ઘણા ગુણોનું મિશ્રણ કરવું જરૂરી છે અને આવા ઘણા ગુણો વ્યક્તિમાં અસ્તિત્વ ધરાવે જ છે. ધર્મને સ્થિર કરનાર ઉદાત્ત બે ગુણોને બતાવતાં ગુરુ કહે છે:

'ક્ષમયા, દયયા ચા'

ક્ષમા તથા દયાથી ધર્મ પ્રતિષ્ઠિત થાય છે.

આપણા આંતર ગુણોને બે ભાગમાં વહેંચી શકાય: 1. બુદ્ધિપ્રધાન અને 2. લાગણીપ્રધાન. સત્ય, વગેરે ગુણોમાં બુદ્ધિની પ્રધાનતા રહેતી હોય છે, પણ ક્ષમા, દયા, વગેરે કલ્યાણકારી ગુણો હૃદયની માંગલિક લાગણીઓથી પ્રગટતા હોય છે. એટલે બૌદ્ધિક તથા હાર્દિક વિકાસથી વ્યક્તિ પૂર્ણ ધાર્મિક થતી હોય છે. માત્ર બૌદ્ધિક કે માત્ર હાર્દિક જ નહીં, પણ બન્ને વડે તે પૂર્ણ ધાર્મિક થતી હોય છે.

ક્ષમા અને દયા એકબીજાનાં પોષક છે. એકના વિના બીજાની શક્યતા નહીંવત્ થઈ જાય. એટલે જ ક્ષમાશીલ હશે તે દયાળુ હશે અને જે દયાળુ હશે તે ક્ષમાશીલ હશે.

પરમેશ્વર જેને સંત બનાવવા માગતો હોય છે તેને ક્ષમા તથા દયાના બે ગુણોથી ભરી દેતો હોય છે. આ બન્ને ગુણો વિના વ્યક્તિ ભલે ગમે તે થઈ શકે પણ સંત ન થઈ શકે.

રોજના વ્યવહારમાં ગમે તેટલી સાવધાની રાખવા છતાં પણ આપણે ભૂલો કરીએ જ છીએ. આ ભૂલો બે પ્રકારની હોય છે: પોતાને હાનિ પહોંચાડનારી તથા બીજાને હાનિ પહોંચાડનારી. પોતાને હાનિ પહોંચાડનારી ભૂલોનાં પરિણામ પોતે ભોગવે તેમાં ખાસ વાંધો ન હોવો જોઈએ, પણ બીજાની ભૂલોનાં પરિણામ પોતાને ભોગવવાં પડે અથવા પોતાની ભૂલોનાં પરિણામ બીજાને ભોગવવાં પડે તે વાંધાજનક બાબત કહેવાય. જીવનવ્યવસ્થા અથવા સમાજવ્યવસ્થા એવી રીતે ગોઠવાયેલી હોય કે આપણી પ્રવૃત્તિ બીજા માટે આપત્તિરૂપ ન હોય.

મેં અનુભવ્યું છે કે પશ્ચિમનો પાડોશી એવી રીતે ટી.વી. કે રેડિયો વગાડે છે કે તમને તેનો અવાજ પણ ન આવે. તે એવી રીતે બારણું બંધ કરે છે કે તેનો અવાજ તો ઠીક, ધમકારો પણ ન આવે. તે એવી રીતે ચાલે છે કે તેના બૂટનો અવાજ તમારા સુધી ન પહોંચે. તે પરસ્પર એટલું ધીમું બોલે છે કે તમને સંભળાય નહીં. તેની એકેએક ક્રિયા પાડોશીને વિક્ષેપ ન થઈ જાય તેની કાળજીથી ભરેલી હોય છે. જો તેને મળવું હોય તો પ્રથમ સમય માગે છે, પછી જ મળવા આવે છે. તે આવે તો બારણું ખખડાવે છે. અંદરથી 'આવો' એવો શબ્દ સંભળાય પછી જ અંદર પગ મૂકે છે, સભ્યતાથી નિર્ધારિત સ્થળે બેસે છે. કોઈ પણ વસ્તુને પરવાનગી વિના તે અડતો નથી. નિર્ધારિત સમય પૂરો થતાં જ આભાર માનીને તે વિદાય થાય છે. આપણે આથી ઊલટી રીતે જ વર્તીએ છીએ. એકેએક ભાગ આપત્તિજનક હોવા છતાં આપણને આપણી ભૂલોનું ભાન સરખું પણ નથી, કારણ કે જીવનવ્યવસ્થા જ એવી રીતની ગોઠવાઈ છે. આવી આપત્તિજનક જીવનવ્યવસ્થાને વળી 'સંસ્કૃતિ'નું મહાન લેબલ લગાડી દો એટલે પછી આપત્તિજનક ભૂલો પણ આદર્શ બની જાય. આ કારણસર પશ્ચિમના પાડોશીઓ, નાગરિકો, વગેરે જેટલી શાંતિથી રહી શકે છે તેટલી શાંતિથી આપણા પાડોશીઓ રહી શકતા નથી. સહયોગની જગ્યાએ વિરોધ કરવામાં તેમની શક્તિ ખર્ચાય છે.

ઉત્તમ જીવનવ્યવસ્થા આપે તે ધર્મ કહેવાય. ઉત્તમ જીવનવ્યવસ્થામાં ક્ષમા માગવી તથા ક્ષમા આપવી જરૂરી છે. ક્ષમાનો ગુણ ન વિકસ્યો હોય તો ક્રોધ, દ્વેષ, ઈર્ષ્યા અને વેર જેવા દુર્ગુણો વધી જવાના. જે વ્યક્તિ કે પ્રજામાં આવા દોષો હોય તે ઉત્તમ જીવનવ્યવસ્થા પ્રાપ્ત કરી શકે નહીં. આવા દોષો જો ધાર્મિક દૃષ્ટિકોણથી આવતા હોય તો–તો વળી વ્યક્તિ તથા પ્રજાને તેવો ધર્મ અધમ બનાવવાનું જ કામ કરે. મોટા ભાગે ધર્મો આવું જ કરી રહ્યા લાગે છે, એટલે ધર્મવૃદ્ધિ સાથે વ્યક્તિની અસ્મિતા પણ વધી રહી છે.

પશ્ચિમમાં આપણે અનુભવીએ છીએ કે અત્યંત નાની અગવડ આપવામાં પણ તેઓ 'સોરી' શબ્દ બોલે છે. વાતની શરૂઆત કરવી હોય, જરાક ખસવાનું કહેવું હોય તોપણ 'મને ક્ષમા કરજો' (એક્સક્યૂઝ મી')નો પ્રયોગ વારંવાર કરાય છે. તમે તેને તે રીતની સગવડ કરી આપો કે અન્ય કાંઈ પણ નાનું સરખું કામ કરો–અરે એક ટાંકણી પણ આપો તો તરત જ કહેશે, 'થેંક્યૂ'–આભાર. આ પ્રયોગો ઘરનાં નોકરો સાથે પણ થાય ત્યારે આપણને નવાઈ લાગે. નોકર જો શેઠને પાણીનો ગ્લાસ લાવી આપે તો શેઠ તરત જ 'થેંક્યૂ' કહે. શેઠનો પગ જો નોકરને અડી જાય તો 'સોરી' કહે. નોકર એ તણખલું નથી, તેનું પણ સ્વમાન સચવાવું જોઈએ. આપણે ત્યાં આવી પદ્ધતિ જોવા નથી મળતી. આપણે મિથ્યાભિમાની છીએ એટલે ક્ષમા માગવામાં નાનપ અનુભવીએ છીએ.

એક વાર બસમાં આગળની સીટ ઉપર બેઠેલા માણસે મારા પગના પંજા ઉપર જ સિગારેટ બુઝાવી હતી, છતાં તેણે ક્ષમા માગી ન હતી, ઊલટાનો મારી સામે કઠોર નજરથી જોયા કરતો હતો. મારી જગ્યાએ કોઈ બીજો હોત તો મારામારી જ થઈ જાત. ઘણી વાર તદ્દન નજીવી બાબતમાં લોકો લડી પડતા હોય છે. જો જીવનવ્યવસ્થામાં ક્ષમા માગવાનો તથા આપવાનો ગુણ વિકસ્યો હોય તો ઘણા ઝઘડા થાય જ નહીં. આપણી ભૂલથી પરહાનિ થતાં જ વ્યક્તિને ક્રોધ ચડે તે સ્વાભાવિક છે. એ ક્રોધને ઉતારવાનો મલમ તે ક્ષમાભાવ છે. નમ્રતાપૂર્વક 'ક્ષમા કરજો, મારી ભૂલ થઈ ગઈ' એવું કહેતાં જ પેલાનો ક્રોધ ઊતરવા લાગે. આવું ન કહીને સામા ડોળા કાઢનાર પ્રત્યે ક્રોધ ભભૂકી ઊઠે તે સ્વાભાવિક છે. આપણી જીવનવ્યવસ્થામાં વધારે પ્રમાણમાં ઝઘડા તથા ખટપટો થવાનું આ જ કારણ છે. આપણે પાડોશીને વિક્ષેપ કરીએ છીએ, તેના વ્યક્તિગત જીવનને ડખોળીએ છીએ, પછી પાછા ઉપરથી ડોળા કાઢીએ છીએ. આ જ વિખવાદનું કારણ બને છે.

સત્યની પ્રતિષ્ઠામાંથી ક્ષમા–દયાના ગુણો આપોઆપ વિકાસ પામતા હોય છે. હું જ્યારે સત્યના દૂરબીનથી મારી જાતને જોઉં છું તો મારામાં રહેલી અસંખ્ય માનવીય દુર્બળતાઓ મને સ્પષ્ટ દેખાય છે. આ સત્યદર્શન મને અન્યની માનવીય દુર્બળતાઓ પ્રત્યે સહિષ્ણુતા તથા ક્ષમાભાવ આપે છે. મને જો મારી દુર્બળતાઓ દેખાતી ન હોત તો તથાકથિત ચોખલિયાવેડાથી હું અસંખ્ય માણસો પ્રત્યે ઘૃણા કરતો થઈ ગયો હોત. મારા ગુણોએ મને મહાન બનાવ્યો, પણ મારા દોષોની સભાનતાએ એ મહાનતાના નશાથી મને મુક્ત રાખ્યો. જો મારામાં કોઈ દોષ જ નથી એવો ભાવ મને થઈ ગયો હોત તો વિશ્વને હું પ્રેમ ન કરી શક્યો હોત, કારણ કે વિશ્વમાં ગુણ–દોષ બંને છે.

શારીરિક શુદ્ધિ તથા ચારિત્રિક શુદ્ધિનો અત્યંત દંભ કરનારા વિશ્વ સાથે પ્રેમ નથી કરી શકતા. પતિતો સાથે તો તેઓ શું પ્રેમ કરવાના હતા? વિશ્વ પતિતો દ્વારા પતિત નથી થતું. અહલ્યા તો બિચારી શિલા થઈને એક ખૂણામાં સંતાઈને પડી રહેતી હોય છે, પણ વિશ્વ તો ચોખલિયાવેડાનો દંભ કરનારાઓ દ્વારા પતિત થતું હોય છે. શુદ્ધિનો દંભ અને ઘૃણા એકબીજાનાં પોષક છે. વિશ્વ પ્રત્યે સૌથી વધુ ઘૃણા જુગારીઓ, વેશ્યાઓ કે શરાબીઓમાં નથી હોતી, પણ સૌથી વધુ ઘૃણા તો કુલીનતા, ચુસ્ત ધાર્મિકતા અને અત્યંત પવિત્રતાનો દંભ કરનારાઓ પાસે હોય છે.

હું દોષિત છું એટલે મારે બીજાના દોષોને ક્ષમા આપવી જ જોઈએ. બીજા જે કાંઈ કરે છે તેવું મેં પણ કદાચ ભૂતકાળમાં કર્યું હશે, અત્યારે પણ કરતો હોઈશ અને કદાચ ભવિષ્યમાં પણ કરી બેસીશ. જીવનની ગતિની કશી ખાતરી નથી. એ ક્યારે કઈ તરફ વળાંક લેશે તે કોણ કહી શકે! એટલે મારે બીજાંના દોષો–ભૂલો–સ્ખલનોને સહિષ્ણુભાવથી જોવાં જોઈએ.

પ્રાચીનકાળમાં સમાજ અત્યંત બર્બર હતો. (પહેલાં સતયુગ હતો અને હવે કળિયુગ આવ્યો છે તે બરાબર નથી. પહેલાંની તુલનામાં અત્યારે માનવજીવન ઘણું ઉદાર તથા વિકસિત થયું છે.) અપરાધોનો ક્રૂરતાપૂર્વક દંડ અપાતો–તેમાં પણ સ્ત્રી–પુરુષોના જાતીય અપરાધો પ્રત્યે ઘોર તિરસ્કાર તથા ક્રૂર દંડ અપાતો.

એક ગામમાં આવી જ એક સ્ત્રીને લોકોએ પકડી પાડી. બસ, ધર્મગુરુએ દાંત કચકચાવીને શાસ્ત્રજ્ઞા સંભળાવી દીધીઃ 'એને મરી જાય ત્યાં સુધી પથ્થરોથી મારો. જે જેટલા વધુ પથ્થરો મારશે તેને તેટલું જ વધુ પુણ્ય મળશે.' મહાન ધર્મગુરુની આ મહાન આજ્ઞાનું પાલન કરવા ગામની પ્રત્યેક વ્યક્તિ બાંયો ચડાવીને સજ્જ થઈ ગઈ. પથ્થરોના ઢગલા માટે લોકો લડી રહ્યા હતા. સૌને વધુમાં વધુ પથ્થરો મારી વધુમાં વધુ પુણ્ય મેળવવાની ઇચ્છા હતી. ગામની ભાગોળે એક મોટા ચોગાનમાં જ્યાં અવારનવાર આવા પથ્થરમારાનું પુણ્ય મેળવવા લોકો થનગની ઊઠતા, આબાલવૃદ્ધ સૌ કોઈ દાંતિયાં કરીકરીને, ગાળો બોલી, પથ્થરોના ઘા કરી–કરીને કોઈને રિબાવીરિબાવીને મારી નાખતાં તે ચોગાનમાં પેલી અભિશપ્ત સ્ત્રીને લઈ જવામાં આવી. ટોળાએ કિકિયારીઓ કરી. જેઓ સૌથી વધુ ધાર્મિક તથા પવિત્ર ગણાતા હતા તેઓ

સૌથી મોટો પથ્થરોનો ઢગલો લઈને ઊભા હતા. તેમની ધાર્મિકતા તથા પવિત્રતા હમણાં થોડી જ વારમાં આ પથ્થરો દ્વારા ફૂટી નીકળવાની હતી. બિચારી પેલી અભિશપ્ત સ્ત્રી આંખ ઊંચી કરી શકતી ન હતી. તેનો દોષ એટલો હતો કે તેણે પુરુષ સાથે પ્રેમ કર્યો હતો.

વિશાળકાય અને ગોળી જેવા પેટવાળા ધર્મગુરુ ઉચ્ચસ્વરથી મંત્ર ભણી રહ્યા હતા. પેલી સ્ત્રી માનસિક રીતે મરવા તૈયાર હતી. ધર્મસ્થાને તથાકથિત ધાર્મિકતા તેની દુશ્મન થઈ ગઈ હતી. ઘણી આજીજી પછી પણ ધર્મગુરુનું હૃદય પીગળ્યું ન હતું, કારણ કે તેને ધર્મ તથા પવિત્રતા સાચવવાં હતાં!

મંત્રો પૂરા થયા. વિધિ–વિધાનોથી ટેવાઈ ગયેલું ટોળું સાવધાન થઈ ગયું. એક, બે અને ત્રણ થતાં જ નિશાનબાજો પોતાનાં નિશાનોનાં ચીંથરાં કાઢી નાખશે. ખબર નહીં, ધર્મ તથા ધર્મગુરુઓએ અત્યાર સુધી પવિત્રતાના નામે કેટલું લોહી રેડ્યું છે–કેટલા લોકોને રિબાવ્યા છે!

ધર્મગુરુએ ટોળા સામું જોયું. ટોળું વધુ સાવધાન થઈને પોતાનો પ્રથમ પથ્થર ખાલી ન જાય તે માટે એક આંખ બંધ કરીને નિશાન લેવા માંડ્યું.

પણ... પણ... ત્યાં એક દિવ્ય તેજસ્વી કરુણામૂર્તિ સંત પધાર્યા. તેમના વ્યક્તિત્વની છાપ ટોળા ઉપર પથરાઈ ગઈ. ક્ષણવારમાં જ તે પરિસ્થિતિને પામી ગયા. ચોગાન વચ્ચે પેલી અભિશપ્ત સ્ત્રી પાસે જઈને તેઓ ઊભા રહ્યા. પથ્થર સહિત ઊંચા કરેલા હાથવાળા ટોળાને ઉદ્દેશીને તેઓ ધીરગંભીર સ્વરે બોલ્યાઃ

‘ભાઈઓ, બહેનો, આ પાપી સ્ત્રીને તમે પથ્થરોથી મારી નાખવા માગો છો તે સારું જ છે. પણ... પણ સાંભળો જે પાપ પ્રત્યે તમને આટલી ઘૃણા છે તેવું પાપ તમારામાંથી જેણે ન કર્યું હોય તે જ પથ્થર મારી શકે. જેનાથી જાણતાં–અજાણતાં પણ આવું પાપ થઈ ગયું હોય તેને પથ્થર મારવાનો હક નથી.’

કવિશ્રી નિરંજન ભગતે આ ભાવને સુંદર અભિવ્યક્તિ આપી છેઃ

> *જેણે પાપ કર્યું ના એક્કે તે પથ્થર પ્હેલો ફેંકે,*
> *પથ્થર થરથર ધ્રૂજે.*

સંતનું ઓજ અદ્વિતીય હતું. ધીરેધીરે પથ્થરવાળા ઊંચા હાથ નીચા થઈ ગયા. ધર્મગુરુ સ્વયં મ્લાન વદનવાળો થઈ ગયો હતો. સૌએ કોઈ ને કોઈ અંશમાં આવું પાપ કર્યું હતું, પણ ‘છીંડે ચડ્યો ચોર’ પ્રમાણે આ બે ઝડપાઈ ગયાં હતાં. કુલટા સતીપણાનો સૌથી વધુ દંભ કરતી હોય છે, તેમ અહીં પણ નામચીન પાપીઓ પથ્થરમારો કરવા ભેગા થયા હતા.

સંતે ધર્મગુરુ તરફ જોયું અને કહ્યુંઃ ‘ધર્મની મહત્તા પથ્થરો મરાવવામાં નહીં, ક્ષમા આપવામાં છે. પથ્થરો મારનારા અંતે પથ્થરોથી મરશે. ધર્મની સ્થાપના પથ્થરોથી નહીં, ક્ષમાથી થતી હોય છે, ક્ષમા કરો... ક્ષમા કરો... અને ક્ષમા પ્રાપ્ત કરો.

પેલી અભિશપ્ત સ્ત્રી જે પથ્થરોના વરસાદની આંખો બંધ કરીને રાહ જોઈ રહી હતી, જેને ધર્મમાં શેતાન તથા ધર્માસન ઉપર જલ્લાદનાં દર્શન થઈ રહ્યાં હતાં તેણે આંખો ઉઘાડી અને જોયું તો કોઈ સાચો દેવદૂત તેની નજીકમાં ક્ષમાનાં નીર વહાવી રહ્યો છે. ધીરેધીરે ટોળું વીખરાઈ ગયું. પેલા સંતે પેલી સ્ત્રીના માથા ઉપર હાથ મૂકીને કહ્યુંઃ ‘તમે નિર્દોષ છો. ચાલો મારી સાથે, આપણે એવો ધર્મ સ્થાપિત કરીએ જે ઘૃણાના પથ્થરો નહીં પણ ક્ષમાનાં પુષ્પો વેરતો હોય.’

*

# 4. ક્ષમાની સીમા

પ્રતિકાર અને બદલો લેવાની વૃત્તિ પ્રાયઃ પ્રત્યેક માણસમાં થોડાઘણા અંશમાં હોય છે. કેટલીક વાર એ જરૂરી પણ છે. જો તમારામાં એવી વૃત્તિનો તદ્દન અભાવ હોય તો તમે નમાલા થઈ જાઓ. પણ આવી વૃત્તિનો પણ વિવેક હોવો ઘટે. વારંવાર બદલો લેવાની વૃત્તિવાળો માણસ પોતે સુખી નથી થતો અને બીજાને પણ સુખી થવા દેતો નથી. વેરના અગ્નિમાં તે પોતે શેકાયા કરે છે અને બીજા કેટલાયને શેક્યા કરે છે. આવા માણસને ડંખીલો માણસ કહેવાય છે. બધા માણસો સારા, પણ ડંખીલો માણસ બહુ ખોટો. સમય આવ્યે તે ડંખ મારીને જ જંપતો હોય છે.

જે વ્યક્તિમાં ક્ષમાના ગુણનો વિકાસ થયો હોય છે તે ડંખીલો નથી હોતો. આવો માણસ શત્રુઓનું પણ મિત્રોમાં પરિવર્તન કરી શક્તો હોય છે.

ક્ષમા શક્તિશાળીને શોભે; શક્તિહીનની ક્ષમાનો કશો ખાસ અર્થ નથી રહેતો. સિંહ ઉંદરને ક્ષમા કરે, પણ ઉંદર સિંહને ક્ષમા કરે તો તે વાત હાસ્યાસ્પદ લાગે. એટલે શક્તિશાળી જ્યારે કોઈ અત્યંત દુર્બળ પાસે પણ પોતાની ભૂલની ક્ષમા માગે છે ત્યારે ધર્મ સોળે કળાએ ખીલી ઊઠે છે અને દેવો પુષ્પવૃષ્ટિ કરે છે. સમર્થ વ્યક્તિનું આવું એક ડગલું હજારો અસમર્થો માટે જીવનમંગળ બની જતું હોય છે. કોઈનું હૃદય નિર્મળ થયું છે કે કૂણું થયું છે તેની પ્રતીતિ તેના ક્ષમાભાવથી થતી હોય છે. વારંવાર ડંખ મારનાર વીંછીને પણ બચાવનાર સંત સાક્ષાત્ ક્ષમામૂર્તિ જ હશે. પોતાને ઝેર આપનાર રસોઇયાને પૈસા આપી ભગાડી દેનાર સ્વામી દયાનંદ સરસ્વતી ક્ષમામૂર્તિ જ કહેવાય. ક્ષમાની પરાકાષ્ઠા તો બાઇબલમાં છેઃ 'તારે ડાબે ગાલે કોઈ તમાચો મારે તો જમણો ગાલ તેની સામે ધરી દેજે.' કોઈ આપણને તમાચો મારે અને આપણે શક્તિ હોવા છતાં સહન કરી લઈએ–અરે, ક્ષમા પણ કરી દઈએ તે તો ઠીક, પણ આ તો ઉપદેશ આપે છે કે 'ના... ના... તેટલું જ પર્યાપ્ત નથી... તેની પ્રહારવૃત્તિથી તેને સુખ મળે છે એટલે તેના સુખને ચાલુ રાખવા બીજો ગાલ ધરી દે.' આમ વારંવાર ગાલ ધરતા રહેવાથી તો તેની પ્રહારશક્તિ વધતી નહીં જાય?–આવી આશંકા થઈ શકે. પણ ખરેખર આવા પ્રસંગે કઠોર તથા ક્રૂર માણસ પણ પાછો પડી જતો હોય છે. તેની પ્રહારવૃત્તિ શિથિલ થઈને પશ્ચાત્તાપ તરફ ઢળતી હોય છે. પણ આ બધું ત્યારે શક્ય છે કે જ્યારે ગાલ ધરનાર સ્વયં એક નિશ્ચિત આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચેલો હોય. વિરોધ કે વૈરવૃત્તિ સાથે ગાલ ધરનાર ક્ષમાશક્તિ પ્રાપ્ત નથી કરી શકતો, એટલે ધાર્યાં પરિણામ પણ મેળવી શકાતાં નથી.

*ક્ષમા ખડ્ગઃ કરે યસ્ય દુર્જનઃ કિં કરિષ્યતિ?*

(જેના હાથમાં ક્ષમાનું ખડ્ગ હોય તેને દુર્જન શું કરશે? અર્થાત્ તેને હાનિ નહીં પહોંચાડી શકે.)

નીતિકારે 'દુર્જન શું કરી લેશે?' એવો ભાવ બતાવ્યો છે તેમાં હાનિ નહીં પહોંચાડે તેવી ભાવના કરતાં હાનિને પણ સહન કરી લેવાની વૃત્તિ હોવાથી ક્ષમાશીલ વ્યક્તિને ક્ષમા આપવાના સ્વભાવથી થયેલી હાનિને પણ તે હસતાંહસતાં સહી લેતો હોય છે. ક્ષમા કરવાથી થયેલી હાનિ માટે તેને પશ્ચાત્તાપ નથી થતો તેમ બતાવવાનો પ્રયત્ન છે. ઉત્તમ જીવન અને ઉત્તમ સમાજ માટે ક્ષમાગુણ અનિવાર્ય છે.

## ક્ષમાની સીમા

પૂર્વે કહ્યું તેમ પ્રત્યેક સદ્ગુણ પોતાની સીમા સુધી જ સદ્ગુણ રહેતો હોય છે. સીમા વટાવ્યા પછી તે દુર્ગુણ બની જતો હોય છે. ક્ષમા માટે પણ તેવી જ સ્થિતિ છે. જેણે અજ્ઞાન, મોહ કે કુસંગવશ અપરાધ કર્યો હોય અને હવે તેને પશ્ચાત્તાપ થતો હોય, તે પોતાનું જીવન સુધારવા તૈયાર હોય એવી વ્યક્તિને ક્ષમા આપવી તે ધર્મ છે. (આવી વ્યક્તિને ક્ષમા ન આપવી તે કોઈ પ્રસંગે અધર્મ પણ થઈ શકે.) પણ રીઢા ગુનેગારો, ખૂંખાર આતતાયીઓ, માનવતાના ઘોર શત્રુઓ તથા ફરીથી સુધરવાની ઇચ્છા વિનાના, માત્ર છૂટી જવા માટે ક્ષમા માગનારા માણસોને ક્ષમા આપવી તે ક્ષમાગુણનો દુરુપયોગ કર્યો કહેવાય. તેમાં પણ એક વ્યક્તિ અન્ય વ્યક્તિને ક્ષમા કરે અને પરિણામ ભોગવે તો ચાલે, પણ જ્યાં એક વ્યક્તિ અન્ય વ્યક્તિ કે સમાજને ક્ષમા કરી પૂરા સમાજને પરિણામ ભોગવતો કરી દે તે ક્ષમાગુણનો દુરુપયોગ છે.

સ્થાન તથા કાળ બદલાવાથી પણ ગુણની સ્થિતિ બદલાઈ જાય છે. એક યતિ કોઈ પાપીને ક્ષમા કરે તો તે તેના માટે ઉત્તમ ધર્મ કહેવાય,

પણ એક ન્યાયાધીશ જો રીઢા ગુનેગારોને ક્ષમા કર્યા કરે તો તે અધર્મ થઈ જાય.

*ક્ષમા શસ્ત્રો ચ મિત્રે ચ યતીનાં તુ ભૂષણમ્।*

*અપરાધિષુ સત્ત્વેષુ નૃપતીનાં તદ્દૂણમ્॥ (મહાભારત)*

સામાન્ય રીતે આતતાયી ક્ષમાનો અધિકારી નથી હોતો. તે દંડનો અધિકારી હોય છે.

*અગ્નિદો ગરદશ્ચૈવ ધનહારી ચ સુપ્તઘઃ।*

*ક્ષેત્રદારાપહારી ચ ષડેતે હ્યાતતાયિનઃ॥*

અગ્નિ લગાડનાર, ઝેર આપનાર, ધનહરણ કરનાર, સૂતેલાને મારનાર, જમીન તથા સ્ત્રીનું અપહરણ કરનાર–એમ આ છ કાર્યો કરનારને આતતાયી કહેવાય છે.

પ્રત્યેક સમાજમાં ન્યૂનાધિક અપરાધોનું પરિણામ રહેવાનું જ. અપરાધોની વૃદ્ધિ અથવા ઘટાડો એ રાજવ્યવસ્થાને આધીન છે. ઉત્તમ રાજવ્યવસ્થાની નિશાની અપરાધોની ન્યૂનતા દ્વારા જાણી શકાય. અપરાધીઓ વારંવાર પકડાય જ નહીં, પકડાય તો નિર્દોષ છૂટી જાય– અરે, ખુદ રાજવ્યવસ્થામાંથી જ તેમના હમદર્દીઓ તેમને છોડાવવા રાજસત્તાનો ઉપયોગ કરે, અપરાધીઓ નિર્ભય થઈને ફરે, એટલું જ નહીં. પણ તેઓ ભય અને આતંકના વાતાવરણનું સર્જન કરે, સાચા, સારા અને ભલા માણસોનું જીવન ભયભીત બની જાય–આવી પરિસ્થિતિની જનક રાજવ્યવસ્થા કહી શકાય.

એટલે ક્ષમાગુણની પણ સીમા હોય છે. આ સીમા પણ સૌ માટે સરખી નથી હોતી. યતિ માટે ઘણી મોટી સીમા હોય, તો રાજવી કે ન્યાયાધીશો માટે તે મર્યાદિત હોય. વ્યક્તિ, વ્યક્તિ પ્રત્યે તે મોટી હોય, પણ વ્યક્તિ તથા સમાજ વચ્ચે મર્યાદિત હોય. બધા જ સદ્‌ગુણોનો શુભાશય લોકોને સુખી કરવાનો છે. જો સદ્‌ગુણોના અવિવેકથી પ્રજા દુઃખી થતી હોય તો તે સદ્‌ગુણો દુર્ગુણો જ થયા કહેવાય. પૃથ્વીરાજ શાહબુદ્દીન ઘોરીને ક્ષમા કરીને પોતાના વતનમાં હેમખેમ જવા દે અને શાહબુદ્દીન બીજા જ વર્ષે સેના સાથે આવી પહોંચી પૃથ્વીરાજનો નાશ કરી ભારતને ગુલામ બનાવે તો આવી ક્ષમાવૃત્તિ પ્રજાના દુઃખનું ભયંકર કારણ બની કહેવાય. પૂરી પ્રજાનું ભવિષ્ય અંધકારમય થઈ જવાનું હોય તેવી ક્ષમા મનમાની રીતે કોઈ પણ વ્યક્તિને આપવાનો અધિકાર ન હોય. આવા સમયે રાજધર્મને યતિધર્મ સાથે સેળભેળ ન કરવો જોઈએ. ક્ષમાના દુરુપયોગથી પણ અપરાધી માનસ વધતું હોય છે તે વાત કર્યા પછી પણ મૂળ વાત તો એ જ છે કે પ્રજામાં ક્ષમાભાવ વધવાથી ધર્મભાવ વધે છે–ધર્મ સ્થાપિત થાય છે.

*

# 5. ‘દયયા ચ’

ધર્મની સ્થિરતા ક્ષમા તથા દયાથી મુખ્યતઃ થતી હોય છે. તેમાં ક્ષમાની ચર્ચા કરવામાં આવી. ક્ષમાનું પ્રેરકબળ દયા છે. જોકે કેટલીક વાક મુત્સદ્દીપણું પણ તેમાં પ્રેરકબળ બનતું હોય છે. અમુક ક્ષમા કરવાથી અમુક લાભ પ્રાપ્ત થઈ શકે તેમ છે તેવું જ્ઞાન પણ ક્ષમામાં પ્રેરક બની શકતું હોય છે. આવી બુદ્ધિ તથા સમજણપૂર્વકની ક્ષમાથી અશત્રુતા વધતી હોય છે તથા જીવન વધુ શાંતિમય બનતું હોય છે, પણ ક્ષમાવૃત્તિનું મુખ્ય પ્રેરકબળ તો દયા છે.

પરમેશ્વરે સૌથી ઉત્તમ લાગણી દયાની બનાવી છે. જે દયાળુ નથી તે ઈશ્વર નથી, જે દયાળુ નથી, તે સંત નથી, જે દયાળુ નથી તે માનવ નથી. બાહ્ય દશ્યો અને પરિસ્થિતિ અનુભવતાં આપણી લાગણીના તારો ઝણઝણી ઊઠે છે. લાગણીઓ શતમુખી હોય છે. તેમનું પ્રત્યેક મુખ એક ગુણ અથવા દોષને પ્રગટાવતું હોય છે. રાગ–દ્વેષ, પ્રેમ, સૌજન્ય, ઈર્ષ્યા–અસૂયા, વગેરે વગેરે. આ સૌમાં પરમ કલ્યાણકારી લાગણી એ દયા છે. દયાળુ સ્વભાવ મળવો એ મોટામાં મોટી બક્ષિસ છે. દયાની પોષક ઉદારતા છે અને ઉદારતાની પ્રેરક ઘણી વાર દયા થઈ જતી હોય છે. સ્વાર્થી, નિર્દયી અને લોભી સ્વભાવ માણસને અધમ બનાવી દેતો હોય છે.

## દયાનાં બે રૂપ

દયાનાં બે સ્વરૂપ છેઃ (1) દુઃખી જીવો પ્રત્યે અને (2) અપરાધીઓ પ્રત્યે.

આપણી ચારે તરફ અસંખ્ય જીવો દુઃખ ભોગવી રહ્યા છે. કોઈને ભયંકર રોગો થયા છે તો કોઈને માનસિક પીડા ઊંઘવા નથી દેતી, કોઈ રાજકીય અત્યાચારનો શિકાર થયો છે તો કોઈના ઉપર સામાજિક બહિષ્કારનો પંજો પડ્યો છે. કોઈ પૈસા વિના ટળવળે છે, કોઈ સ્વજન વિના વલવલે છે. ઉપરથી સુખી દેખાતા માણસો પણ અંદરથી તો ઘણી વાર દુઃખી હોય છે. એટલે બુદ્ધે કહ્યું છે કે, ‘દુઃખં દુઃખં સર્વં દુઃખમ્’ ચારે તરફ દુઃખ જ દુઃખ છે.

હરતાંફરતાં તમારી દૃષ્ટિએ અસંખ્ય દુખિયારા માણસો ચડવાના. તમે પોતે પણ ઘણી વાર ઘણુંઘણું દુઃખ ભોગવ્યું હશે. સંસાર એક યાતના–શિબિર છે. અનેક પ્રકારની યાતનાઓથી લોકો સંતપ્ત થઈ રહ્યા છે. આ બધું દયાળુ માણસથી જોઈ શકાતું નથી. બુદ્ધના વૈરાગ્યમાં યાતનામય સંસાર કારણ છે. ત્યારે હવે કરશો શું? ઘણા લોકો આ યાતના–શિબિરથી એટલા બધા રૂઢ થઈ ગયા હોય છે કે તેમને તેની જરા પણ લાગણી થતી નથી. તેઓ ગીધડાંની માફક મડદાં વચ્ચે મહેફિલ ઉડાવતા હોય છે. અન્યની વેદના એમના આનંદનું કારણ બનતી હોય છે. આવા માણસો મંદિરના પૂજારી, ધર્મગુરુ, શાસ્ત્રી કે સ્વામી પણ હોઈ શકે છે. જો પ્રત્યેક મંદિર તથા પ્રત્યેક ધર્મસ્થાનનું સંચાલન કોઈ દયાળુ વ્યક્તિના હાથમાં હોત તો મંદિર તથા ધર્મસ્થાનો આટલાં નિસ્તેજ ન થયાં હોત.

વ્યક્તિમાં પડેલી દયાને જાગ્રત કરી તેની અભિવૃદ્ધિ કરી તેના દ્વારા દુઃખી માનવસમાજને લાભાન્વિત કરવો એ કામ ધર્મનું છે. પ્રવચનો સાંભળીને પણ કોઈનો ક્ષમાભાવ ન વધે કે દયાભાવ ન વધે તો એ પ્રવચનો ધર્મપ્રચારનાં ન કહી શકાય.

નીતિકાર કહે છેઃ

> *યસ્ય ચિત્તં દ્રવીભૂતં કૃપયા સર્વજંતુષુ।*
> *કિં તેન જ્ઞાનેન ધ્યાનેન કિં જટા ભસ્મલેપનૈઃ॥*

(જેનું ચિત્ત દયા દ્વારા દ્રવિત થઈ જાય છે તેને બહુ મોટાં શાસ્ત્રોના જ્ઞાનની, ધ્યાનની, જટા વધારવાની કે ભસ્મ વગેરે લેપવાની શી જરૂર છે?)

દયા જ ધર્મનું મૂળ છે. દયા વિના બાકી ગમે તેટલા બાહ્યાચારો વ્યક્તિ કરતી હોય તેથી કાંઈ ધર્મ સ્થાપિત ન થઈ જાય. દીનદુખિયાનાં આંસુ લૂછનારા ધર્મને સ્થિર કરતા હોય છે.

દયાનું બીજું ક્ષેત્ર અપરાધીઓ પ્રત્યેનું હોય છે. અહલ્યાના પાપને જોઈને આખો સમાજ તેના પ્રત્યે ધિક્કારભાવ રાખતો હતો. પણ પરમ કૃપાળુ શ્રીરામનું હૃદય પરમ કરુણાભાવ રાખતું હતું. એટલે જ તેને શિલામાંથી (જડતામાંથી) સતી બનાવી. ખરેખર તો જે ક્ષણે તેમણે પતિત અહલ્યાને પુનિત–સતી–બનાવી તે જ ક્ષણે તેઓ પોતે પણ ભગવાન થયા. જો તેમણે તેવું ન કર્યું હોત તો તેઓ ભગવાન થઈ

શક્યા ન હોત. જાણતાં–અજાણતાં થયેલાં સ્ખલનોને દયાથી જોવાં જોઈએ–કઠોરતાથી નહીં. કોઈના પણ માટે આવું થઈ જવું શક્ય છે. બાળ–અપરાધો, અજ્ઞાનથી થતા અપરાધો, કુસંગથી થયેલા અપરાધો, પરિસ્થિતિની ભીષણતામાં થયેલા અપરાધો તથા સદ્ભાવનાથી થયેલા અપરાધોનો દંડ કરવાનો ન હોય, હોય તો ઓછો હોય. આ બધાં દયાને પાત્ર ગણાવાં જોઈએ. કેટલાંય બાળકો નાનીનાની ચોરી અથવા અન્ય હાનિકારક કાર્ય કરી બેસતાં હોય છે. આવાં બાળ–અપરાધીઓ દયાને પાત્ર સમજાવાં જોઈએ.

સમજણનો વિકાસ ન થયો હોય તો માણસ અપરાધ કરી બેસતો હોય છે. કેટલીક વાર ધાર્મિક કે સામાજિક ખોટી સમજણથી પણ અપરાધ થતા હોય છે. બલિદાન દેવાથી (કેટલીક વાર નરબલિદાન પણ અપાતું સાંભળ્યું છે) ધર્મ થાય છે એવી ખોટી સમજણથી અમાપ અપરાધો થાય છે. આવી જ રીતે કાશીમાં કરવત લેવડાવવી કે અન્ય રીતે મોક્ષાર્થીને મરાવી નાખવો. કન્યાઓને દેવદાસીઓ બનાવી દેવી કે દેહદમન માટે ઘોર યંત્રણાઓ સહન કરવી કે કરાવવી–આ બધું ધાર્મિક ખોટી સમજણથી લોકો કરતા–કરાવતા હોય છે. આવા માણસો પણ દયાને પાત્ર ગણાવા જોઈએ. તેમને સાચી સમજણ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવાથી આવા અપરાધો ઓછા થઈ જશે.

સામાજિક ક્ષેત્રની ખોટી સમજણોનો પાર નથી. કુળની મોટાઈ તથા સ્ત્રીના પાતિવ્રત્યને પ્રદર્શિત કરવા વિધવા થયેલી સ્ત્રીને પતિની જોડે ચિતા ઉપર ચઢાવી દેવી, કદાચ તેને સતી થવા માટે બાળી મૂકવામાં ન આવે તોપણ જીવનભર વિધવા રહેવાની ફરજ પાડી તેને રિબાવીરિબાવીને જિવાડવી, દહેજ લેવો, બારમાં કરવાં, કન્યાઓને દૂધપીતી કરવી, વગેરે ખોટી સમજણથી થનારા અપરાધો છે. સાચી સમજણ આપવામાં આવે તો આમાં પરિવર્તન થઈ શકે છે. રૂઢિવાદમાંથી સમાજને મુક્ત કરવા સમાજસુધારકોએ પ્રચંડ પુરુષાર્થ કર્યો છે, તેનું જ અત્યારે આપણે કાંઈક સારું પરિણામ ભોગવી રહ્યા છીએ. સમાજસુધારકો રૂઢિવાદી(ખોટી સમજણ)ઓ પ્રત્યે વૈરભાવ ન રાખી શકે, દયાભાવ જ રાખી શકે. જિસસને ફાંસીએ ચડાવનારને જિસસ શાપ ન આપે, દયાભાવથી ક્ષમા જ આપે. એટલે રૂઢિવાદી થવું એ તો સાવ સરળ છે. જૂની લીટીને પીટ્યા કરવી એમાં કશી બહાદુરી નથી. લોકોના મગજમાં જે વાત પ્રથમથી જ ઘર કરી બેઠી છે તેને સ્થાપિત ને પ્રસ્થાપિત કરવામાં તો ઘી–કેળાં જ છે. ખરી કસોટી તો હાનિકર રૂઢિઓનો ઉચ્છેદ કરવામાં કે પરિવર્તન કરવામાં છે.

ઘણી વાર સારો માણસ પણ કુસંગના કારણે અપરાધી થઈ જતો હોય છે. વાલ્મીકિ, બિલ્વમંગળ, વગેરે જેવા અનેક માણસો કુસંગથી અપરાધી બન્યા હોય છે. લાભથી કે અન્ય હેતુઓથી થયેલા અપરાધીઓને સુધારવા કરતાં કોઈ વાસનાથી થયેલા અપરાધી માણસને સુધારવા અત્યંત કઠિન હોય છે. લોભાદિનો વિકલ્પ આપીને માણસને સુધારી શકાય. જેમ કે દારૂ ગાળવાના કામમાં રોકાયેલાને નોકરી–ધંધો આપીને અપરાધથી છોડાવી શકાય, પણ કામવાસનાથી ગ્રસ્ત માણસને વાળવો કઠિન છે. વ્યક્તિપરક લાગણી–લાગણીનો દુરાગ્રહ–તેને સાચા તથા ઉત્તમ વિકલ્પને પણ સ્વીકારવા દેતો નથી. દેવી જેવી પત્નીનો તિરસ્કાર કરીને વેશ્યા જેવી સ્ત્રીઓમાં ખૂંચી જનારા ક્યાં નથી હોતા? દુનિયાનાં તમામ શાસ્ત્રો કે તમામ સંતો પણ કદાચ તેમને સમજાવી નહીં શકે. હા, તેઓ સમજશે તો તેમની આસક્તિના મૂળમાત્રની અસલિયતનું ભાન થવાથી. આવા સમયે પોતાના ધર્મપાત્રની ઉચ્ચ નિષ્ઠા તેને ધર્મમાર્ગ તરફ ખેંચી લાવશે. આવી રીતે કુસંગથી પતિત થયેલા માણસો દયાને પાત્ર છે. તેઓ કામવાસનાના અપરાધનું ફળ તો ભોગવી રહ્યા હોય છે. પોતાનાં પ્રિયજનો તથા સ્વજનોનો ત્યાગ–તિરસ્કાર, અપ્રતિષ્ઠા, અશાન્તિ, દ્વિધાભાવ, તન–મન–ધનની ખુવારી વગેરે તેમને દંડરૂપમાં મળતું જ હોય છે. કુસંગનો ભોરિંગ જેને પણ ડંખે તેનું જીવન ઝેરઝેર થઈ જતું હોય છે. આવા માણસોનું ઝેર ઉતારવાનું હોય દયાથી, ધિક્કારથી નહીં.

પરિસ્થિતિની ભીષણતામાં વ્યક્તિ તણાઈને કેટલીક વાર અપરાધ કરી બેસતી હોય છે. બનેલી ઘટના છે. ઉત્તર ગુજરાતના એક નાનાસરખા ગામમાં કડવા પાટીદારની વસ્તી. એક સ્ત્રી વિધવા થઈ. તેને નાનાંનાનાં બે બાળકો. બંનેને મૂકીને તે સામેના જ ઘરમાં નાતરે ગઈ. લોકોને ન ગમ્યું, પણ પેલી બાઈ કોઈને ગાંઠે કે કોઈનું માને તેવી ન હતી. તેણે તેનું પોતાનું ધાર્યું જ કર્યું. છોકરાઓ મોટા થયા, બાપાની ખેતી કરતા રહ્યા. સામે જ ઘરે પોતાની માતાને અન્યની પત્ની તરીકે જોવાનું આપણે ત્યાં સહ્ય નથી, છતાં સહેતા રહ્યા. પણ પેલી બાઈ અવારનવાર કોઈ ને કોઈ મે'ણાંટોણા બોલીને પોતાના જ છોકરાઓ સાથે ક્લેશ કરતી રહી.

એક દિવસ બપોરના એક વાગ્યે નાનો છોકરો ખેતરથી બળ્યોઝળ્યો આવેલો. ભૂખતરસથી તે વ્યગ્ર હતો. બળદને ગાડાથી છોડીને ખીલે બાંધતો હતો. બરાબર આ જ સમયે પેલી બાઈએ–તેની માતાએ–ઝઘડો શરૂ કર્યો. તે મરનાર તેના પ્રથમ પતિ તથા આ છોકરાઓને ગમે તેમ બોલવા લાગી. પેલા બળીઝળી રહેલા છોકરાએ સહન કરી લેવા ઘણો પ્રયત્ન કર્યો, પણ અંતે તેનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. ક્રોધના વેગમાં તે ભાન ભૂલ્યો અને ધારિયાના એક ઝાટકે પોતાની સગી માતાનું માથું ધડથી જુદું કરી નાખ્યું.

તેના બીજા પતિએ કેસ કર્યો.

નવાઈની વાત એ કે કેસમાં નાના છોકરાની જગ્યાએ મોટા છોકરાને હત્યા કરનાર બતાવ્યો. કેસ સાબિત થયો અને મોટા છોકરાને જન્મટીપની સજા થઈ.

આવા અસંખ્ય અપરાધો પરિસ્થિતિની ભીષણતાના દબાણમાં થઈ જતા હોય છે. સારા અને ભલા માણસો પણ આવા આવેશમાં અપરાધ કરી બેસતા હોય છે. આવા અપરાધ પણ દયાને પાત્ર ગણાવા જોઈએ. જે કાંઈ પેલા છોકરાથી થઈ ગયું તે બીજા કોઈનાથી પણ થઈ શકે તેમ હતું.

કેટલીક વાર સદ્ભાવનાથી પણ અપરાધ થઈ જતો હોય છે. અપરાધ કરનાર ભલું કરવા અથવા ભાવ બતાવવા કાંઈક કરતો હોય છે, પણ પરિણામ અપરાધમાં આવી જતું હોય છે.

એક બાઈ ગામની ભાગોળે માટીખાણમાં માટી ખોદવા ગયેલી. ઉપરથી ભેખડ તૂટી પડતાં દબાઈ. સાથેની છોકરીએ બૂમાબૂમ કરતાં ચારે તરફથી માણસો દોડી આવ્યા. દબાયેલી બાઈનું ગળું તથા હાથ દેખાતા હતા. સૌએ એકસાથે મળીને જોર કરીને પેલી માટીમાંથી બાઈને ખેંચી કાઢી. ખેંચી તો કાઢી પણ તેના કેડના તથા કરોડરજ્જુના અંકોડા તૂટી ગયા. તે 3–4 વર્ષ જીવી પણ ભયંકર યાતના સહન કરીને જીવી. તે સારી ન થઈ શકી. જો પેલા બચાવનાર માણસોએ તેને ખેંચી ન કાઢતાં ઉપરથી માટી દૂર કરીને પછી કાઢી હોત તો આવું ન થાત, પણ તેમને તેવો કશો ખ્યાલ રહ્યો નહીં. ઝટપટ બહાર કાઢવાની તાલાવેલીમાં ભલાઈ કરતાં તેમનાથી અપરાધ થઈ ગયો. વીજળીનો કરંટ લાગેલા માણસને જેમ કોઈ પાણી છાંટીને શાન્ત કરવા પ્રયત્ન કરે, તેમ તેમનાથી સદ્ભાવના હોવા છતાં ઊલટું કામ થઈ ગયું.

આવા અપરાધો દયાને પાત્ર ગણાવા જોઈએ.

અપરાધ કરવાની મનોવૃત્તિથી નહીં, પણ અન્ય રીતે અપરાધ થઈ ગયા હોય તે બધા દયાને પાત્ર ગણાય. હા, કેટલીક વાર દંડ પણ કરવો પડે, પણ તે અલ્પ માત્રામાં જ કરવાનો હોય.

જે શાસનમાં, જે સમાજમાં કે જે ધર્મમાં આ પ્રકારના અપરાધીઓ પ્રત્યે દયાભાવ રાખવામાં આવે છે ત્યાં ધર્મ વિજયી થતો હોય છે.

*

# 6. દયાની સીમા

બીજા ગુણોની માફક દયા પણ એક નિશ્ચિત સીમા સુધી જ સદ્ગુણ રહે છે. સીમા વટાવતાં જ તે દુર્ગુણ થવા માંડે છે.

હિન્દુ પ્રજા–તેમાં પણ જૈન પ્રજા દુનિયાની સૌથી વધુ દયાળુ પ્રજા કહેવાય છે, પણ તે ઘણી વાર દયાની સીમા વટાવી દે છે એટલે કેટલીક વાર તેની દયા દુર્ગુણ બનીને હાનિ પણ પહોંચાડે છે.

કેટલાક કસાઈઓ બકરાં કે ગાયોને કસાઈખાને લઈ જઈ રહ્યા છે. જીવદયાથી અભિરંજિત ચિત્તવાળી દયાળુ વ્યક્તિ કે સમાજને દયા થઈ આવે છે, 'અરે...રે... આ મૂંગા જીવોને કતલખાને ન લઈ જાઓ!' તે પેલા કસાઈને વીનવે છે. (કસાઈ ઉપર હુમલો કરી શૌર્યથી છોડાવી લેવાની હિંમત નથી.) ઘણી રકઝક પછી પેલી દયાળુ વર્ગની દુર્બળ નાડને પારખી ગયેલો કસાઈ બે ત્રણગણા ભાવ લઈને પશુઓને છોડી મૂકે છે.

લોકો રાજી રાજી થઈ જાય છે. પ્રાણીઓને બચાવ્યાનો અને તે રીતે ધર્મ કર્યાનો તેમને આનંદ થાય છે, પણ તેમને ક્યાં ખબર છે કે તેમના આપેલા પૈસાથી આ કસાઈ બેત્રણગણાં પશુઓ ખરીદશે તથા બેત્રણગણી હત્યા કરશે.

આવા પ્રસંગે દયાના વેગને કાબૂમાં રાખીને થનારી હિંસાને શૌર્ય દ્વારા અટકાવવી જોઈએ. જો શોર્ય ન હોય તો એવી હિંસાને સહી લેવી જોઈએ, પણ વધારે પૈસા આપી વધુ હિંસાને ઉત્તેજન મળે તેવી દયા તો ન જ કરવી જોઈએ.

આટલા માણસો ઉપર દયા ન કરાયઃ માનવતાદ્રોહી, દેશદ્રોહી, રીઢા અપરાધીઓ, વગેરે.

માનવજાતને આયોજનપૂર્વક ગંભીર હાનિ પહોંચાડવી તે માનવતાદ્રોહ છે. આવી હાનિ ધર્મ, સમાજ, અર્થ, રાજ્ય તથા નિજી સ્વાર્થથી પહોંચતી હોય છે.

ધર્મવ્યવસ્થા ન્યાયસંગત હોવી જોઈએ. એક વર્ણ કે એક વર્ગના હિત માટે તથા બીજા વર્ગ કે બીજા વર્ણના શોષણ માટે બનાવાયેલી ધર્મવ્યવસ્થા માનવતાદ્રોહી કહી શકાય. આપણે વર્ણવ્યવસ્થા દ્વારા સ્ત્રીઓ, શૂદ્રો, મહાશૂદ્રો તથા બીજી ઘણી પ્રજાને ભયંકર હાનિ પહોંચાડી છે. એક વર્ણના માણસો કાંઈ પણ કાર્ય કર્યા વિના દક્ષિણા સહિત લાડવા ખાઈખાઈને પોતાનો મેદ વધાર્યા કરે અને બીજા વર્ગના પરસેવો પાડનારા માણસોને સૂકો રોટલો ન મળે, એટલું જ નહીં, એક અનુત્પાદક, પરોપજીવી વર્ગ પગ પૂજાવે, પ્રતિષ્ઠાપૂર્વક જીવે, જ્યારે બીજો શ્રમજીવી વર્ગ અપ્રતિષ્ઠિત થઈને જીવે તથા તેને નજીક પણ આવવા ન દેવાય–આવી ધર્મવ્યવસ્થા–વર્ણવ્યવસ્થા–માવતાદ્રોહી કહેવાય. સંપૂર્ણ માનવજાત માટે ધર્મની દૃષ્ટિ સરખી હોવી ઘટે, પણ જો તે પોતે જ વિષમતા ઊભી કરી દે તો તેવો ધર્મ ધાર્મિકતાનો–માનવતાનો દ્રોહ કરનાર ગણાય.

સામાજિક રચના પણ માનવતાની પોષક હોવી જોઈએ. એક સમાજની રચના બીજા સમાજ માટે અથવા વ્યક્તિ માટે શોષણ કરનારી ન હોવી જોઈએ.

આર્થિક રીતે ઘણી વાર માનવતાની હત્યા કરવામાં આવતી હોય છે. શક્તિશાળી શ્રીમંતો ગરજવાળા મજૂરો, ગરીબો, કારીગરો, વગેરેને ઓછામાં ઓછું વેતન આપીને ઘણામાં ઘણું કામ લેતા હોય છે. કેટલાક અત્યંત ધાર્મિક ગણાતા માણસો પણ આવું કરતા હોય છે. તેમનો ધર્મ તેમને ભાન નથી કરાવતો કે તમે આર્થિક રીતે તમારા જ નફા–ઉત્પાદકનું લોહી ચૂસી રહ્યા છો.

કર્મકાંડ અને વિધિ–વિધાનોમાં અત્યંત રચ્યોપચ્યો રહેનારો ધાર્મિક વર્ગ સંવેદનશીલતા અથવા સાચી ધાર્મિકતા ખોઈ બેસતો હોય છે. એક નાસ્તિક જો પોતાના કારીગરોને પૂરું વેતન આપતો હોય તો તેને ભલે કોઈ ધાર્મિક ન કહે, પણ તે માનવતાદ્રોહી તો નથી. બીજી તરફ એક ચુસ્ત ધાર્મિક વ્યક્તિ કે સમાજ પૂજા–પાઠ, હોમ–હવનમાં રચ્યોપચ્યો રહીને પણ કારીગરોને પૂરું વેતન ન આપતો હોય, સહી કરાવે મોટી રકમ ઉપર અને આપે અડધી રકમ–આવા ગોરખધંધા કરતો હોય તો તે ભલે પોતાની જાતને ધાર્મિક માનત–મનાવતો હોય, પણ ખરેખર તો તેઓ માનવતાનો દ્રોહી જ કહેવાય. ધર્મ માનવતાદ્રોહી ન હોય તોપણ તેને પામનાર માણસ જો માનવતાદ્રોહનાં કાર્યો કરતો હશે તો તેના પ્રત્યેનો અણગમો ઠેઠ ધાર્મિકતા સુધી પ્રસરી જશે, લોકો ધર્મની ઠેકડી ઉડાડશે.

એક અત્યંત ધાર્મિક ગણાતા શેઠે થોડાં જ વર્ષો ઉપર વેજિટેબલ ઘીમાં કરોડો રૂપિયાની ગાયની ચરબી ભેળવી દીધી હતી. આવી ભેળસેળ

કરનારા–તેમાં પણ લોકોની લાગણી દુભાય તેટલી હદે ભેળસેળ કરનારા–માનવતાના દ્રોહી કહેવાય. તેઓ ક્ષમા કે દયાને પાત્ર ન ગણાય. કઠોર દંડ જ તેમના માટે જરૂરી થઈ જાય. દવાઓ તથા અન્ય તમામ ખાદ્યસામગ્રીમાં ભેળસેળ કરનારા દયાને પાત્ર ન ગણાય.

કેટલીક વાર રાજવ્યવસ્થા ખુદ માનવતાદ્રોહી બની જતી હોય છે. એકવર્ગીય અથવા એકવર્ણીય અથવા નિશ્ચિત વર્ગવિરોધી એવી અસંતુલિત રાજવ્યવસ્થા માનવતાની દ્રોહી કહેવાય. હિટલર વગેરેની એકવર્ગીય અથવા અન્યવર્ગદ્રોહી રાજવ્યવસ્થા માનવજાત માટે ભયંકર અભિશાપરૂપ બની જતી હોય છે. રાજશાસન કોઈને વિશેષ અધિકારો આપે અને કોઈને સામાન્ય અધિકારો પણ ન આપે તો તે માનવતાનો દ્રોહ છે.

નિજી સ્વાર્થ માટે પણ ઘણી વાર માનવતાદ્રોહનાં ભયંકર કામો થતાં હોય છે. એક મોટા શહેરના ઔદ્યોગિક વિસ્તારમાં રાસાયણિક કારખાનાંઓનું ઝેરી પાણી ક્યાં કાઢવું તે પ્રશ્ન વિકટ બન્યો હતો. કેટલાક નજીકની નદીમાં તે પાણીને ઠાલવતા, પણ કેટલાક લોકોએ વળી નવો માર્ગ શોધી કાઢ્યો. તેમણે પોતાની ફૅક્ટરીમાં બોર કરાવ્યો તથા તે બોરમાં દૂષિત રાસાયણિક પાણી ઠાલવવા માંડ્યા. ભૂગર્ભમાં રહેલા શુદ્ધ જળ સાથે આ જળ ભળ્યું. એ જ ભૂગર્ભમાંથી નગરને પીવાનું પાણી અપાતું એટલે બીજા બોરોમાંથી પેલું રાસાયણિક પાણી ખેંચાઈને નગરપ્રજાને પીવા માટે અપાતું. પરિણામે નગરમાં કોલેરા તથા કમળાનો રોગ ફાટી નીકળ્યો. અસંખ્ય માણસો મરવા તથા રિબાવા લાગ્યા. પોતાના આંધળા સ્વાર્થ માટે આ રીતે માનવજાત સાથે ચેડાં કરનાર ઉપર દયા કરવાની ન હોય.

જે દેશની ભૂમિમાં આપણે રહેતા હોઈએ, જેનાં અન્નજળ તથા હવાથી આપણે જીવતા હોઈએ તે દેશની આઝાદી, ગૌરવ કે સમૃદ્ધિને હાનિ પહોંચે તેવું જાણીજોઈને કાર્ય કરવું તે દેશદ્રોહ છે. દેશની રહસ્યભરી વાતો શત્રુઓને પહોંચાડનાર, દેશ અપકીર્તિવાળો થાય તેવાં કાર્યો કરનાર, દેશની સમૃદ્ધિ સમાપ્ત થઈ જાય તેવાં કાર્યો કરનાર–આ બધા દેશદ્રોહી જ કહેવાય. આવા દેશદ્રોહીઓ દયાને પાત્ર ન કહેવાય, તેઓ તો દાખલો બેસે તેવા કઠોર દંડને પાત્ર કહેવાય.

અસંખ્ય વાર અપરાધો કરી ચૂકેલા તથા ઘણી વાર જેલ ભોગવી ચૂકેલા છતાં જેઓ અપરાધો છોડવા તૈયાર ન હોય તેવા રીઢા અપરાધીઓ, જેમના અપરાધોથી માત્ર ધનહાનિ જ નહીં પણ આબરૂ તથા તન–મનને પણ હાનિ પહોંચતી હોય તેવા પશ્ચાત્તાપભાવ વિનાના ડામીસ અપરાધીઓ દયાના અધિકારી ન કહેવાય, પણ કઠોર દંડના જ ભાગી કહેવાય.

દયા જેવો ઉત્તમ ગુણ પણ જો પાત્ર–અપાત્રનો ભેદ રાખ્યા વિના અવિવેકપૂર્વક સૌની સાથે પ્રયુક્ત કરવામાં આવે તો તે ભયંકર દોષ બની જાય તથા પ્રજા દુ:ખ ભોગવે.

જુલમી રાજાઓના ત્રાસથી પ્રજા દુ:ખી થતી હોય છે. પણ અવિવેકપૂર્વકની દયા કરનાર શાસકોથી પ્રજા તેથી પણ વધુ દુ:ખી થતી હોય છે. આતતાયીઓ ઉપર થનારી દયા અંતે તો અત્યાચારોને જ વકરાવતી હોય છે. એટલે દયાની પણ સીમા છે. ખાસ કરીને શાસન ચલાવનાર શાસકોએ તો દયાનો ઉપયોગ બહુ જ સાવધાનીથી કરવાનો હોય છે. જો તેઓ સૌના ઉપર કઠોર દંડ કરે તો પ્રજા તેમને ક્રૂર કહી વિમુખ થઈ જાય. જો તેઓ કોઈના ઉપર દંડ ન કરે તો દુષ્ટોનું પ્રમાણ વધી જાય તથા પ્રજા દુ:ખી થાય, એટલે અત્યંત સાવધાનીથી તથા વિવેકપૂર્વક દયાનો ઉપયોગ કર્યો હોય તો ધર્મની સ્થાપના થઈ શકે. દયા વિના ધર્મની કલ્પના જ શક્ય નથી.

*

# 7. 'કેન વર્ધ્યતે ધર્મઃ ?'

ધર્મથી વધુ કલ્યાણકારી બીજું કાંઈ જ નથી અને અધર્મથી વધુ હાનિકર પણ બીજું કાંઈ નથી. જો આ વાત સાચી હોય તો ધર્મનો વધારો કરવાથી પ્રજાનું કલ્યાણ થાય તથા અધર્મનો વધારો થવાથી પ્રજા દુઃખી થાય એવું આપોઆપ ફલિત થયું. એટલે ધર્મની વૃદ્ધિ કરવાનું કાર્ય સૌથી વધુ મહત્ત્વનું થયું. અધર્મ આચરનાર કરતાં પણ અધર્મનો પ્રચાર કરનાર વધુ અધમ છે, કારણ કે એવા પ્રચારથી હજારો માણસો પાપી થઈ જતા હોય છે અને ધર્મપ્રચારથી હજારો નિર્મળ થઈ જતા હોય છે. આ જ કારણસર ધર્મપ્રચારકને આપણે પૂજ્ય ગણીએ છીએ. તે ધર્મનો–સાચા ધર્મનો–સંદેશ દૂરદૂર ઘર–ઘર સુધી પ્રસરાવી ધાર્મિક વાતાવરણનું નિર્માણ કરતો હોય છે. હા, પણ ધર્મ જ્યારે સંપ્રદાય, પંથ કે મંડળનું રૂપ ધારણ કરે છે ત્યારે તેની કલ્યાણકારિતા ઘટી જતી હોય છે. કેટલીક વાર તો તે અકલ્યાણકારી પણ થઈ જતો હોય છે, પણ તેની ચર્ચા પછી કરીશું. હમણાં તો ધર્મની વૃદ્ધિ શાથી થાય છે તેનો વિચાર કરવાનો છે.

ધર્મવૃદ્ધિ માટે મુખ્યતઃ બે તત્ત્વો કારણભૂત છેઃ (1) શીલ તથા (2) પરમાર્થ.

શીલ એટલે માનવીય જીવનનાં ઉચ્ચ મૂલ્યો, આદર્શો અથવા શુદ્ધાચારનું નિષ્ઠાપૂર્વક જતન કરવું તે.

પ્રત્યેક માનવ–સમુદાય જીવનનાં કાંઈક મૂલ્યો તો ધરાવતો જ હોય છે. અધમમાં અધમ સમાજ પણ સાવ મૂલ્યો વિનાનો નથી હોતો. આ મૂલ્યો એટલે આદર્શપૂર્ણ આચારો. આવા આચારો વિશ્વભરની તમામ પ્રજામાં એકસરખા નથી હોતા, એક જ પ્રજામાં પણ કાળની ગતિ સાથે મૂલ્યોમાં પરિવર્તન આવતું હોય છે. તેમ છતાં એવા કાંઈક આચારો હોય છે, જેથી વ્યક્તિ તથા પ્રજા ગૌરવપૂર્વક મહત્તા પ્રાપ્ત કરતી હોય છે. જેમ કે સત્યવાદી હરિશ્ચંદ્રનું સત્ય, સીતાજીનું પાતિવ્રત્ય, શ્રીરામનું એક–પત્નીવ્રત, લક્ષ્મણનો સંયમ, ભરતનો ત્યાગ, કર્ણની દાનપરાયણતા, ધર્મરાજનું સત્ય, શેઠ સગાળશાનો અતિથિપ્રેમ, જસમા ઓડણનો પતિપ્રેમ, મ. ગાંધીજીની અનાસક્તિ, વગેરે અસંખ્ય ઉદાહરણોથી જાણી શકાય કે કેટલી વ્યક્તિઓ સર્વાંગીણ મૂલ્યો સાથે જીવન જીવતી હોય છે, જે સર્વ મહાન આદર્શ કહેવાય છે. કેટલીક વ્યક્તિઓ સર્વ મૂલ્યોમાંથી કેટલાંકને પ્રાણાર્પણથી વળગીને જીવન જીવે છે. આવી વ્યક્તિઓ પણ મહાન કહેવાય. પણ જેમના જીવનમાં કોઈ મૂલ્યો જ નથી એવી વ્યક્તિ સ્વયં મૂલ્યહીન થઈ જતી હોય છે. મૂલ્યોની મૂડીથી માનવ મૂલ્યવાન બને, મૂલ્યોની મૂડી વિના માણસ ટકાનો થઈ જાય. આવાં સમગ્ર મૂલ્યો માટે કોઈ શબ્દ વાપરવો હોય તો 'શીલ' શબ્દ વપરાય.

શીલ શબ્દ તમામ ઉચ્ચ મૂલ્યો માટે પ્રયુક્ત હોવા છતાં તેનો વધુ તથા પ્રસિદ્ધ પ્રયોગ સ્ત્રી–પુરુષના સંબંધો માટે થાય છે, કારણ કે આ સંબંધો પ્રજા તથા વ્યક્તિને સુખી તથા દુઃખી કરવામાં સૌથી વધુ મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. ધર્મનું કામ સ્વતઃ વ્યવસ્થા કરવાનું છે. સરકારી કાયદાઓનું કામ દંડ–ભયથી વ્યવસ્થા જાળવવાનું છે. બન્નેનાં પોતપોતાનાં ક્ષેત્રો છે. એકનું આંતર ક્ષેત્ર તથા બીજાનું બાહ્ય ક્ષેત્ર. ધર્મ વિના આંતર ક્ષેત્ર સચવાવું કઠિન છે, અને કાયદા વિના બાહ્ય ક્ષેત્ર સાચવવાનું કઠિન છે સ્ત્રી–પુરુષોનાં મન અત્યંત ચંચળ–ભટકતાં તથા વારંવાર લપસી પડવાના સ્વભાવનાં હોય છે. આવાં મન ક્યારે કયા ઢાળ ઉપર લપસી પડશે તે કહી શકાય નહીં. તે બાહ્ય કાયદાઓથી રોકી પણ ન શકાય. સ્ત્રી–પુરુષનો એકબીજા પ્રત્યેનો પ્રેમ–મોહ અથવા વાસના–દુનિયાના કોઈ પણ કાયદાઓને માનવા તૈયાર નથી હોતા. તેનું સાચું તારણ તો ધર્મ છે. શીલવાન માતા તથા શીલવાન પિતાનાં મૂલ્યો ધર્મના પટ સાથે તેમનાં બાળકોમાં અવતરે. આવાં મૂલ્યો ધર્મકથાઓ દ્વારા કુમળી ઉંમરમાં જ પ્રતિષ્ઠિત થાય. એમાંથી ધર્મભીરુતા પ્રગટે. આ ધર્મભીરુતા વ્યક્તિને વારંવાર ટોકે : 'આવું ન થાય... આવું ન કરાય... આ પાપ છે... મહાપાપ છે', વગેરે ભાવોનાં પવિત્ર ઝરણાં તેને સ્ખલનની ભૂમિકાથી જ પાછાં વાળી લાવે. કદાચ સ્ખલન થયું હોય તો પશ્ચાત્તાપની આગમાં બાળી–શેકીને નિર્મળ બનાવે છે. શીલ શબ્દ ઉપરથી ગુજરાતીમાં 'શિયળ' શબ્દ આવ્યો લાગે છે. પુરુષપ્રધાન વ્યવસ્થાએ એનો બધો ભાર સ્ત્રીઓ ઉપર નાખ્યો છે. સ્ત્રીઓએ શિયળ સાચવવાનું હોય, પુરુષોએ? ઠીક! સાચવે તો સારું, નહીં તો ચાલે એવો ફલિતાર્થ સ્થાપિત થયો લાગે છે.

સ્ત્રીનું શીલ સ્વયં સ્ત્રી પોતે સાચવે છે, પણ તેમાં તેને પુરુષના શૌર્યપૂર્ણ ઓજની જરૂર પડતી હોય છે. નમાલો, કાયર, સ્વચ્છંદી, દુર્બળ તથા ભ્રષ્ટ મનોવૃત્તિવાળો પુરુષ–સમાજ સ્ત્રીઓની શિયળ ભ્રષ્ટતામાં નિમિત્ત બનતો હોય છે. જે સ્ત્રીને પોતાના પુરુષ પ્રત્યે અહોભાવ કે માનભાવની લાગણી ન થાય પણ તુચ્છકાર કે ધિક્કારની લાગણી થાય તેવો પુરુષ પોતાના કરતાં અનેક રીતે ચડિયાતી સ્ત્રીનો હાથ પકડી

(પરણીને) માત્ર દુ:ખી થવાનો. દામ્પત્યજીવનમાં સુખી થવા માટે શ્રેષ્ઠતા કારણ નથી પણ સમાનતા અથવા સમાવિષ્ટતા કારણ છે. હા, જો સ્ત્રીની શ્રેષ્ઠતા તેની કુલીનતા સાથે બંધાયેલી હશે તો તે કનિષ્ઠ પતિ માટે પણ દુ:ખરૂપ નહીં બને.

શીલપ્રધાન સમાજમાં શીલ સૌથી વધુ મહત્ત્વની વસ્તુ બની જતી હોવાથી તેનાં સ્ખલનોના બાહ્ય પ્રસંગોને યથાસંભવ ટાળવાનો પ્રયત્ન થયો છે. જેમ કે બચપણથી જ કન્યા તથા કુમારને અલગ–અલગ રાખવાં, અલગ અલગ ભણવાની વ્યવસ્થા કરવી, સમારોહો, જલસાઓ, વગેરેમાં પણ કાળજી રાખવી. યાદ રહે, અતિ સંપર્કથી એ મુગ્ધાવસ્થા ગમે ત્યારે ગમે ત્યાં ઢળી પડતી હોય છે. ઢળી પડવાની વૃત્તિથી ઉત્તમ વ્યક્તિઓ પણ મુક્ત નથી હોતી, એટલે યથાશક્ય સંપર્ક ઓછો રખાવવો એ બાહ્ય ઉપાય તથા એવા સંપર્કોમાં પણ ટકી રહેવાની શક્તિ એ ધર્મનિષ્ઠા–આ બન્નેની જરૂર પડે. ધર્મનિષ્ઠા વિના માત્ર બાહ્ય સંપર્કો રોકવાથી ધાર્યું પરિણામ આવતું નથી. પાણી જેમ પોતાની જગ્યા કરી લે તેમ તોતિંગ દીવાલોમાં પૂરેલાં પ્રાણીઓ પણ જગ્યા કરી લેતાં હોય છે. એટલે બાહ્ય કડક નિયંત્રણ કરવા–માત્રથી કોઈ સ્થાયી અને ઉત્તમ પરિણામની આશા ન રાખી શકાય. ઘણી વાર આત્મીયતા વિનાનાં કઠોર નિયંત્રણો વધુ સ્ખલનો નોતરતાં હોય છે. પોતાની યુવાન કન્યા, પત્ની કે પુત્રવધૂ પ્રત્યે પ્રત્યક્ષ અવિશ્વાસ રાખીને તેમના ઉપર કઠોર નિયંત્રણો મૂકનાર તેમને સાચવી નથી શકતા, તેમ કરવાથી તેમના અંતરમાં ઠેસ વાગે છે, તેનું સ્વમાન ઘવાય છે. ધીરેધીરે તેઓ અંદર ને અંદર નિયંત્રકોની વિદ્રોહી બને છે. ખાસ કરીને મુગ્ધ કન્યાઓ આવાં કઠોર અવિશ્વાસપૂર્ણ નિયંત્રણોથી ત્રાસીને ત્વરિત ગતિએ આંખ મીંચીને ગમે ત્યાં ઢળી પડતી હોય છે. તેમને શું મળશે તેનો વિચાર તેને નથી હોતો, પણ બંધનથી કેમ છુટાય તેની જ ગણતરી હોય છે. આવી નાદાનીમાં ઘણી વાર તે એક બંધનથી તો છૂટી જાય છે, પણ તેથી વધુ ભયંકર દશામાં ગૂંચવાઈ જાય છે. આ બધાના મૂળમાં માત્ર કન્યાની મુગ્ધતા જ કારણ નથી, નિયંત્રકોની અવિશ્વાસભરી વાણી તથા વ્યવહાર પણ કારણ કહેવાય. સાથે રહેનારાં કૌટુમ્બિક માણસોમાં અવિશ્વાસ અથવા વહેમનું વાતાવરણ ગમે તેવા ખીલેલા બગીચાને પણ બાળી મૂકતું હોય છે. એટલે નિયંત્રણો એવાં હોય જેમની પાછળ નિયંત્રકોનું વહાલ, વિશ્વાસ અને હિતબુદ્ધિ ભરપૂર હોય.

શીલને જોખમ પહોંચાડનાર મુખ્ય વસ્તુ સંપર્ક છે એમ સમજીને સંપર્કનો તદ્દન અભાવ કરી નાખવાનો પ્રયત્ન પ્રાચીનકાળમાં તથા અત્યારે પણ કરવામાં આવ્યો છે. સ્ત્રીઓને ઘરોમાં ગોંધી રાખવી, બહાર નીકળવા જ ન દેવી, બહાર નીકળે તો ઓઝલ–પડદો રાખે, કોઈની સાથે વાત ન કરે, વગેરે. આથી થોડોક લાભ થયો હશે, પણ તેથી હાનિ પારાવાર થઈ, સ્ત્રીઓનો બૌદ્ધિક–માનસિક વિકાસ અટકી ગયો, તેમનું આરોગ્ય લેવાઈ ગયું. સતત ચાર દીવાલોમાં જ પુરાઈ રહેવાથી શરીર ઉપરની લાલી પીળી હળદરમાં બદલાઈ ગઈ. સંસ્કૃતમાં આવી સ્ત્રીઓને 'અસૂર્યંપશ્યા' (સૂર્ય પણ ન જોઈ શકે તેવી) કહેવાઈ. આવી સ્ત્રીઓ ભોગવિલાસનું સાધન તથા બાળકો પેદા કરવાનું મશીન–માત્ર બની ગઈ. સ્ત્રી–સન્માનની જગ્યાએ તેની દશા એક માનીતી ગુલામડી (બધી સ્ત્રી માટે માનીતી શબ્દ નથી) જેવી થઈ ગઈ. પુરુષોએ તેમની આવી હીનતાને આદર્શ, ગૌરવ અને મહત્તાથી મઢી દીધી, એટલે સ્ત્રીને પોતાને પણ પેલી હીનતા કોઠે પડી ગઈ. નારી–જાગરણના કાળમાં આવી વ્યવસ્થા ચલાવી શકાય નહીં. પણ ત્યારે કરવું શું? સ્વતંત્રતાના નામે તે ગમે ત્યારે ગમે ત્યાં રખડતી ફરે એ પણ યોગ્ય નહીં, એટલે શાણા પુરુષોએ વચ્ચેનો કોઈક સુરક્ષિત માર્ગ કાઢવો રહ્યો.

## સહચારી ભાવ

પ્રથમ તો પતિપત્નીએ અત્યંત સહચર અથવા સહવાસી થવું જોઈએ. એકબીજાની લાંબા સમયની ગેરહાજરી એકબીજા માટે હાનિકર થઈ શકતી હોય છે. શ્રીરામ વનમાં ગયા અને સાથે સીતાજીને લઈ ગયા. સતત સહવાસથી એકબીજાનું રક્ષણ થઈ શકે. પશ્ચિમનાં પતિ–પત્ની લગભગ બધે જ સાથે ને સાથે વિચરતાં હોય છે. સમારોહમાં પતિની બાજુમાં જ પત્નીની પણ ખુરશી હોય છે. આ પ્રથાથી એક તરફ સ્ત્રીસન્માનવૃત્તિ પ્રગટે છે, તો બીજી તરફ સાહચર્યભાવ સ્થિર થાય છે અને બન્નેની ધાર્મિક–સામાજિક–રાજકીય–બૌદ્ધિક, વગેરે દૃષ્ટિનો પણ સરખા જેવો વિકાસ થાય છે.

આપણે ત્યાં પત્નીને મૂકીને પતિ પરદેશ ખેડે છે, બે–પાંચ કે દશ–દશ વરસે તે પાછો ફરે છે. આવો સમય બન્ને માટે સ્ખલિત થવાના કારણરૂપ બની શકે છે.

બીજી તરફ સ્ત્રીઓને ઘરની બહાર નીકળવાના પ્રસંગો ન હોવાથી તથા સભાઓમાં તેમનું આદરભર્યું સ્થાન ન હોવાથી તેઓનો બૌદ્ધિક

વિકાસ અટકી જાય છે. ઘણી વાર તેનો વિદ્વાન પતિ સભાપતિ થઈને મંચ ઉપર બિરાજ્યો હોય, ત્યારે તેની પત્ની (જો હાજર હોય તો) સભાગૃહના એકાદ ખૂણામાં અડધું મોઢું સંતાડીને સંકોચપૂર્વક બેઠી હોય. હોલમાં જે ચાલી રહ્યું હોય તેમાં તેની ચાંચ જ ડૂબતી ન હોય, કારણ કે બહારની દુનિયાથી તે લગભગ અજાણ છે. આ બધાનું પરિણામ એ આવે કે તે પોતાના પતિનાં વિચારો,–ચિંતનો અને પ્રવૃત્તિઓ સાથે આત્મસાત્ ન થઈ શકે. યોગ્ય સંપર્કનો પણ અભાવ તેમાં કારણરૂપ છે એમ કહી શકાય. પતિપત્નીનો સતત તથા પ્રગાઢ વિશ્વાસભર્યો સંપર્ક બીજા સંપર્કોના દોષોને દૂર રાખી શકે છે. પતિ–પત્નીનો સતત અસંપર્ક તથા પ્રગાઢ વિશ્વાસનો અભાવ સ્ખલનો નોતરી શકે છે. આ તો બાહ્ય ઉપાય થયો. એટલું યાદ રહે, પતિપત્નીનો સતત તથા વિશ્વાસભર્યો સંપર્ક હશે, પણ જો મનમાં ધર્મભીરુતા નહીં હોય તો ધાર્યાં પરિણામ નહીં આવે.

પશ્ચિમમાં આવું જ થયું છે. સતત સંપર્ક તો ત્યાં છે, પણ ધર્મભીરુતા ન રહેવાથી માણસો મર્યાદાની પાળ વિનાનાં અથવા આછીપાતળી પાળવાળાં થઈ ગયાં છે. બન્ને પક્ષે ગુણદોષ છે જ. બન્ને પક્ષના ગુણો ગ્રાહ્ય થવા જોઈએ.

પશ્ચિમમાં વાસનાતત્ત્વને જેટલું મનોવૈજ્ઞાનિક અને વૈજ્ઞાનિક રીતે જીવનમાં સ્થાન અપાયું છે તેટલું આપણે નથી આપી શક્યા. આપણે વિજ્ઞાન કરતાં ભાવનાઓ તરફ વધુ ઢળ્યા છીએ. વળી, સંસ્કૃતિના નામે કેટલોક આડંબર જીવનને ગૂંચવી રહ્યો છે, એટલે વ્યક્તિના કે પૂરી પ્રજાના વાસનાગત પ્રશ્નોના મૂળમાં ઊતર્યા વિના જ તેમને ઢાંકી દેવા–જાણે કે તેવા પ્રશ્નો છે જ નહીં–પ્રયત્નો આપણે કરી રહ્યા છીએ. એક તરફ પશ્ચિમે તેને પુરપાટ દોડવાની છૂટ આપી પ્રશ્નો ઊભા કર્યા છે, તો બીજી તરફ આપણે તેનું ગળું દબાવી દેવાની મિથ્યાવૃત્તિ ઊભી કરી ગૂંચવણો ઊભી કરી છે.

## શીલની સીમા

શીલ મહાન ગુણ હોવા છતાં તેની સીમા છે. એક નિશ્ચિત સીમાથી આગળ તે વ્યક્તિ તથા પ્રજા માટે દુ:ખદાયી પણ થઈ શકે છે.

ઉપર કહ્યું તેમ શીલવૃત્તિનો ભાર પુરુષોએ સ્ત્રીઓ ઉપર નાખ્યો હોવાથી આ ક્ષેત્રમાં પુરુષો તથા સ્ત્રીઓની જીવનવ્યવસ્થા સરખી નથી રાખી શકાઈ. આઠ વર્ષની વિધવા થયેલી કન્યા, જેણે તેના પતિનું મોઢું પણ જોયું નથી તેને જીવનભર વૈધવ્ય પળાવવું તે શીલાચારનો અતિરેક જ કહેવાય. નાની ઉંમરે અણગમતા માણસો સાથે લાકડે માંકડું વળગાડી દઈને એવી રીતે અમાનસિક પતિ–પત્નીપણું બળજબરીથી સ્થાપી દઈ તેમની પાસે શીલાચારની અપેક્ષા રાખવી એ વધારે પડતી આશા કહેવાય. કન્યાવિક્રય, વરવિક્રય, અપહરણ, સાટાંપેટાં, વગેરે લગ્નના અનેક પ્રકાર એવા છે જ્યાં પતિ–પત્ની(ખાસ કરીને પત્ની)ના ગમા–અણગમાને કશી જ મહત્તા નથી હોતી. આવાં લગ્નોમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક કે ભાવનાત્મક રીતે થયેલાં કજોડાંઓને જીવનભર પડ્યું પનારું પાર પાડવાનો ઉપદેશ આપવા કરતાં એકબીજાને ત્રાસ–ભાર અને અણગમાથી છોડાવી દેવાં એ જ વધુ ધર્મની વાત કહેવાય. ધર્મ વ્યક્તિના હકોને, સુખોને તથા ઉમંગોને કચડનારો ન હોઈ શકે. જો તે તેવો થાય તો તે ધર્મ નહીં અધર્મ જ કહેવાય.

જેમણે ધર્મના નામે જીવતી વિધવાઓને ચિતા ઉપર ચઢાવી, અત્યંત કુમળી વયે માતૃત્વ પ્રાપ્ત કરવા ફરજ પાડી, ‘દીકરી ને ગાય દોરે ત્યાં જાય’ તેવી માન્યતા સ્થાપિત કરી : ગમે તેની સાથે તેને પરણાવી જિંદગીભર રિબાવ્યા કરી, પતિઓના ભયંકર દુર્ગુણો તથા અત્યાચારો સહન કરીને પણ પતિને ભગવાન માનવાની વાતો કરી તેમણે નારીજગતના વાસ્તવિક હકોને ડુબાવ્યા છે. પતિ–પત્નીમાં આદર્શ દામ્પત્ય હોવું જ જોઈએ, પણ અનેક ઉપાયો પછી પણ જો તે શક્ય ન રહ્યું હોય તો તેમાંથી મુક્તિનો માર્ગ પણ હોવો જોઈએ. આવી મુક્તિ પછી જે નવું દામ્પત્ય થાય તે શીલભંગ ન કહેવાય.

બહુ પ્રાચીન કાળમાં ‘નિયોગ’ નામની વ્યવસ્થા પ્રચલિત હતી. નિશ્ચિત કારણો હોય તો અન્ય પુરુષ અન્ય સ્ત્રીમાં સંતાન ઉત્પન્ન કરી શકતો. આ પદ્ધતિથી મહર્ષિ વ્યાસે વિચિત્રવીર્યની વિધવા પત્નીઓ અંબિકા, અંબાલિકામાં ધૃતરાષ્ટ્ર અને પાંડુની ઉત્પત્તિ કરી હતી અને મહર્ષિ વશિષ્ઠે કલ્માષપાદની પત્ની મદયંતીમાં પુત્રોત્પત્તિ કરી હતી. (મહાભારત) આવાં બીજાં પણ અનેક પ્રમાણો પ્રાચીન સમાજમાં પ્રાપ્ત છે. એના ઉપરથી એટલું જ સમજવાનું છે કે જીવનનાં મૂલ્યો સમયેસમયે બદલાતાં રહ્યાં છે. વ્યાસ અથવા વશિષ્ઠ જેવા ઋષિએ જે રીતે સંતાન ઉત્પન્ન કર્યાં તે રીત ત્યારના સમય માટે માન્ય હશે, આજે તે માન્ય કરી શકાય નહીં.

શીલના ક્ષેત્રમાં પણ આ પ્રવાહી સ્થિતિની સભાનતા જરૂરી છે. એક દેશમાં એક દેશની નિશ્ચિત પ્રજા જે મૂલ્યો સ્વીકારતી હોય છે તે

અન્ય દેશની પ્રજા માટે માન્ય નથી પણ હોતાં. કેરળથી કાશ્મીર સુધી એક જ પ્રકારનાં મૂલ્યો નથી. જોનસાર બાબર(હિમાચલપ્રદેશ)માં આજે પણ બહુપતિત્વપ્રથા છે. આ લોકો પોતાને પાંડવોના વંશજો ગણાવે છે. આપણા માટે આપણા આદર્શો તથા મૂલ્યો સોના જેવાં હોય તે સ્વાભાવિક છે. પણ તેવાં મૂલ્યો કે તેથી વિપરીત મૂલ્યો પાળનાર સમાજ પ્રત્યે તિરસ્કાર રાખવો ઉચિત નથી. તેમના પ્રત્યે સહિષ્ણુતા અને ઉદારતાની જરૂર છે. શાહુકાર અને ચોર વચ્ચે સહિષ્ણુતા કે ઉદારતા વધારવાની આ વાત નથી, પ્રજા પ્રજા વચ્ચેની વાત છે.

*

# ૪. 'પરમાર્થેણ ચ'

ધર્મની વૃદ્ધિ ઘણાં સ્તોત્રો બોલવાથી, પાઠપૂજા કે કર્મકાંડો કરવાથી, હોમ–હવન કે યજ્ઞો કરવાથી, સપ્તાહો કે સમૈયા કરવાથી નથી થતી; થતી હોત તો ભારતદેશ ધર્મથી ઊભરાઈ ગયો હોત; દુઃખી ન થયો હોત. હા, આવું બધું કરવાથી સંપ્રદાયો, મંડળો તથા પંથોની વૃદ્ધિ થતી હોય છે. લોકો એ જ કરી રહ્યા છે. પણ આપણે તો ધર્મની વાત કરીએ છીએ. એટલે ધર્મવૃદ્ધિનું મૂળ 'શીલ' તત્ત્વ બનાવાયું. શીલ એટલે સદાચાર અને સદાચાર એટલે દેશ–કાળ–પરિસ્થિતિ પ્રમાણે પ્રજાએ નિર્ધારિત કરેલાં ઉચ્ચ મૂલ્યો. ધર્મવૃદ્ધિ માટે આ જ મુખ્ય સાધન છે. પણ સદાચારની સાથે એક બીજું તત્ત્વ પણ જરૂરી છે, તેના વિના સદાચાર કદાચ વંધ્યત્વ સ્થિતિવાળો થઈ જાય, તે છે 'પરમાર્થ'.

પ્રજાની ધાર્મિકતાનું માપ શીલ પછી પરમાર્થથી કાઢી શકાય. પ્રજા જેટલી પરમાર્થપરાયણ તેટલી જ વધુ ધાર્મિક કહી શકાય. અતિ સ્વાર્થી પ્રજા મંદિરોમાં ભીડ કરે અને પ્રસાદ ઉપર ઝૂંટ મારે તો તેથી ધાર્મિકતા વધી ન કહેવાય. ધાર્મિકતા તો આપણી ચારે તરફ દીન–દુઃખી–લાચાર માણસો(તથા અન્ય જીવો પણ)ને યથાશક્તિ સહાયક થવામાં રહેલી છે. સેવાભાવી માનસ, અન્ય માટે ઉપયોગી થવામાં આનંદ અનુભવવો, સતત ભલાઈનાં કામોમાં લાગ્યા રહેવું–આ પરમાર્થભાવ છે. આવી વ્યક્તિ અથવા પ્રજા બહુ જલદી લોકોનાં મન જીતી શકતી હોય છે. માણસ જ્યારે દુઃખમાં પીડાતો હોય ત્યારે દુઃખમુક્ત કરનારને તેની આતુર આંખો શોધ્યા કરતી હોય છે. જે કોઈ આવીને તેને દુઃખથી છોડાવે તેના પ્રત્યે તેની આપોઆપ સદ્ભાવના પ્રગટતી હોય છે. ખ્રિસ્તી મિશનરીઓ અનાજ, વસ્ત્રો, દવાઓ, શિક્ષણ, વગેરે લઈને દૂર...દૂર. જંગલોમાં, કાંટા–કાંકરામાં, ઝૂંપડે–ઝૂંપડે ફરે. ભૂખ્યાં બેઠેલાંને ખાવાનું આપે, માત્ર લંગોટી પહેરનારને કોટ–પાટલૂન–ટાઈ પહેરતા કરે, નિરક્ષરોને સાક્ષર કરે, નવું જીવન આપે–આવું બધું પ્રત્યક્ષ આપનારનો ધર્મ પેલી પ્રજા ન પાળે તો શું તેમને હડધૂત કરનાર, અસ્પૃશ્ય ગણનાર, પાપયોનિ માનનાર અને આંગણે પણ ઊભા ન રહેવા દેનારનો તે ધર્મ પાળે? કેટલી મિથ્યા અપેક્ષા છે!

## આપણે ભીંત ભૂલ્યા છીએ

પરમાર્થની બાબતમાં હિન્દુ પ્રજા વિશ્વની કોઈ પ્રજાથી ઊતરતી નથી, પણ તેનો પરમાર્થ વર્ણલક્ષી, વેશલક્ષી તથા વંશલક્ષી થઈ ગયો હોવાથી તેમાં માનવતાવાદનું તેજ જોઈએ તેવું પ્રકાશિત થઈ શક્યું નથી. શાસ્ત્રોના નામે સામાન્ય પ્રજા સુધી પહોંચનારાં પુરાણો તથા તેમની કથા કરનારા પુરાણીઓએ ડગલે ને પગલે બ્રહ્મભોજન તથા સુવર્ણદક્ષિણા, ગૌદાન, ભૂમિદાન વગેરે અનેક દાનોનો મહિમા ગાયો છે. આ જ દાન જો દરિદ્ર–લાચાર–દુર્ભાગી માણસો તરફ વળાય તો ખ્રિસ્તી મિશનરીઓને પોતાનું કાર્યક્ષેત્ર અન્યત્ર ખસેડવું પડે. યાદ રહે, આપણે વર્ણવાદી રહ્યા છીએ, માનવતાવાદી નહીં.

આપણે માત્ર વર્ણવાદી જ નથી રહ્યા, વેશવાદી પણ રહ્યા છીએ. અનેક પ્રકારનાં લાલ–પીળાં–ધોળાં–કાળાં વસ્ત્રો પહેરીને ગામે–ગામે, ઘરે–ઘરે ભટકનારા, ચમત્કાર બતાવનારા 'હોલીમૅનો' (પવિત્ર પુરુષો)ને જોઈને આપણે 'સંત આવ્યા' માની લઈએ છીએ. સંતને નારાજ ન કરાય એવી મડાગાંઠ એ જ સંતો દ્વારા લોકમાનસમાં પાડેલી હોવાથી ઉચિત–અનુચિત માગણીઓ પોષીએ છીએ. અસંખ્ય વેશોમાં એકત્રિત થયેલો આ વર્ગ કેટલું લોકકલ્યાણ કરે છે અને કેટલું લોકોનું અકલ્યાણ કરે છે તેનો વિચાર કર્યા વિના પરમાર્થની મોટી થાળી તેમના તરફ વાળી દઈએ છીએ. આવી પરમાર્થવૃત્તિ માનવતાલક્ષી ન કહેવાય, વેશલક્ષી કહેવાય. આ જ કારણસર અહીં બનાવટી વેશ પહેરનારો બહુ મોટો વર્ગ થયો છે. જો તે સીધોસાદો થઈને રોટલાનો ટુકડો માગવા આવે તો કોઈ ન આપે, પણ ટીલાં–ટપકાં–માળા–જટા સાથે અને પાવડી, ચાખડી, કમંડળ ધારણ કરીને આવે તો પૂજીને માલપૂડા જમાડે.

સમાજ તથા ધર્મની નિશ્ચિત વ્યવસ્થા માટે વેશની મર્યાદિત આવશ્યકતા રહેવાની જ, તેનો વિરોધ નથી, પણ એવો વેશ અમર્યાદ તથા અનિયંત્રિત રીતે પ્રજામાનસ ઉપર ફરી વળે અને પ્રજા વેશઘેલી થઈ જાય તો તે શુભ નિશાની ન કહેવાય. વેશની સાથે ગુણ અથવા વેશ કરતાં ગુણની પ્રધાનતા વધુ માન્ય હોવી જોઈએ.

આપણે વંશલક્ષી–પરમાર્થી પણ છીએ. ધર્મ તથા સમાજમાં નિશ્ચિત વંશોને (વર્ણ સિવાય) શ્રેષ્ઠ માન્યા છે અથવા મુખ્ય પુરુષોએ પોતપોતાના વંશોને અનુયાયીઓ આગળ શ્રેષ્ઠ મનાવ્યા છે. એથી અયોગ્ય, અક્ષમ, અરે, કટેલીક વાર અધાર્મિક અને કુસંગી માણસો પણ

વંશપૂજાના કારણે પૂજ્ય થયા છે તથા પરમાર્થની નદીને પોતાના હોજમાં વાળીને આરામથી છબછબિયાં કરતા રહ્યા છે.

હિન્દુ પ્રજાની પરમાથી વૃત્તિ આ ત્રણે સ્થળે વધી જાય છે. ત્યાંથી કાંઈક વધે તો પછી માનવતા તરફ જાય. સૌથી વધુ ખેદ તો એ વાતનો છે કે પ્રજા ઉપર પકડ આજે પણ વર્ણ, વેશ તથા વંશવાદીઓની છે, એટલે સ્થાપિત હિતોની રક્ષા માટે હજી પણ તે પ્રજાને પૂરી માનવતાવાદી થવા દેતા નથી. છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમના સંપર્કથી સુધારાની જાગૃતિ આવી છે, તેણે માનવતાવાદને જગાડવા પ્રયત્ન કર્યો છે, જેનાં થોડી માત્રામાં પણ સારાં પરિણામ દેખાઈ રહ્યાં છે.

## ત્યારે કરીશું શું ?

પ્રજા પાસે ભરપૂર પરમાર્થવૃત્તિ છે, હવે આવશ્યકતા છે તેને યોગ્ય દિશામાં વળાંક આપવાની. આ યોગ્ય દિશા એટલે પ્રજા વર્ણ, વેશ અને વંશલક્ષી પરમાર્થની જગ્યાએ માનવતાલક્ષી પરમાર્થ કરે, સાથેસાથે વ્યક્તિલક્ષી પરમાર્થની જગ્યાએ સંસ્થાલક્ષી પરમાર્થ કરે. આપણે પાંચ આંગળીના પુણ્યરૂપે આંગણે આવેલાની ઝોળીમાં કાંઈ ને કાંઈ નાખવામાં માનીએ છીએ. ખરેખર કોઈ સાચો માણસ આંગણે આવ્યો હોય તો તેને આપવું જ જોઈએ, પણ ધંધાદારી માણસો પણ આ પ્રથાનો ગેરલાભ ન ઉઠાવે તેની સાવધાની રાખવી જોઈએ. વધુ સારું તો એ કહેવાય કે પરમાર્થની શક્તિ કોઈ સુયોગ્ય સંસ્થા તરફ વાળવી જોઈએ. વ્યક્તિ સંસ્થાને આપે અને સંસ્થા પોતાના બહોળા અનુભવથી યોગ્ય સ્થળોએ તેનું વિતરણ કરે.

હવે આપણે ત્યાં પણ પરમાર્થવાદી સંસ્થાઓ થઈ છે. શરૂઆતની અનેક દુર્બળતાઓ છતાં પણ તે પ્રોત્સાહન આપવા જેવી છે. વ્યવસ્થા સાચવવા તથા યથાસ્થળે યોગ્ય વસ્તુને પહોંચતી કરવા સંસ્થાકીય માળખું જરૂરી છે.

હિન્દુ પ્રજાની પરમાર્થશક્તિ સાચી દિશા તરફ વળે તો હિન્દુ ધર્મ આપોઆપ ઉજ્જ્વળ થાય.

## પરમાર્થની સીમા

પ્રત્યેક ગુણ વિવેકથી જ ગુણ થતો હોય છે. વિવેક વિના આંધળો પ્રયોગ તેને દુર્ગુણ પણ બનાવી શકે છે.

પરમાર્થ પણ જો કુપાત્રે થાય તો અનિષ્ટ થાય. કુપાત્રની વ્યાખ્યા કરતી વખતે પ્રાચીન પૂર્વગ્રહો છોડવા પડશે. અમુક વર્ણને કુપાત્ર ગણવાની વૃત્તિ માનવતાના દૃષ્ટિકોણ માટે બાધક છે. સારા અને ખોટા, ઊંચા અને નીચા માણસો બધા જ વિભાગોમાં થાય છે. પરમાર્થનો હેતુ દુઃખીઓનાં દુઃખો દૂર કરવાનો, નવાં સુખો વધારવાનો તથા ધાર્મિક, સામાજિક કે અન્ય માનવીય આવશ્યકતાઓ પૂરી કરવાનો હોવો ઘટે તો જ માણસને, સમાજને તથા રાષ્ટ્રને બેઠું કરવા પરમાર્થશક્તિ કામે લાગે. માનવ, સમાજ કે રાષ્ટ્રને કાંઈ ફાયદો ન થાય, ઊલટાનું મફતિયો માલ ખાનારું અનધિકારી ટોળું મોટું થાય અને વધુ આળસ, પ્રમાદ, અકર્મણ્યતા, મિથ્યાભિમાન તથા પક્ષપાત વધે તેવો પરમાર્થ કલ્યાણકારી ન બનતાં અકલ્યાણકારી થઈ શકે છે.

દરિદ્રતા, અસાક્ષરતા, રુગ્ણતા, અંધશ્રદ્ધા, વગેરે અનેક દોષોથી પ્રજા પીડાતી હોય ત્યાં તે–તે દોષોને દૂર કરવા પરમાર્થશક્તિનો ઉપયોગ કરવાથી વ્યક્તિ તથા સમાજ સુખી થતાં હોય છે. ધર્મ અને ધાર્મિક પુરુષો આવાં કાર્યો ઉપાડી લે તો ધર્મસ્થાનો સોના–ચાંદી વિના પણ દીપી ઊઠે.

*

# 9. 'કેન ધર્મો વિનશ્યતિ ?'

'ધર્મનો નાશ કોના દ્વારા થાય છે?' આ છેલ્લો પ્રશ્ન છે. ધર્મનો નાશ એટલે કે અધર્મ કેવી રીતે વધી જાય છે? અધર્મ અને ધર્મ પ્રકાશ અને છાયાની માફક વ્યક્તિ તથા પ્રજાના જીવનમાં અસ્તિત્વ ધરાવતા હોય છે. ધર્મ પ્રકાશ છે તો અધર્મ અંધકાર છે. પ્રકાશ અને અંધકાર એકસાથે ન રહી શકે તેવી લોકોની માન્યતા બરાબર નથી. વસ્તુતઃ આ બન્ને એકસાથે પણ રહેતા હોય છે. પ્રકાશનો અભાવ એ જ અંધકાર છે, પણ પ્રકાશની ન્યૂનાધિકતા અંધકારની અધિકતા તથા ન્યૂનતા બતાવતી હોય છે. જે ખંડમાં ઝીરોનો બલ્બ બળે છે ત્યાં પણ પ્રકાશ તો છે, પણ બાજુના જ ખંડમાં સોના કે હજારના બલ્બની અપેક્ષાએ ત્યાં અંધારું લાગશે. આવી રીતે ખરાબમાં ખરાબ માણસ પાસે પણ ધર્મનો થોડોક પ્રકાશ તો હોય જ છે, પણ અન્યની તુલનામાં તે અત્યંત તુચ્છ હોવાથી અધર્મની અનુભૂતિ થાય છે. બીજી તરફ મહાનમાં મહાન વ્યક્તિમાં પણ થોડોક અધર્મ તો હોય જ છે, પણ તે એટલો તુચ્છ હોય છે કે ધર્મપ્રકાશમાં ઢંકાઈ જતો હોય છે.

આ તો ધર્મ–અધર્મની સામાન્ય વાત થઈ.

મૂળ પ્રશ્ન એ છે કે ધર્મનો નાશ ક્યારે થાય છે? નાશ શબ્દનો અર્થ ધર્મ–સમાપ્તિ નહીં, પણ ધર્મ પાળનાર ધર્મી તે ધર્મ પાળતો છતાં વિનષ્ટ કેવી રીતે થાય છે–આવો ભાવ છે. ઉત્તર આપનારે બહુ સુંદર ઉત્તર આપ્યો છેઃ 'મિથ્યા જ્ઞાનથી તથા સ્વાર્થથી.'

મિથ્યા જ્ઞાનથી ધર્મ પાળનાર પોતે જ પોતાના ધર્મ(!)થી નષ્ટ થાય છે તે વાત સમજવા જેવી છે. આપણે વારંવાર બોલીએ છીએ કે 'યતો ધર્મસ્તતો જયઃ।' (જ્યાં ધર્મ હોય ત્યાં વિજય પણ હોય).

'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' (ધર્મનું રક્ષણ કરવાથી ધર્મ પ્રજાનું રક્ષણ કરે છે), વગેરે અનેક સૂત્રો આપણે જાણીએ છીએ છતાં વાસ્તવિકતા એ રહી છે કે વિદેશીઓ તથા વિધર્મીઓ આગળ આપણે ટકી શક્યા નથી પારાવાર હાનિ ઉઠાવીને ગુલામીનું જીવન જીવવું પડ્યું છે, કારણ કે આપણા તથાકથિત ધર્મમાં મિથ્યા જ્ઞાનનું પ્રમાણ ભરપૂર હતું. આ રહ્યાં ઉદાહરણોઃ

1. સિંધ ઉપર આક્રમણ કરનાર મહંમદ બિન કાસિમને ખબર પડી કે દાહિર–રાજાની સેના તથા પ્રજામાં એવી દઢ માન્યતા છે કે માતાજીની ધજા જ્યાં સુધી ફરકતી રહેશે ત્યાં સુધી સિંધને આંચ આવવાની નથી. મૂર્તિપૂજા તથા વહેમને ન માનનાર મહંમદે માતાજીના મંદિર તરફ હલ્લો બોલીને ધજા પાડી દીધી. ધજા પડતાં જ હિન્દુ સેના ગભરાઈ ગઈ. 'બસ, હવે આપણે બચી શકીશું નહીં' એવી ભીતિને કારણે યુદ્ધના મેદાનમાંથી ભાગંભાગ થઈ. દાહિર મરાયો, તેની દીકરીઓ કેદ કરાઈ તથા હજારો સ્ત્રી–પુરુષો ગુલામ બનાવાયાં, અપાર ધનરાશિ લૂંટાઈ ગઈ, સર્વનાશી આક્રાન્તાઓએ નગરોનાં નગરો બાળી નાખ્યાં. આવું કેમ થયું? એક જ જવાબ–'મિથ્યા જ્ઞાનથી.'

2. સોમનાથના સીમાડે આવીને ગઝનીનો મહમ્મદ પડાવ નાખી પડ્યો. પુરોહિતોએ રાજને દઢ વિશ્વાસ કરાવ્યો કે આવતી કાલે મહાદેવ તૃતીય નેત્ર ખોલશે અને આ દુષ્ટ મ્લેચ્છો બળીને ખાખ થઈ જશે, યુદ્ધ કરવા માટે આજ ચોઘડિયું સારું નથી, વગેરે. તે સમયે આવાં પ્રસિદ્ધ મંદિરોની ચારે તરફ ચમત્કારો તથા હાજરાહજૂરપણાની અસંખ્ય કિંવદન્તીઓ પાથરી દેવામાં આવતી. ભોળો રાજા તથા ભોળી પ્રજા આવી ચમત્કારિક વાતોમાં ફસાઈ જતાં અને સાચા ઉપાયો કરવાની જગ્યાએ મિથ્યા ઉપાયોમાં રચ્યાંપચ્યાં રહેતાં.

બીજો દિવસ થયો. યુદ્ધ શરૂ થયું. મહાદેવે તૃતીય નેત્ર ન ખોલ્યું. રાજા–સેના–પ્રજા તથા મંદિરોનો કચ્ચરઘાણ નીકળી ગયો. કેમ? 'મિથ્યા જ્ઞાનથી.'

3. પાણીપતના મેદાનમાં વિશ્વેશ્વરાવ સારા મુહૂર્તની પ્રતીક્ષામાં એક મહિનો પડ્યો રહ્યો. છેવટે પુરવઠાની કારમી તંગીથી ત્રાસીને યુદ્ધ શરૂ કર્યું. બપોર પછી પોતાના પક્ષને પાણી ચડાવવા, 'મને ગોળી કે તીર વાગે જ નહીં ' તેવો દૈવી ભાવ બતાવવા તે બન્ને લશ્કરની વચ્ચે ધસી ગયો. તેનો અત્યંત કીમતી જરીભરેલો ડગલો તથા રાજપોશાકથી રોહિલ્લાઓ તેને ઓળખી ગયા અને તૂટી પડ્યા. તે મરાયો અને તેનો કીમતી ડગલો મેળવવા વિરોધી સિપાહીઓ ઝૂંટાઝૂંટ કરવા લાગ્યા. વિશ્વેશ્વરાવને મરાતો જોતાં જ મરાઠા લશ્કરમાં ભાગદોડ મચી, હજારો મરાઠાઓ મરાયા. આ કારમી હારે પેશ્વા અને મરાઠાઓનું જ નહીં, પૂરા ભારતનું ભવિષ્ય રગદોળી નાખ્યું. પણ આવું કેમ થયું? ઉત્તર છેઃ 'મિથ્યા જ્ઞાનથી.' આવાં અસંખ્ય ઉદાહરણોથી આપણો ઇતિહાસ ભર્યો પડ્યો છે.

4. બહુ પ્રાચીનકાળમાં યજ્ઞોમાં હિંસા થતી. સોમરસ નામનું માદક પીણું પિવાતું. જેવું આપણે ત્યાં અંધેર ચાલ્યું તેવું પશ્ચિમમાં તથા સર્વત્ર

ચાલ્યું. ધર્મના નામે અત્યાચારો અને પાપાચારો ક્યાં નથી થયા? પરલોક સુધારવા કાશીમાં કરવત મુકાવવી અથવા અન્ય રીતે દેહનાશ કરવો, ક્રૂર વિધિઓથી દેહદમન કરવું, પ્રજા–પ્રજા વચ્ચે કૃત્રિમ દીવાલો ઊભી કરવી, ઈશ્વર, આત્મા, પરલોક, વગેરેનાં નામે અનેક ભ્રાન્તિઓ ફેલાવી પ્રજાને લડાવી મારવી આવી–આવી અનેક પ્રક્રિયાથી ધર્મ પાળનારી પ્રજા અકારણ અથવા અલ્પ કારણે ભયંકર દુઃખી થઈ છે. કારણ? 'મિથ્યાજ્ઞાન.'

આવું કેમ થાય છે?

ધાર્મિક ક્ષેત્રમાં પ્રજાને દોરવણી આપનારા મુખ્યતઃ બે વર્ગો હોય છેઃ 1. શાસ્ત્રપંડિતો અને 2. સંતો.

શાસ્ત્રપંડિતો મોટા ભાગે ધર્મથી આજીવિકા મેળવતા હોય છે તથા તેમનાં માન–પાન–સન્માન પણ ધાર્મિક સ્થિતિથી હોય છે, એટલે કે સ્થાપિત હિતની દૃષ્ટિએ પણ આવક કરનારા અસંખ્ય સ્રોતોને મિથ્યાજ્ઞાનથી પ્રજાપ્રિય બનાવી દેતા હોય છે. આમાં કેટલાક નિઃસ્વાર્થી પણ હોય તોપણ તેમના એકાંગી દૃષ્ટિકોણથી જામી ગયેલા પૂર્વગ્રહો તેમના મિથ્યાજ્ઞાનને દૂર થવા દેતા નથી.

ખરેખર તો આજીવિકા માટે મિથ્યાજ્ઞાનનો આશરો લેનારા કરતાં નિઃસ્વાર્થી પણ પૂર્વગ્રહી ધર્મપુરુષો પ્રજાને વધુ ઊંધા માર્ગે દોરે છે, કારણ કે નિઃસ્વાર્થતાને કારણે તેમની પ્રભાવશક્તિ ઘણી વધારે હોય છે. આવા નિઃસ્વાર્થી લોકો ધાર્મિક આજીવિકાને સમર્થન આપે એટલે પેલા આજીવકો આ નિઃસ્વાર્થીને ધર્મોદ્ધારક માની તેનો જયજયકાર કરે, બન્ને એક થઈ જાય અને મિથ્યાજ્ઞાનને પ્રજા ઉપર જડબેસલાક ઠોકી દે. આવા ધર્મપુરુષો મુખ્યતઃ પ્રજાના સુખી ગણાતા વર્ગને પોતાના હાથમાં રાખે છે અથવા પ્રજાનો સુખી વર્ગ આવા ધર્મગુરુઓને પોતાના હાથમાં રાખે છે, જેથી બન્ને પરસ્પર એકબીજાનું પોષણ કરી શકે. બાકી બચેલાઓમાં બુદ્ધિનિષ્ઠ વર્ગ માટીપગો તથા નિષ્ક્રિય હોવાથી સૂગપૂર્વક આવાં મિથ્યાજ્ઞાનોનો માત્ર મૂક સાક્ષી બની રહેતો હોય છે. બીજી તરફ ગરીબવર્ગ તો પ્રભાવહીન હોવાથી અક્ષમ હોય છે. કેટલીક વાર તો તે પણ શ્રીમંતોની દેખાદેખીથી તેમની પાછળ–પાછળ ઘસડાય છે–કસાઈની પાછળ બકરું ઘસડાય તેમ. તેને બિચારાને ખબર જ નથી કે શું થઈ રહ્યું છે!

એક વાર એક ચુસ્ત વર્ણવાદી ધર્મપુરુષનો જયજયકાર કરતું લોકોનું ટોળું નીકળ્યું. મેં પૂછ્યું કે 'આ કોણ છે?' તો કહે કે 'ખારવા.' મને હસવું આવ્યું : બિચારા! જે વર્ણવ્યવસ્થાએ તેમને પાપયોનિ બનાવ્યા, શૂદ્ર બનાવ્યા, અસ્પૃશ્ય બનાવ્યા અરે, જીવનહીન બનાવ્યા તે જ વર્ણવ્યવસ્થાના આદર્શને જીવંત કરવા મથનાર ધર્મપુરુષનો તેઓ જયજયકાર કરી રહ્યા હતા!

હાય રે મિથ્યાજ્ઞાન! પોતે જ પોતાની અધોગતિ કરનારને વળગીને જયજયકાર કરી રહ્યા છે! લાકડાની નાવમાં બેસે તો નદી પાર થવાય, પણ પથ્થરની નાવમાં ડૂબવા સિવાય શું મળે?

જો આપણે ધર્મ પાળવા છતાં રક્ષિત ન રહી શકતા હોઈએ, વિજયી ન થઈ શકતા હોઈએ તો આપણો ધર્મ મિથ્યાજ્ઞાનથી અભિભૂત છે તેવું નક્કી થાય. જો વિજયી થવું હોય કે રક્ષિત રહેવું હોય તો મિથ્યાજ્ઞાનને દૂર કરવું જ જોઈએ.

મિથ્યાજ્ઞાન એટલે કે ખોટી માન્યતાઓ લોકમાનસમાં ઠસાવીને લોકોને ધાર્મિક રીતે ભયભીત તો બનાવી શકાય છે, પણ તેથી પ્રજા કે વ્યક્તિનું કલ્યાણ નથી થતું.

ધાર્મિક ક્ષેત્રને શ્રદ્ધાહીન ન જ બનાવી શકાય, પણ તે શ્રદ્ધા મિથ્યાજ્ઞાનપ્રેરક અથવા મિથ્યાજ્ઞાનપોષક ન હોવી જોઈએ, નહીં તો જે શ્રદ્ધાથી તરી જવાનું હોય છે તે જ શ્રદ્ધા અંધશ્રદ્ધા અથવા કુશ્રદ્ધાનું રૂપ ધારણ કરીને પ્રજાને ડુબાડી દેશે.

જીવનની પ્રત્યેક ક્રિયા–ખાસ કરીને સમૂહજીવનની પ્રવૃત્તિઓ, વ્યવસ્થાઓ તથા પરંપરાઓ ઉપર જ્ઞાનની–વિવેકજ્ઞાનની સર્ચલાઇટ પડતી જ રહેવી જોઈએ. જો આવી સર્ચલાઇટ નાખનાર જાગ્રત વર્ગ નહીં હોય તો થનારી બધી ક્રિયાઓ, કર્મકાંડો તથા માન્યતાઓ મિથ્યાજ્ઞાનથી આવેષ્ટિત થઈ જશે, જે ધર્મનો નાશ કરનાર થશે.

*

# 10. 'સ્વાર્થેણ ચ'

મિથ્યાજ્ઞાનથી માત્ર ધર્મનો જ નહીં, સર્વનો વિનાશ થાય છે. એક રાજા શત્રુને મિત્ર તથા મિત્રને શત્રુ સમજે તો તેનો વિનાશ જ થાય. જે પ્રજાને સદીઓથી સતત મિથ્યાજ્ઞાન અપાયું હોય તે પ્રજાનું કલ્યાણ કોણ કરી શકે? ભારતમાં થતા અસંખ્ય અવતારો–ભગવાનો–સુપરમૅનોની સ્થિતિ તેમના દ્વારા ફેલાયેલા મિથ્યાજ્ઞાનને આધારે છે. ધાર્મિક ક્ષેત્ર એક એવું ક્ષેત્ર છે કે એમાં બહુ સરળતાથી લોકોને–અરે, સાક્ષરોને પણ મૂર્ખ બનાવી શકાય છે.

પૂર્વગ્રહમુક્ત તત્ત્વચિંતકો તથા સંપ્રદાયમુક્ત માનવતાપ્રેમી વિભૂતિઓ જ્યાં હોય ત્યાં મિથ્યાજ્ઞાનનો પ્રભાવ ઓછામાં ઓછો હશે.

કેટલીક વાર એવું બને કે વ્યક્તિ કે સમાજમાં મિથ્યાજ્ઞાન ન હોય અથવા ઓછું હોય, પણ સ્વાર્થની પ્રબળતાએ તેઓ ધર્મનાશ કરી બેસે. સ્વાર્થ એટલે કે પોતાનાં સ્વલ્પ સુખો માટે પણ બીજાનાં વિશાળ સુખોનું બલિદાન લઈ લેવાની વૃત્તિ. આવી વૃત્તિ જો પૂરી પ્રજામાં વ્યાપક બને તો પ્રજાનો નાશ થાય–પછી ભલે તે પ્રજા ગમે તેટલી પાઠ–પૂજાઓ કરતી હોય કે હવન–હોમ કરતી હોય. સ્વાર્થવૃત્તિના અતિરેકને જો ધર્મ રોકી ન શકે તો ધર્મ સ્વયં લૂલો–અપંગ થઈને ધર્મીનો નાશ કરાવી દેતો હોય છે.

શત્રુઓ દ્વારા કોઈ પ્રજા કે વ્યક્તિનો નાશ થયો હોય, પણ જો તેનો ધર્મ જાગ્રત હોય તો તે ફરીથી પાંગરીને વધુ ને વધુ ફળતી–ફૂલતી હોય છે. પણ જો ભાઈ–ભાઈ સ્વાર્થાંધ થઈને લડી પડ્યા હોય તો તેનું પરિણામ તો નિકંદનમાં જ આવતું હોય છે.

જીવન જીવવા માટે ઉચિત પ્રકારનો સ્વાર્થ હોય તો તેને પચાવી લેવાય. ઉચિત પ્રકારનો એટલે બીજાને હાનિ ન પહોંચાડનારો સ્વાર્થ અથવા ઓછામાં ઓછી હાનિ પહોંચાડનારો સ્વાર્થ.

ધર્મ એવું વાતાવરણ ઊભું કરે કે જેથી પ્રજા વધુ ને વધુ નિઃસ્વાર્થી થાય. પોતાના સ્વાર્થનું બલિદાન તે ઉચ્ચ હેતુઓ માટે–વિશાળ લક્ષ્યો માટે હસતાંહસતાં આપતી થાય. પોતે નુકસાન સહન કરીને પણ રાષ્ટ્ર–માનવતા કે સમાજનાં હિતોને પ્રાથમિકતા આપી સાચવી લે. આવી પ્રજા મહાન પ્રજા થતી હોય છે. આવી પ્રજાના ઘડવૈયા ઇતિહાસના ઘડવૈયા બનતા હોય છે.

ભારત ઉપર મુઠ્ઠીભર અંગ્રેજોએ સરળતાથી રાજ્યશાસન ચલાવ્યું તેનો ઇતિહાસ લખતાં સ્વયં એક અંગ્રેજ એવાં ઉચ્ચારણ કરે છે કે 'અમારી પાસે પૈસા, લશ્કર તથા ભૌગોલિક જ્ઞાન સાવ નગણ્ય હતાં. અમારી તુલનામાં ભારતીય રાજાઓ પાસે આ બધું પ્રચુર માત્રામાં હતું, પણ તેઓ વારંવાર હારતા રહ્યા અને અમે વારંવાર જીતતા રહ્યા તેનું મૂળ કારણ ભારતીય ચારિત્રની શિથિલતા છે. જે રાજ્ય ઉપર અમારે આક્રમણ કરવાનું થતું ત્યાં છએક મહિના પહેલાં અમારો રાજદૂત મિત્ર થઈને–પહોંચી જતો. રાજદરબારમાં અસંતુષ્ટ ભાયાતો, સેનાપતિઓ, લાલચુ ઑફિસરો, વગેરે સૌની સાથે તે ગાઢ સંબંધ બાંધતો. બહુ જ સરળતાથી આ લોકો સ્વહિત કરવા રાષ્ટ્રહિતનું બલિદાન આપી દેવા તૈયાર થઈ જતા. બસ, આવા ફૂટેલા લોકોના જોરે અમે ઓછામાં ઓછો રક્તપાત કરીને, ઓછી સેનાથી વિશાળ સેના ઉપર વિજય મેળવતા.'

અંગ્રેજ ઇતિહાસકારે જે કહ્યું છે તે માત્ર અંગ્રેજી શાસન પૂરતું જ નથી, પણ તેથી પણ પ્રાચીનકાળની ઇતિહાસની ઘટનાઓ માટે પણ તે તેટલું જ સાચું લાગે છે. ઇતિહાસના આટલા બધા બોધપાઠો લીધા પછી પણ આપણામાં ખાસ પરિવર્તન થયું હોય તેવું લાગતું નથી. આ લખવાનો અર્થ એવો નથી કે ભારતની પૂરી પ્રજા જ સ્વાર્થી છે, પણ એટલો અર્થ છે કે આપણામાં આવાં તત્ત્વો ઘણાં છે, જે પોતાના ક્ષુદ્ર સ્વાર્થ માટે રાષ્ટ્ર, સમાજ અને પૂરી માનવતાને કૂવામાં ધક્કો મારી શકે છે.

જો આપણામાં શીખવાનો ગુણ હયાત હોય તો અંગ્રેજો પાસેથી આપણે આટલું શીખી શકીએ.

આ દેશમાં જ નહીં, વિશ્વભરના તેના ઉપનિવેશોમાં મોકલાતા વાઇસરૉયોએ, ગવર્નરોએ કે અન્ય ઑફિસરોએ કદી પોતાના રાષ્ટ્ર પ્રત્યે વિદ્રોહ કર્યો કે દ્રોહ કર્યો તેવું સાંભળ્યું નથી. મોટામાં મોટા વાઇસરૉયને પાંચ વર્ષ માટે મોકલવામાં આવતો. પાંચ વર્ષના ટૂંકા જ ગાળામાં તે કંપની સરકાર કે બ્રિટિશ સરકારના સીમાડા દૂરદૂર સુધી વધારી આપતો, પણ પાંચ વર્ષ પૂરાં થતાં જ તેની જગ્યાએ નવા આવેલા વાઇસરૉય કે ગવર્નરને ચાર્જ સોંપી, હસતા મોઢે તે વિદાય થતો. તેને કદી એમ ન થતું કે લાવ, હવે અહીં જ શહેનશાહ થઈને બેસી જઉં. તે ચિઠ્ઠીના ચાકરની માફક આવતો તથા પાછો જતો. દેશમાં જઈને તે સામાન્યમાં સામાન્ય કાર્ય કરીને આજીવિકા ચલાવતો. દગો કે

વિદ્રોહ તેના જીવનને સ્પર્શતો નહીં, કારણ કે તેનું જીવન પોતાના દેશને તથા પોતાની પ્રજાને સમર્પિત હતું. દેશના સ્વાર્થને જ તે સર્વોચ્ચતા આપતો એટલે, એ પ્રજા વિશ્વ ઉપર રાજ્ય કરી શકી.

મુસ્લિમ શાસકોના સૂબાઓ વારંવાર વિદ્રોહ કરી બેસતા તથા પોતાને બાદશાહ ઘોષિત કરી દેતા, તેથી દિલ્હીનું લશ્કર વારંવાર આવા વિદ્રોહોને દબાવવા અહીંથી ત્યાં દોડ્યા કરતું. મુસ્લિમ શાસકો પહેલાં પણ આવી જ સ્થિતિ હતી. શિવાજી છત્રપતિનું રાજ્ય વિખંડિત થયું અને સરદારોમાં વહેંચાઈ ગયું તે પણ આ જ સ્થિતિ બતાવે છે.

જો વ્યક્તિને સમાજમાં તથા સમાજને રાષ્ટ્રમાં સમર્પિત થઈ જવાની ગળથૂથી આપવામાં ન આવી હોય તો વ્યક્તિ તથા સમાજો પોતપોતાના સ્વાર્થો માટે લડી મરતાં હોય છે.

જો ધર્મ, સમાજ કે રાષ્ટ્ર માનવતાનાં હિતો ન પચાવડાવી શકે, તો ધર્મ માત્ર સ્વાર્થનો જ સંદેશો આપનાર થઈ જાય. આવો ધર્મ પોતાના જ સ્વાર્થીપણાથી વિનષ્ટ થતો હોય છે.

કેટલીક વાર કર્તવ્યવિરોધી આધ્યાત્મિકતાથી પણ વ્યક્તિ અથવા પ્રજા સ્વાર્થી થતી હોય છે. આત્મકલ્યાણના નામે ઘણી વાર સમાજકલ્યાણ, રાષ્ટ્રકલ્યાણ કે માનવતાના કલ્યાણને ઉપેક્ષિત તથા તિરસ્કૃત કરાયું છે. આપણે જે આધ્યાત્મિકતાનું ગૌરવ લઈએ છીએ તેણે કદાચ અસંખ્ય વ્યક્તિઓને શાંતિ તથા મોક્ષ આપ્યાં હશે પણ પાયાનો પ્રશ્ન છે કે તેણે રાષ્ટ્રરક્ષામાં કેટલું યોગદાન આપ્યું? એવું તો ન જ કહી શકાય કે તેણે કાંઈ જ નથી કર્યું, પણ એવું કહી શકાય કે આપણે જે આધ્યાત્મિકતાની વાહ–વાહ કરીએ છીએ તે સંસાર, રાષ્ટ્ર તથા માનવતાના પ્રશ્નોથી દૂર રહી આત્મકલ્યાણ કરી લેવાનું શીખવે છે. તે સંસારને પ્રપંચ ગણાવે છે તથા વિચારને વિનાશ સમજાવે છે. આત્માનો પરલોક સુધારવા તે પરિવ્રજ્યા ઉપર ભાર મૂકે છે અને પરિવ્રજ્યા લેવા તથા ટકાવવા માતા–પિતા–સ્ત્રી–મિત્ર–સૌનો ત્યાગ જરૂરી છે.

આ રીતે તે વ્યક્તિને અધ્યાત્મવાદી બનાવે છે તેના પરિણામે આપણે જોઈ શકીએ છીએ કે લોકો દુષ્કાળમાં, રેલમાં, ભૂખ, તરસ, ટાઢ, તડકામાં કે અન્ય વિપત્તિઓમાં પગ ઘસી–ઘસીને મરતા હોય ત્યારે, હુલ્લડો કે તોફાનો, વગેરેમાં ઘરબારવિહોણા થઈ ગયા હોય ત્યારે, શિક્ષણ, મકાન કે રોજી–રોટી જેવા પાયાના પ્રશ્નો માટે લોકો વલખાં મારી રહ્યા હોય ત્યારે પણ ચુસ્ત અધ્યાત્મવાદ તરફથી યથાયોગ્ય ઉમળકાભર્યા પ્રયત્નો થતા નથી.

'હું ભલો ને મારો આત્મા ભલો '–આવી એકાંગી વૃત્તિથી સ્વાર્થી જીવન નિર્મિત થતું હોય છે. આવા આધ્યાત્મિક સ્વાર્થીઓ સૌથી વધુ પ્રતિષ્ઠિત થઈ પૂજાતા હોય છે. સાચું અધ્યાત્મ આવી સ્થિતિ સહન ન કરે. તે તરત જ લોકોની પીડા દૂર કરવા કૂદી પડે.

નરસિંહે એવા જ અધ્યાત્મપુરુષને 'વૈષ્ણવજન' કહ્યો છે અને વૈષ્ણવની વ્યાખ્યા તિલકથી નહીં, પણ 'જે પીડ પરાઈ જાણે' તેવી કરી છે. પરાઈ પીડની અનુભૂતિ કરવી એટલું જ પર્યાપ્ત નથી, 'પરદુ:ખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે' એ તેની આધ્યાત્મિક નિઃસ્પૃહતા–અસંગતાની પરાકાષ્ઠા બતાવી છે.

વ્યક્તિ અને સમાજ આવી જ વૃત્તિઓના વિકાસથી સુખી થતાં હોય છે. આવી વૃત્તિઓનો વિકાસ કરાવી આપે તે ધર્મ કહેવાય, આથી વિરોધી વૃત્તિઓનો ઉદય કરાવે તે અધર્મ કહેવાય.

*

# 11. સંપ્રદાય

ઉપર જેની ચર્ચા કરી તે મૂળ ધર્મ, સનાતન ધર્મ અથવા માત્ર ધર્મમાંથી સંપ્રદાયો, પંથો, વગેરે કેવી રીતે થાય છે તેનો વિચાર કરવાનો છે. માનવમાત્રના શરીરનાં રસાયણો લગભગ સરખાં હોવા છતાં ચામડી તથા આકૃતિના ભેદથી ભિન્નભિન્ન જાતિઓનું અસ્તિત્વ થાય છે, તેમ સત્ય, દયા, વગેરે મૂળ ગુણોને સૌ સરખું મહત્ત્વ આપતા હોવા છતાં એ ગુણોની સાથે બાહ્યાચાર, માન્યતાઓ તથા ભિન્ન ભિન્ન કર્મકાંડોના કારણે જુદાજુદા સંપ્રદાયો અસ્તિત્વ ધરાવતા થઈ જાય છે. આપણે 'ધર્મ' શબ્દનો ઉપયોગ મુખ્યતઃ અને સર્વતોભાવથી આ સંપ્રદાય માટે કરીએ છીએ. અંગ્રેજીમાં પ્રચલિત શબ્દ—Religion સંપ્રદાયના અર્થમાં છે. આવી જ રીતે મજહબ, પંથ, વગેરે શબ્દો પણ સંપ્રદાયના અર્થમાં પ્રયુક્ત થાય છે. આવા આવા જુદાજુદા સંપ્રદાયો અનેક કારણોસર થતા હોય છે, પણ મુખ્યતઃ ચાર બાબતોમાં જુદીજુદી રુચિ તથા સગવડો દેખાવથી સંપ્રદાયો અસ્તિત્વ ધરાવતા હોય છે. આ ચાર બાબતો આ છેઃ

1. આચારભેદ, 2. કર્મકાંડભેદ, 3. માન્યતાભેદ અને 4. આ ત્રણેને બતાવનાર ગ્રંથ અથવા વ્યક્તિનો ભેદ.

## આચારભેદ

આચરણોને આચાર કહીશું. દરેક સંપ્રદાય પોતપોતાના અનુયાયીવર્ગ માટે આચરણો નક્કી કરતો હોય છે. આચરણોનો સીધો અર્થ પાપ તથા પુણ્યથી થતો હોય છે. પ્રત્યેક સંપ્રદાય પોતપોતાની રીતે પાપ–પુણ્યની વ્યાખ્યા કરતો જ હોય છે. વિશ્વના તમામ ધર્મો(સંપ્રદાયો)ની પાપ–પુણ્યની વ્યાખ્યાઓ સરખી નથી. એક જ ઉદાહરણ લઈશું. હિંદુ ધર્મ સ્નાન કરવામાં પુણ્ય માને છે. પ્રત્યેક તીર્થ કોઈ ને કોઈ પ્રકારના સ્નાન કરવા સાથે જોડાયેલું હશે. ગંગાસ્નાન માટે તો અહીં કરોડોનો મેળો ભરાય છે. સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ વખતે પણ સ્નાનાર્થીઓ નજીકની નદીઓ, વગેરે પવિત્ર મનાતાં સ્થળોએ પહોંચી જાય છે. એક તરફ હિંદુ પ્રજા સ્નાનને આટલું મોટું મહત્ત્વ આપે છે, તો બીજી તરફ જૈન પ્રજા સ્નાન કરવાને પાપ માને છે. કાચું પાણી વાપરવાથી અસંખ્ય જીવોની હત્યા થતી હોવાથી તેઓ સ્નાન–આચારને અનિષ્ટ આચાર માને છે. આવી જ રીતે એક સંપ્રદાય પશુઓનું બલિદાન આપવાના કાર્યને ભારે પુણ્યનું કાર્ય માને છે, તો બીજો સંપ્રદાય તેને ભારે પાપ માને છે. એક સંપ્રદાય માપસરના યથાયોગ્ય વ્યાજના ધંધાને નિષ્પાપ માને છે, તો બીજો ધર્મ વ્યાજમાત્રને પાપ માને છે. આવી રીતે આચારની બાબતમાં વિશ્વના જુદાજુદા સંપ્રદાયો જુદીજુદી માન્યતાઓ ધરાવે છે. આવા ભિન્ન આચારોથી માનવપ્રજા સંપ્રદાયોમાં વિભક્ત થતી હોય છે.

## કર્મકાંડભેદ

પ્રત્યેક ધર્મ (સંપ્રદાય) કોઈ ને કોઈ પ્રકારની ધાર્મિક વિધિઓમાં માનતો હોય છે. આવી વિધિઓને કર્મકાંડ કહી શકાય. જેમ કે એક હિંદુ હોમ–હવન કરશે, ષોડશોપચાર પૂજન કરાવશે. જન્મથી મૃત્યુ સુધી અને તે પછી પણ થનારી જુદીજુદી વિધિઓને કર્મકાંડ કહેવાય છે. આવાં કર્મકાંડો પ્રત્યે પ્રત્યેક ધર્મના પુરોહિતવર્ગની તીવ્ર આસક્તિ હોય છે, એટલે ઘણી વાર આવાં કર્મકાંડો પ્રજાજીવન ઉપર ધાર્મિક કૃત્યો બનીને ફરી વળતાં હોય છે. કર્મકાંડોનો તદ્દન નિષેધ શક્ય નથી. કોરા બૌદ્ધિક વિચારો કે નિષ્ક્રિય વિધિઓથી સામાન્ય પ્રજાને સંતોષ તથા ધર્મકાર્ય થયાની અનુભૂતિ થતી નથી, એટલે વિવિધ રંગોળીઓ પૂરવી, ચિતરામણો કરવાં, અનેક પ્રકારનાં અન્ન, સ્થાપનો, નદીઓનાં જળ તથા અસંખ્ય પ્રકારની સામગ્રીઓથી વિધિસ્થાન ભરપૂર કરી દઈ, વિવિધ મંત્રોચ્ચાર દ્વારા અટપટી ક્રિયાઓ કરાવતા રહેવાથી લોકોને સતત થયા કરે છે કે કાંઈક વિશિષ્ટ ધાર્મિકતા થઈ રહી છે.

કર્મકાંડની વિધિઓમાં સમજણ કરતાં અસમજણ અથવા અલ્પ–સમજણથી વ્યક્તિ વધુ પ્રભાવિત થયા કરતી હોય છે. તેને એમ લાગ્યા કરે છે કોઈ દિવ્ય મંત્રો દ્વારા કોઈ દિવ્ય ક્રિયા થઈ રહી છે. જીવનને આડંબરહીન બનાવવું કઠિન છે, પણ કર્મકાંડને તો આડંબરહીન બનાવવું તદ્દન અસંભવિત લાગે છે. જેટલો આડંબર વધુ તેટલો પ્રભાવ વધુ. અરણી–મંથન કરવાથી સહજ રીતે અગ્નિ પ્રગટે છે તેમાં કાંઈ જ ચમત્કાર નથી. પણ આ જ કાર્ય મંત્રોચ્ચારપૂર્વક વિવિધ ધાર્મિક ક્રિયાઓથી કરવામાં આવે અને અગ્નિ પ્રગટે તો તેને ચમત્કારોમાં ખપાવવામાં આવે છે.

એકત્રિત થયેલો જનસમૂહ એ જ અપેક્ષાવાળો હોવાથી અચમત્કારને પણ ચમત્કારનું રૂપ આપી દેવાતું હોય છે. એની પાછળ કર્મકાંડનો

મહિમા વધારવાનો હેતુ હોય છે. આવી રીતે કર્મકાંડનો પ્રભાવ વધતો જાય એટલે આ કર્મકાંડનું નામ જ ધર્મ એવું લોકો સમજતા થઈ જાય છે. કેટલાક ધર્મોમાં આવાં કર્મકાંડો નિશ્ચિત વર્ગની આજીવિકા બનતાં હોવાથી, કેટલાક વર્ગમાં આવાં કર્મકાંડોથી ખાસ માણસોની પ્રતિષ્ઠા વધતી હોવાથી તથા આવાં કર્મકાંડોથી અર્થોપાર્જનનો હેતુ સરતો હોવાથી પણ ધર્મસ્થાનોના સંચાલકો, વગેરે લાભ લેવા આ તરફ ઢળી પડતા હોય છે.

આ રીતે કર્મકાંડોને અનેક દિશામાંથી પ્રોત્સાહન મળતું હોય છે. બીજી તરફ સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ આવાં કર્મકાંડોથી થઈ જતી હોવાના પ્રચારથી પણ અર્થી અને આર્ત લોકો કર્મકાંડો તરફ આકર્ષાતા હોય છે. કર્મકાંડના અતિરેકથી ધર્મની સરળતા સમાપ્ત થઈ જાય છે. અધિકારવાદ તથા અંધશ્રદ્ધાભર્યો ચમત્કારવાદ વધી જાય છે. જ્ઞાન, ભક્તિ તથા યોગમાર્ગને ફટકો પડે છે. લોકો પુરુષાર્થભર્યો માર્ગ અપનાવવાની જગ્યાએ અનેક પ્રકારનાં કર્મકાંડો કરવા લાગી જાય છે. પ્રાચીનકાળમાં વિરોધી સેનાના આક્રમણથી બચવા અથવા પોતાના આક્રમણને સફળ બનાવવા રાજા–મહારાજાઓ યજ્ઞો કે અન્ય કોઈ કર્મકાંડો કરવા લાગી જતા તેવું આપણે જાણીએ છીએ. 'રામાયણ'માં રાવણ, મેઘનાદ, વગેરે યોદ્ધાઓ અમુક યજ્ઞો કરીને વિજયી થવા ઇચ્છતા હતા. તેવા યજ્ઞોનો વિધ્વંસ કરીને તેમના વિજયને અટકાવ્યાનું પણ આપણે જાણીએ છીએ.

વિધિવિધાનો અને કર્મકાંડોની જરૂર તો રહેવાની જ, પણ તેમને નિશ્ચિત સીમામાં જ રાખવાં જોઈએ, નહીં તો તેમના દ્વારા ધર્મની સરળતા તથા સહજતા ઘટી જશે.

પૂર્વે કહ્યું તેમ કર્મકાંડોમાં સમજણની પ્રધાનતા કરતાં રૂઢિની પ્રધાનતા વધુ હોય છે, એટલે ધાર્મિક ક્ષેત્રમાં ઘણી વાર વિખવાદો તથા વિસંવાદો થયા કરતા હોય છે. 'આમ જ થવું જોઈએ', 'આ આમ થઈ શકે જ નહીં'–એવી રૂઢ માન્યતાઓથી ઘણી વાર એક જ સંપ્રદાયમાં વિસંવાદી વાતાવરણ થઈ જતું જોઈ શકાય છે. પ્રત્યેક ધર્મની લગ્નવિધિનો તથા મરણવિધિનો અનુભવ કરનારને ખ્યાલ આવશે કે એક જ નિશ્ચિત હેતુ માટે કેવી પૃથક્તા આચરાવવામાં આવતી હોય છે.

મહાત્મા ગાંધી જેવા અનેક મહાપુરુષોએ આવી જુદીજુદી રૂઢિઓને સમન્વિત કરવાનો તથા પ્રજાને એવું સમજાવવાનો પ્રયત્ન કર્યો છે કે સૌનો મૂળ હેતુ એક જ છે. માનવતાપ્રેમી માણસોએ તે દિશામાં આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જેણે મૂળ ધર્મ એટલે કે સદ્ગુણોના વિકાસને પ્રોત્સાહન આપવું હોય તેણે કર્મકાંડના અતિરેકથી દૂર રહેવું. કર્મકાંડમાં રચ્યાપચ્યા રહેનારાઓની શક્તિ તેમાં જ ખર્ચાઈ જતી હોવાથી જીવનની નૈતિકતા કે સચ્ચાઈ માટે બહુ શક્તિ બચતી નથી, એટલે વાસ્તવિક જીવન તથા ધાર્મિક જીવનમાં હાસ્યાસ્પદ વિસંવાદ આવી જતો હોય છે. એકબીજા સાથે જાણે કે કાંઈ મેળ જ નહીં.

## માન્યતાભેદ

ધર્મનું ત્રીજું ક્ષેત્ર માન્યતાઓનું છે. માન્યતાઓ એટલે જે પ્રમાણોથી સિદ્ધ ન કરી શકાય અથવા પ્રયોગશાળાથી જેનું પ્રમાણ ન આપી શકાય, પણ શ્રદ્ધાથી માની લેવાયેલી સ્વીકૃતિઓ. આવી સ્વીકૃતિઓ પ્રત્યેક ધર્મ સાથે લાગેલી હોય છે. જેવી કે ઈશ્વરની સત્તા કે અસત્તા, તેનું સ્વરૂપ સાકાર કે નિરાકાર, અને સાકાર હોય તોપણ કેવા આકારનું? પછી તે સૃષ્ટિકર્તા છે કે નહીં? નથી તો સૃષ્ટિની રચના કેવી રીતે થઈ છે? ઉપરાંત જો છે તો ઈશ્વર સૃષ્ટિની રચના કેવી રીતે કરે છે? તેની શક્તિ, ક્રિયા તથા ગુણો વગેરે બાબતની જુદીજુદી માન્યતાઓ. પ્રત્યેક સંપ્રદાયમાં આવી માન્યતાઓ ક્રમેક્રમે વિકસેલી હોય છે. નિશ્ચિત કક્ષાએ પહોંચ્યા પછી આવી માન્યતાઓ દર્શન અથવા ફિલસૂફી થઈ જતી હોય છે. આવી દાર્શનિક માન્યતા જ્યારે દાર્શનિક રૂપ ધારણ કરીને સિદ્ધાન્ત બની જતી હોય છે ત્યારે તેની ક્ષતિઓ, ત્રુટિઓ તથા વિસંગતિઓ હોય તોપણ અનુયાયીવર્ગ તેનો સ્વીકાર કરવા તૈયાર થતો નથી હોતો, કારણ કે તેમના મસ્તિષ્કમાં ત્રણ વાતો કૂટી–કૂટીને ભરવામાં આવી છેઃ

1. આવી માન્યતાઓ બતાવનાર ધર્મગ્રંથ એ ઈશ્વરીય અથવા દૈવી ગ્રંથ છે.
2. આવી માન્યતાઓ જેમનાં નામે સ્થાપિત કરાઈ હોય છે તે ઈશ્વર, અવતાર, સર્વજ્ઞ કે પૂર્ણ જ્ઞાની હોય છે એટલે તેઓ કદી ભૂલ કરે જ નહીં.
3. આવી માન્યતાઓથી સહેજ પણ જુદી પડનારી માન્યતાઓ મિથ્યા, જૂઠી અને વિનાશકારી હોય છે, એટલે તેનાથી દૂર રહેવું જરૂરી છે.

કોઈ પણ અત્યંત ચુસ્ત ધાર્મિક વ્યક્તિને તમે આ ત્રણે ભાવોથી અભિભૂત જોઈ શકશો. આ એક પ્રકારનું અફીણ છે, જે પ્રત્યેક અનુયાયીને ચુસ્ત બનાવવા માટે ગુરુઓ પિવડાવતા હોય છે. ધર્મના નામે સમસ્યાઓ અહીંથી શરૂ થાય છે. વૈજ્ઞાનિક માન્યતાઓને જેટલી જલદી તથા સરળતાથી બદલી શકાય છે તેટલી સરળતાથી ધાર્મિક માન્યતાઓ બદલી શકાતી નથી, કારણ કે ધર્મક્ષેત્ર બુદ્ધિ કરતાં રૂઢિવાદિતાને વધુ મહત્ત્વ આપે છે, તેથી તેમાં પ્રવાહચેતનાની જગ્યાએ સ્થગિતતા કે જડતાનાં વધુ દર્શન થતાં હોય છે.
ઈશ્વર વિશે એટલી બધી ચિત્રવિચિત્ર માન્યતાઓ જુદાજુદા સંપ્રદાયોમાં વિદ્યમાન છે કે આ બધામાં સાચું શું હશે તે શોધવાનું કામ સામાન્ય માણસ તો શું વિદ્વાનને પણ ભારે થઈ પડે તેવું છે.

## માન્યતાનું બીજું ક્ષેત્ર

માન્યતાનું બીજું ક્ષેત્ર આત્મા, જીવાત્મા, રૂહ વગેરે સાથે સંબંધિત છે. લગભગ પ્રત્યેક સંપ્રદાયે મરણ પછીના જીવનને કોઈ ને કોઈ રીતે માન્યતા આપી છે. મરણ પછીનું જીવન તો ત્યારે શક્ય બની શકે જ્યારે નાશવાન શરીરમાં કોઈ અનશ્વર તત્ત્વ હોય. આવું તત્ત્વ તે 'આત્મા'. પણ વાત આટલેથી પૂરી થતી નથી. આત્મવાદીઓ પણ આત્માના સ્વરૂપ વિશે અત્યંત ભિન્નભિન્ન માન્યતાઓ ધરાવે છે. તે વ્યાપક છે, તે અણુ છે, તે મધ્યમપરિમાણી છે, તે કર્તા–ભોક્તા છે, તે માત્ર ભોક્તા છે, કર્તા નથી, તે જ પરમાત્મા છે, ના–તે પરમાત્મા નથી પણ તેનો અંશ છે, તે જીવાત્મા હોવાથી ઈશ્વરથી અત્યંત જુદો છે, વગેરેવગેરે આત્મા સંબંધી અનેક માન્યતાઓ છે. ભારતમાં આત્મવાદની પ્રસ્થાપના જેટલી ઊંડાણથી થઈ છે તેટલી અન્યત્ર જોવા નહીં મળે. દૂરદૂર ગામડાનો એક અભણ માણસ પણ આત્માની વાતો કરતો દેખાશે. જીવનનું પરમ લક્ષ્ય મોક્ષ છે એવી નિશ્ચિત ધારણા સાધુસંતો દ્વારા કૂટીકૂટીને ભરી હોવાથી આત્મવાદ તરફ પ્રજાનું વિશેષ આકર્ષણ રહ્યું છે. આત્મવાદથી અસંખ્ય માણસોને શાંતિ મળી છે, કારણ કે તેમાં સંસારથી નિવૃત્ત થવાની વાત ઉપર વધુ ભાર અપાયો છે. સાંસારિક પ્રવૃત્તિઓથી નિવૃત્તિ લેનારને ભારમુક્ત થવાનો આનંદ મળે તે સ્વાભાવિક છે. પણ આવો આનંદ તથા નિવૃત્તિથી અકર્મણ્યતા તથા બિનજવાદારીપણું વધે છે.
મૃત્યુ પછીના જીવન માટે જેટલી તત્પરતા તથા કાળજી રખાય તેટલી વર્તમાન જીવન પ્રત્યે જો ન રખાય તો પ્રત્યક્ષ જીવન દુઃખીદુઃખી થઈ જાય. કેટલાક આત્મવાદીઓ આવાં દુઃખોને પણ સાધના માને છે. તેઓ સુખોને ધિક્કારે છે, સુખ ભોગવનારાઓને પતિત કે ભ્રષ્ટ માને છે તથા અનાવશ્યક દુઃખોને તપ માને છે. ધાર્મિક અનુયાયીવર્ગમાં આવાં દુઃખો ભોગવનારાઓ પ્રત્યે અત્યંત શ્રદ્ધાભાવ રહેતો હોય છે. તેઓ કોઈ દૈવી શક્તિ ધરાવે છે તેવી ભાવના સ્થાપિત થઈ જાય છે, તેથી દુઃખ ભોગવવાનું વળતર લોકચાહના દ્વારા મળી જતું હોય છે. ખરેખર તો સહજ જીવન અને સ્વાભાવિક જીવન વધુ શાંતિદાયી તથા કલ્યાણદાયી બનતું હોય છે, પણ તેમાં આડંબર કે પ્રદર્શન ન હોવાથી તે લોકાકર્ષક નથી બનતું હોતું. ધાર્મિક ક્ષેત્રનું મુખ્ય આકર્ષણ પ્રદર્શન છે. એ પ્રદર્શન પછી ત્યાગનું હોય, સાદાઈનું હોય કે તપવ્રત વગેરેનું હોય, પણ કાંઈક અદ્ભુત દેખાવ લાગે તેવું પ્રદર્શન કરો એટલે અનુયાયીવર્ગનાં ટોળાં ઊમટી પડે.
આત્માને માનનારો વર્ગ આત્માને ન માનનારા કરતાં વધુ નૈતિકતા તથા પ્રામાણિકતાથી યુક્ત હોય છે તેવું કહી શકાય તેમ નથી. 'પ્રત્યેક કર્મ ભોગવવું પડે છે' તેવા કર્મવાદની દઢ માન્યતા ધરાવનાર પણ એ જ કારણે અનૈતિકતાથી દૂર રહે છે તેવું કહી શકાય તેમ નથી. જોકે વ્યક્તિગત રૂપે આત્મવાદી તથા અનાત્મવાદી બન્ને પક્ષે ઉચ્ચ નૈતિકતા તથા અધમતા એમ બન્ને તત્ત્વો જોઈ શકાય છે.
આત્મા સંબંધી અત્યંત જુદીજુદી માન્યતાઓ પ્રત્યેક વિભૂતિરૂપ દિવ્ય પુરુષ દ્વારા પ્રચલિત કરી હોવાથી તટસ્થતાથી એટલું તો કહી શકાય કે આ બધી સંભાવનાઓ છે. મહાનમાં મહાન વ્યક્તિ પણ પ્રયોગશાળાથી પરની બાબતમાં માત્ર સંભાવના સ્થાપિત કરી શકે. ખરેખર શું સત્ય છે તે કહેવું અત્યંત કઠિન છે. સાંપ્રદાયિક પંડિતો પોતપોતાની માન્યતાના પક્ષમાં યુક્તિઓ આપીને તેને દઢ કરતા રહે એટલે અનુયાયીવર્ગને તે પરમ સત્ય લાગે તે સ્વાભાવિક છે, પણ તટસ્થ સત્યશોધક માટે તો 'શબ્દજાલં મહારણ્યં' જ થઈ જાય.
માન્યતાઓ મૂળમાં તો સંભાવનાઓ હોય છે. તેઓ જ્યારે સૈદ્ધાન્તિક રૂપ ધારણ કરે તથા કોઈ નિશ્ચિત દિવ્ય ગ્રંથ કે શાસ્ત્ર સાથે તથા કોઈ એવી જ વિભૂતિ સાથે બદ્ધ થઈ જાય એટલે તે તૈયાર પૅક વિચારોનું પડીકું બની જાય. આવાં પડીકાં વ્યવસ્થિત રીતે અનુયાયીવર્ગના મસ્તિષ્કમાં બેસાડી દેનાર વર્ગને જ્ઞાનીવર્ગ કહેવાય, એટલે આ વર્તુળમાંથી સત્ય શોધવાની અપેક્ષા રાખી શકાય નહીં. આ વર્ગ એટલો અસહિષ્ણુ તથા એકાંગી હોય છે કે તેમનાથી થોડા પણ જુદા પડનાર પ્રત્યે ઘોર અણગમો ઊભો કરી દેતો હોય છે. ગેલિલિયો તથા બ્રૂનો

જેવા સત્યશોધકોને અગ્નિમાં શેકનાર કોઈ નાસ્તિકો ન હતા, પૂર્વગ્રહનાં પડીકાં લઈ બેઠેલા આસ્તિકો જ હતા.

માન્યતાઓની બાબતમાં ઉત્તમ વ્યક્તિ એ કહી શકાય જે દુરાગ્રહી ન હોય તથા પૂર્વાગ્રહી ન હોય. 'ઈશ્વર જાણે, કદાચ એવું પણ હોય, કદાચ તેવું પણ હોય, તેની લીલાનો પાર નથી, આપણે પામર માણસ શું જાણીએ?'–આવા ભાવો વ્યક્તિને દુરાગ્રહી થતી અટકાવે છે. શાસ્ત્રવેત્તા હોવાનો દાવો કરનારા પ્રાયઃ આવી ભૂમિકા નથી ભોગવી શકતા હોતા, કારણ કે તેઓ કોઈ દિવ્ય શાસ્ત્રનો તથા દિવ્ય પુરુષનો દિવ્ય સિદ્ધાન્ત માને છે તેવી મનોવૃત્તિ ધરાવતા હોય છે. વ્યક્તિને અસહિષ્ણુ તથા એકાંગી બનાવવા આવી વૃત્તિ પર્યાપ્ત ભાગ ભજવતી હોય છે.

જે વસ્તુ આપણે જોઈએ છીએ, અનુભવીએ છીએ, તેના વિશે જેટલી મક્કમતાથી બોલી નથી શકતા તેટલી મક્કમતાથી ન જોયેલી કે ન અનુભવેલી વસ્તુઓ માટે બોલીએ છીએ–અરે, લડી પડીએ છીએ. 'આત્મા આવો જ છે', ' આત્મા આવો નથી જ', વગેરે વાક્યો સાથે આપણા કેટકેટલા ગ્રહો જોડાયેલા હોય છે!

આત્મવાદની બાબતમાં મુસ્લિમો તથા ખ્રિસ્તીઓ બહુ ઊંડા પાણીમાં ઊતરતા નથી. 'તે છે' એટલું જ પર્યાપ્ત છે. કદાચ તેથી તે પોતાની શક્તિને રાજકીય તથા ભૌતિક ક્ષેત્રમાં વાળીને વિશેષ પરિણામો પ્રાપ્ત કરી શકે છે.

જીવનના વાસ્તવિક તથા પાયાના પ્રશ્નો પ્રત્યે અરુચિ અથવા ઉપેક્ષા કરાવનારી માન્યતા કલ્યાણકારી ન કહેવાય. એક તડપતા રોગીને એક સાધુ પાસે લઈ જવાયો. 'બાપજી! મને દુઃખમાંથી છોડાવો! નથી રહેવાતું! બાપજી, દયા કરો! હું બહુ દુઃખી થઈ રહ્યો છું.' આર્ત્તસ્વરમાં પેલાએ આજીજી કરી. બાપજી બોલ્યા, 'રડવાથી શું વળશે? ગયા જન્મનાં કરેલાં પાપો પ્રારબ્ધ થઈને આવ્યાં છે એટલે ભોગવ્યે જ છૂટકો છે. દોડાદોડી ન કર. શાંતિથી ભોગવી લે.' બાપજીએ અત્યાર સુધી હજારોને આપેલું ધ્રુવ સમાધાન આ રોગીને પણ આપ્યું. વિધવાઓ, દરિદ્રો, રોગીઓ, પીડિતો, વગેરે સૌને બાપજી આ રીતે ગયા જન્મનાં કર્મોનાં પરિણામ દ્વારા શાંત કરી દેતા રહ્યા છે, તેથી તેઓ વધુ ને વધુ ધાર્મિક તથા પૂજ્ય થયા છે. લોકોને પણ જીવનના પ્રશ્નોનું વાસ્તવિક સમાધાન શોધવા કરતાં પ્રશ્નો ઉપર ધૂળ નાખનારા વધુ ગમતા હોય છે.

એ જ તડપતો રોગી બીજા–ત્રીજા દિવસે અમારા દવાખાને આવ્યો. સીધો દવાખાનામાં ન જતાં તે આશીર્વાદ લેવા મારી પાસે આવ્યો. હજી પણ તેની દૃઢ માન્યતા હતી કે કોઈ સંતના આશીર્વાદ મળે તો મારો રોગ મટી જાય. તે એવું માનતો હતો કે સંત–સાધુઓ 'લેખ ઉપર મેખ' મારી શકે છે. મેં તેને માંડમાંડ સમજાવીને ડૉક્ટર પાસે મોકલ્યો. થોડા જ દિવસમાં તે સાજો થઈ ગયો. તે મારી પાસે આવીને કહે કે 'તમારા આશીર્વાદથી જ સાજો થયો. દવા તો મેં ઘણીયે કરી હતી. દવાથી મટવાનું હોત તો ક્યારનુંય મટી ગયું હોત.' મેં કહ્યું કે 'મેં તને આશીર્વાદ આપ્યા જ નથી. દવાથી જ મટ્યું છે.' પણ તે શાનો માને?

સાજો થઈને તે પેલા બાપજીને મળવા ગયો. તેને રોગમુક્ત થયેલો જોઈને બાપજી બોલ્યા, 'તારાં પૂર્વનાં કર્મ ક્ષીણ થઈ ગયાં એટલે તું સાજો થઈ ગયો. પૂર્વનાં કર્મો બહુ પ્રબળ હોય છે. ભલભલાને છોડે નહીં. પૂરાં થાય ત્યારે જ છૂટે. તારાં પાપકર્મ હવે પૂરાં થયાં અને પુણ્યકર્મ શરૂ થયાં એટલે તું સાજો થયો.'

જીવનના વાસ્તવિક પ્રશ્નો આવી અસંખ્ય માન્યતાઓથી ગૂંચવાતા હોય છે–દબાતા હોય છે.

આવી માન્યતાઓ તત્ત્વજ્ઞાન અને ફિલસૂફી બને અને સિદ્ધાન્તનું રૂપ ધારણ કરે એટલે પ્રજાનું અહિત જ થાય.

માન્યતાઓનો સદંતર અભાવ થઈ શકે નહીં. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં કાંઈ ને કાંઈ માન્યતાઓ રહેતી જ હોય છે. તેમાં પણ ધાર્મિક ક્ષેત્ર તો શ્રદ્ધાના આધારે ઊભેલું ક્ષેત્ર હોવાથી માન્યતાઓ રહેવાની જ. કોઈ પણ ધર્મ(સંપ્રદાય)ને શત–પ્રતિશત બુદ્ધિગમ્ય (યુક્તિસિદ્ધ) બનાવી શકાય નહીં, કારણ કે તે માત્ર મસ્તિષ્કનો વિષય નથી, પણ હૃદયનો પણ વિષય છે. હૃદય (લાગણીઓ) ઘણી વાર બુદ્ધિની વાડને સ્વીકારવા તૈયાર નથી હોતું. કેટલીક વાર આ જ કારણે તેની શક્તિ તથા ગતિ બુદ્ધિ કરતાં ઘણી ઊંચી તથા ભવ્ય થઈ જતી હોય છે. ધર્મની વાત જવા દો. વ્યક્તિના જીવનમાં પણ હૃદયને પર્યાપ્ત સ્થાન હોય જ છે. બુદ્ધિનો સંતોષ આપ્યા પછી પણ જો હૃદયને સંતોષ ન અપાય તો જીવન સુખી નથી થઈ શકતું, એટલે માન્યતાઓ તો રહેવાની જ, પણ તે શ્રદ્ધાયુક્ત હોય, અંધશ્રદ્ધા કે કુશ્રદ્ધાયુક્ત ન થઈ જાય તેની કાળજી રાખવાની. તેનાથી પ્રજાજીવનનું અકલ્યાણ ન થતું રહે તેની સાવધાની રાખવાની.

## ગ્રંથભેદ

સંપ્રદાયોની ભિન્નતામાં ઉપરનાં કારણોની સાથે શાસ્ત્રભેદ પણ કારણ બને છે. કોઈ શાસ્ત્ર વિના સંપ્રદાયની કલ્પના કરવી કઠિન છે. સંપ્રદાયની મૂળ પ્રવર્તક વ્યક્તિ પોતાના વિચારોને કહે છે, લખે છે, લખાવે છે કે પછી પાછળના અનુયાયીઓ યાદ કરી કરીને તેમનું સંપાદન કરે છે. આ રીતે એક ધર્મગ્રંથ તૈયાર થતો હોય છે. તત્કાલીન સમસ્યાઓના સંદર્ભમાં તે રચાયેલો હોવાથી તે વર્ષો વીત્યા પછી નવીનવી સમસ્યાઓના સમાધાન માટે અપર્યાપ્ત થવા લાગતો હોય છે. એટલે સંપ્રદાયના વિદ્વાનો મૂળ ગ્રંથના પૂરક ગ્રંથ તરીકે બીજા ગ્રંથોનું નિર્માણ કરે છે. આ પ્રક્રિયા લગભગ ચાલ્યા કરતી હોવાથી સંપ્રદાયમાં નવુંનવું સાહિત્ય ઉમેરાતું જાય છે તેમતેમ તેની વ્યાખ્યાઓ તથા અર્થઘટનો વધતાં જાય છે. કારણ કે બદલાયેલા સમય તથા સંદર્ભમાં વ્યાખ્યા બદલવી પડતી હોય છે. આ વ્યાખ્યા બદલવાની પ્રક્રિયાથી પ્રાચીનપંથી તથા અર્વાચીનપંથી એમ બે ભાગ વિદ્વાનોમાં પડતા હોય છે.

જુદાજુદા ધર્મગ્રંથોથી જુદાજુદા સિદ્ધાન્તો થાય તે તો સ્વાભાવિક છે, પણ એક જ ધર્મગ્રંથની જુદીજુદી વ્યાખ્યાઓ કરવાથી પણ સિદ્ધાન્તભેદ થતા હોય છે. વેદ–ઉપનિષદ, ગીતા, બ્રહ્મસૂત્ર, વગેરે ગ્રંથો ઉપર અનેક વ્યાખ્યાતાઓએ અત્યંત જુદી જુદી વ્યાખ્યાઓ કરી છે અને તેથી જુદાજુદા સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા છે. એક જ ગ્રંથમાંથી અત્યંત વિરોધી વ્યાખ્યાઓ કરીને વિરોધી સંપ્રદાયો ઊભા થયા છે.

આ બધાનું મૂળ કારણ મૂળ ગ્રંથને ઈશ્વરીય ગ્રંથ માનવો એ છે. આવું માનવાથી તેની સત્યતા અબાધિત થઈ જાય, એટલે તે ગ્રંથનો જ સિદ્ધાન્ત સ્થાપિત થઈ રહ્યો છે તેવું નવા સંપ્રદાયે પ્રાચીન સંપ્રદાય આગળ સાબિત કરવાનું જરૂરી થાય. આવું કરવા માટે લગભગ તમામ વિદ્યાશક્તિ પરસ્પરની કાટ–છાંટ કરવામાં લગાવવી પડે. આનું નામ પંડિતોની મલ્લકુસ્તી કહેવાય. તિથિઓના નિર્ણયમાં ભયંકર દ્વંદ્વયુદ્ધ (?) થતું હોય છે. અંતે લોકોના માથા ઉપર બે તિથિઓ ઠોકાતી હોય છે. વ્યાવહારિકતા તથા વાસ્તવિકતાની ઉપેક્ષા કરાવનારી વિદ્યા પ્રજાજીવનને ચૂંથી નાખતી હોય છે. પ્રકાંડ વ્યાખ્યાતાઓ પોતાની પ્રચંડ વિદ્યાથી પ્રજાજીવનને સુમેળભર્યું બનાવી શકે તથા કુમેળભર્યું પણ બનાવી શકે. સુમેળભર્યું બનાવે તે સંત કહેવાય, કુમેળભર્યું બનાવે તે દુષ્ટ કહેવાય.

ધર્મગ્રંથોમાં ત્રણ મુખ્ય અંશો રહેતા હોય છેઃ 1 માનવતાવાદી, 2. અધિકારવાદી અને 3. આચારવાદી.

માનવતાવાદી વાક્યો, શ્લોકો, પરિચ્છેદો તથા અધ્યાયોથી સમગ્ર માનવજાતનું કલ્યાણ થતું હોય છે. સૌને સદ્ભાવ તથા જીવનવિકાસની પ્રેરણા તેમાંથી મળતી હોય છે, પણ અધિકારવાદી વાક્યો, વગેરેથી અધિકાર–અનધિકારના ભેદ થતા હોય છે. ગીતા, બાઇબલ, કુરાન વગેરે ધર્મગ્રંથો માનવમાત્ર માટે એકસરખા કલ્યાણકારી છે તેવી વાત કહેવી તથા સમજવી એ એક સ્થિતિ થઈ પણ તે ફલાણાથી વંચાય નહીં, ફલાણા વર્ણ કે જાતિના તેના અધિકારી નથી, આવી કંઠી, આવું તિલક કે આવી વેશભૂષા, વગેરે ધારણ કરે તે તેનો અધિકારી છે, વગેરે વાક્યો સંકીર્ણતાની દીવાલો જન્માવે છે. ધર્મગ્રંથોનો અહીંથી દુરુપયોગ શરૂ થાય છે. ત્રીજો અંશ આચાર સંબંધી રહેતો હોય છે. શું કરવું અને શું ન કરવું તેનાં વિધાનો થોડાઘણા અંશોમાં હોય છે. આ આચારો પણ બે ભાગમાં વિભક્ત હોય છેઃ મંદિર આદિ ધર્મસ્થાનોમાં થનારા આચારો તથા ઘર, દુકાન, વગેરે સ્થળે થનારા સામાન્ય આચારો.

પૂર્વે કહ્યું તેમ મુખ્યતઃ મંદિરાદિ સ્થાને થનારા આચારો ઉપર સંપ્રદાયોમાં વધુમાં વધુ ભાર મુકાતો હોય છે. જેમ કે સીવ્યા વિનાનાં જ કપડાંથી પૂજા થાય, સીવેલાં કપડાં પહેરાય નહીં, અમુક દિશામાં જ મુખ રાખીને પ્રાર્થના થાય, રેશમી કે ઊનનાં વસ્ત્રો પવિત્ર છે (ખરેખર તો કીડાઓને મારીને રેશમ તથા બકરાં–ઘેટાંના વાળ ઉતારીને ઊન વગેરે થતું હોવાથી નિર્દોષ કપાસની તુલનામાં પવિત્ર ન કહેવાય.). જળ, ચંદન, પુષ્પ, નૈવેદ્ય, આરતી, વગેરેની વિધિઓ નિશ્ચિત કરાઈ હોય છે. આવી વિધિઓ કેટલીક વાર વ્યવસ્થા રાખવા જરૂરી હોય છે. પણ માત્ર આટલા આચારોમાં જ ધર્મ આવી જતો હોવાની તૃપ્તિથી સામાન્ય જીવનના આચારો પ્રત્યે પૂરતી સભાનતા રાખી શકાતી નથી. નિયમ પાળવાની શક્તિને આવા ધાર્મિક આચારો તરફ વાળી દેવાથી વ્યક્તિ પાસે સામાન્ય જીવન માટે પાળવાના નિયમો, આચારો વગેરે માટે શક્તિ ખૂટી પડે છે, એટલે મંદિરોના ક્ષેત્રમાં ચુસ્ત અને કડક નિયમ પાળનાર રોજના સામાન્ય જીવનમાં પ્રામાણિક વર્તન આચરતા જોવા મળતા નથી. ‘ચાલે આ તો’, આમ કહીને ચલાવી લે છે, કારણ કે તેમણે નિયમો પાળવાની બધી શક્તિ મંદિરોમાં ખર્ચી નાખી હોય છે. સામાન્ય જીવનમાં પાળવા માટે જોઈતી શક્તિ લાવવી ક્યાંથી?

ધર્મગ્રંથોમાં રહેલા માનવતાવાદી અંશોને વધુ મહત્ત્વ આપનારા માટે વિશ્વનો કોઈ પણ ધર્મગ્રંથ કલ્યાણકારી થઈ જ શકે છે, પણ અધિકાર કે આચાર (કર્મકાંડ)વાળા અંશોને જ મહત્ત્વ આપનારા માટે ધર્મગ્રંથ ગૂંચવાડો તથા ગૂંગળામણ ઊભી કરનારો થઈ શકે છે. ઉત્તમમાં ઉત્તમ ધર્મગ્રંથ પણ જો ઉત્તમ આશય વિના માત્ર પરશાસન માટે પ્રયોજિત કરાય તો તે વ્યક્તિ તથા પ્રજાને લડાઈ–ઝઘડા કરાવનારો થઈ જાય.

## વ્યક્તિભેદ

સંપ્રદાયોમાંથી ઉપસંપ્રદાયો મોટા ભાગે વ્યક્તિભેદથી યા વ્યક્તિની વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાથી થતા હોય છે. કોઈ પણ મૂળ સંપ્રદાયના ઇતિહાસનું અધ્યયન કરશો તો ખ્યાલ આવશે કે સમયેસમયે તેમાં થનાર પ્રભાવશાળી વ્યક્તિઓના કારણે એક જુદો ઉપસંપ્રદાય થઈ ગયો છે.

પ્રત્યેક મૂળ સંપ્રદાયની નિશ્ચિત પ્રકૃતિ હોય છે. એ પ્રકૃતિના કારણે તેનો વિકાસ, પ્રકાશ તથા અસ્તિત્વની અવધિ નિર્ધારિત થતી હોય છે. સામાન્યતઃ મૂળ સંપ્રદાયોને ત્રણ ભાગમાં વહેંચી શકાયઃ

1. ઇષ્ટનિષ્ઠ
2. સિદ્ધાન્તનિષ્ઠ અને
3. વ્યક્તિનિષ્ઠ

પ્રથમ સંપ્રદાય તેના પોતાના માનેલા ઇષ્ટદેવમાં અતિનિષ્ઠા ધરાવતો હોય છે. સગુણ કે નિર્ગુણ, સાકાર કે નિરાકાર, લક્ષ્ય કે અલક્ષ્ય ગમે તે પ્રકારનો એક ઇષ્ટદેવ મોટા ભાગે કુળપરંપરાથી નિશ્ચિત થતો હોય છે. આ નિશ્ચિત ઇષ્ટદેવની સાથે અન્ય દેવની ઉપાસના તરફ અથવા ઇષ્ટદેવને છોડીને અન્ય દેવને ઇષ્ટદેવ ન બનાવી લે તે માટે સંપ્રદાયના ધર્મનેતાઓ સજ્જડ વ્યવસ્થા કરતા હોય છે. આવી વ્યવસ્થાથી એક તરફ એકનિષ્ઠા વધતી હોય છે. શિવનો ઉપાસક શૈવસંપ્રદાયી તથા વિષ્ણુનો વૈષ્ણવસંપ્રદાયી બને તે બરાબર છે. પણ વૈષ્ણવ કપડાં સીવવા માટે 'સાંધવા' શબ્દનો પ્રયોગ કરે ત્યારે એમ સમજવાનું કે સંપ્રદાયે તેને અસહિષ્ણુ જ માત્ર નહીં, પણ ઘોર અલગતાવાદી પણ બનાવી દીધો છે. દુર્ભાગ્યવશ હિન્દુ પરંપરામાં અસંખ્ય ઇષ્ટદેવો તથા દેવીઓ માન્ય થયેલાં છે. એટલે જુદાજુદા ઇષ્ટદેવને કારણે જુદાજુદા સંપ્રદાયો અસ્તિત્વમાં આવી જતા હોય છે. કેટલીક વાર તો એક જ ઇષ્ટદેવનાં જુદાંજુદાં નામો તથા જુદાજુદા આકારને કારણે પણ સંપ્રદાયો–ઉપસંપ્રદાયો થઈ જતા હોય છે.

ઈશ્વર વિશેની જેટલી સ્પષ્ટ ફિલસૂફી ઇસ્લામ કે ખ્રિસ્તીઓ પાસે છે, તેટલી આપણી પાસે નથી. આપણે તેના અસ્તિત્વને માનનારા તથા ન માનનારા પણ છીએ. અર્થાત્ ઈશ્વર છે અને નથી એમ બન્ને બાબતો આપણે ત્યાં છે. એવા વિભાગમાં પણ તેને નિરાકાર તથા સાકાર રૂપે માનનારો વર્ગ છે. સાકાર વર્ગમાં ઘણા પેટાવર્ગ છે, જેઓ ઈશ્વરના જુદાજુદા આકારોને માને છે. નવાઈ તો એ કે પ્રત્યેક આકારના ઉપાસકો પોતાના સાકાર ઇષ્ટદેવને સર્વોચ્ચ દેવ માની બીજા દેવોને તેમને આધીન–નિમ્ન કક્ષાએ ગોઠવે છે. આથી એક બહુ મોટો ગૂંચવાડો ઊભો થાય છે. સામાન્ય માણસ આ દેવ ને પેલા દેવમાં નિષ્ઠા બદલીને અનિષ્ઠ અથવા અસ્પષ્ટનિષ્ઠ થઈ જાય છે. પ્રજાની એકતા જોખમાય છે. જોકે ઉત્તરવર્તી કાળમાં સૌ દેવોમાં એક જ પરમાત્માની અનુભૂતિ કરવાનો ઉપદેશ ઘણા સંતોએ આપ્યો તથા તેની અસર પણ થઈ, તેમ છતાં જે આકારભેદ સ્વીકારાયા છે તે પ્રજાનું વિભાજન કરવામાં નિમિત્ત બને જ છે.

વ્યક્તિ કે સમૂહ પોતાની રુચિ પ્રમાણે કોઈ ઇષ્ટદેવને સ્વીકારીને તેમાં દઢ નિષ્ઠા કરે તો તેમાં વાંધો ન હોઈ શકે, પણ સાથોસાથ તેમાં આટલી વ્યાપક સમજણનો પણ વિકાસ થવો ઘટે કે એક જ પરમાત્માનાં આ સૌ જુદાંજુદાં રૂપ છે. એક પ્રત્યેની નિષ્ઠા બીજા પ્રત્યેના ધિક્કારમાં પરિણત થવી ન જોઈએ.

કેટલાક સંપ્રદાયો સિદ્ધાન્તભેદના કારણે થયા હોય છે. જેમ કે અદ્વૈત, દ્વૈત, વિશિષ્ટાદ્વૈત, ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, વગેરે. આવા ભેદો સિદ્ધાન્તોના કારણે થતા હોય છે.

હિન્દુ પરંપરામાં ધર્મ કદી નિયંત્રિત અથવા વ્યવસ્થિત રહ્યો ન હોવાથી જેવી રીતે અસંખ્ય ઇષ્ટદેવો થયા તેવી રીતે અસંખ્ય સિદ્ધાન્તો પણ થયા. જોકે સામાન્ય પ્રજા પોતાના જ સિદ્ધાન્તોને સારી રીતે જાણતી નથી, તેમ છતાં તે સિદ્ધાન્તોના નામે વહેંચાયેલી રહે છે. ઇષ્ટદેવ

પ્રત્યેની નિષ્ઠા સાથે સિદ્ધાન્તનિષ્ઠા સંકળાયેલી હોય છે, બંને મળીને સંપ્રદાયને સ્પષ્ટ કરતી હોય છે. મોટા ભાગે સિદ્ધાન્તોને વરેલી પ્રજા બહુ જલદી વિખંડિત થતી નથી, કારણ કે સિદ્ધાન્તનિષ્ઠા અસંખ્ય દૂષણોથી બચાવે છે.

સંપ્રદાયોમાંથી ઉપસંપ્રદાયો ઘણી વાર વ્યક્તિનિષ્ઠાના કારણે પણ થતા હોય છે. પ્રભાવશાળી વ્યક્તિ ભક્તોને ઇષ્ટદેવ અને સિદ્ધાન્તોના અનુયાયી બનાવવાની જગ્યાએ પોતાના જ અનુયાયી બનાવે અથવા ઇષ્ટદેવ તથા સિદ્ધાન્તોની સાથે પોતાનું સ્થાન અનિવાર્ય તથા વધુ મહત્ત્વનું બનાવે તો અનુયાયીવર્ગ વધુ પ્રમાણમાં વ્યક્તિનિષ્ઠ થઈ જાય. હિન્દુ પરંપરામાં ગુરુપ્રથાએ આ જ કાર્ય કર્યું છે. ગુરુ હજારો ભક્તોને શિષ્ય બનાવે, પછી પોતે જ ઇષ્ટદેવ થઈ જાય અથવા ઇષ્ટદેવનો જોડિયો થઈ જાય. ગુરુમહિમાની જ ઉપાસના કરાવાય, માર્ગદર્શક ગુરુને જ તારણહાર બનાવાય. ગુરુપૂજાનો અતિરેક જાણીકરીને શિષ્યો પાસે આચરાવાય. ગુરુને અવતાર, ભગવાન કે અન્ય કોઈ દિવ્ય વિભૂતિ સાથે જોડીને તેમાં અલૌકિકતા દર્શાવાય. આ બધાના કારણે શિષ્યવર્ગ ગુરુ પ્રત્યે આંધળી ભક્તિ કરનારો થઈ જાય. સ્વપૂજારત ગુરુને આ જ જોઈતું હોય. આ રીતે પ્રજા વ્યક્તિનિષ્ઠ બને અને જે–તે વ્યક્તિના નામે તેમનો મહિમા વધારવા માટે ઉપસંપ્રદાયો થાય.

ઇષ્ટદેવથી તથા સિદ્ધાંતોથી પરિતૃપ્ત પ્રજા ધાર્મિક ક્ષેત્રમાં ખાલીપણું નથી અનુભવતી, પણ વ્યક્તિનિષ્ઠ પ્રજા ઘણાં કારણે ખાલીપણું અનુભવવા લાગી જતી હોય છે.

1. પ્રથમ તો દિવ્ય જણાતી વ્યક્તિ જ્યારે અદિવ્ય દેખાવા લાગે ત્યારે તેને ખાલીપણાનો અનુભવ થાય. કેટલાક ચતુર ગુરુઓ આ જ કારણસર શિષ્યવર્ગને પોતાનાથી યથાસંભવ દૂર રાખતા હોય છે, જેથી દૂરના ડુંગરોની રળિયામણી ઘટા નજીક આવવાથી કરમાયેલી ન દેખાય. અત્યંત સમીપમાં રહેનાર વ્યક્તિ જ વ્યક્તિની વાસ્તવિકતાને જાણી શકતી હોય છે. સદ્‌ગુરુના નામે કુગુરુ મળ્યાનું ભાન થતાં વ્યક્તિમાં આઘાતજનક ખાલીપણું આવી જતું હોય છે.

પણ સદ્‌ગુરુ ખરેખર સદ્‌ગુરુ હોય. તેમને વળગીને હજારો લોકો જીવતા હોય. આવી વ્યક્તિ વિલીન થઈ જાય ત્યારે શિષ્યવર્ગમાં ખાલીપણું આવી જતું હોય છે. ઇષ્ટદેવ અને સિદ્ધાન્તો પ્રત્યેની ઉપેક્ષા તથા વ્યક્તિ પ્રત્યેની તીવ્ર નિષ્ઠાનું આ પરિણામ થતું હોય છે. આવી રીતે આવેલું ખાલીપણું દૂર કરવા પ્રજા બીજી વ્યક્તિને શોધે છે. મેળ મળે એવી બીજી વ્યક્તિ મળતાં જ તે ત્યાં ગોઠવાવા લાગે છે. આમ બીજીમાંથી ત્રીજી, ચોથી, પાંચમી એમ વ્યક્તિઓ બદલાતી રહે છે. આ રીતે વ્યક્તિનિષ્ઠ માણસો એક તરફ વ્યક્તિપૂજક બને છે, તો બીજી તરફ ઉપસંપ્રદાયોની સંખ્યા વધારતા જાય છે.

સિદ્ધાન્તો તથા ઇષ્ટદેવ એક જ હોવા છતાં માત્ર વ્યક્તિ જુદી થવાથી સંપ્રદાયોમાં ફાંટા પડે છે. આમ જુદાંજુદાં કારણોસર સંપ્રદાયો ઉપસંપ્રદાયોની સંખ્યા વધારતા જાય છે.

## સંપ્રદાયોની આવશ્યકતા

સંપ્રદાયો વિશે આટલું જાણ્યા પછી ઘણાને એવું થશે કે આવા સંપ્રદાયો હોય જ નહીં તો પ્રજાને શાન્તિ મળે. વાત સાચી હોવા છતાં પણ પ્રજાની બૌદ્ધિક તથા માનસિક આવશ્યકતાઓ પૂરી કરવા કેટલાક સંપ્રદાયો લગભગ અનિવાર્ય છે. સિદ્ધાન્તભેદના કારણે થનારા સંપ્રદાયો લગભગ બૌદ્ધિક અપેક્ષાઓ પૂરી કરતા હોય છે. એક ઈશ્વરવાદી મનુષ્યને અનીશ્વરવાદી વિચારધારા સાથે આજીવન જોડી શકાય નહીં, તેમ એક માનવતાવાદી મનુષ્યને આજીવન હોમ–હવનનાં કર્મકાંડોમાં જોતરી શકાય નહીં. આ બૌદ્ધિક માન્યતાભેદ થયો, એટલે આવા ભેદોથી સંપ્રદાયો થવાના; તેમને રોકી નહીં શકાય.

કેટલીક વાર માનસિક આવશ્યકતાઓ બૌદ્ધિક આવશ્યકતા કરતાં જુદી પડતી હોય છે. યુક્તિ કરતાં લાગણીઓની પ્રબળતા વ્યક્તિ તથા પ્રજાને વધુ પ્રભાવિત કરતી હોય છે. ધર્મ સ્વયં લાગણીઓનું કેન્દ્ર છે. ઉપાસના તથા આધ્યાત્મિક સાધના પણ લાગણીઓ સાથે સજ્જડ સંબંધ ધરાવે છે, કારણ કે એ લાગણીઓ જ શ્રદ્ધાનું રૂપ ધારણ કરે છે. જો લાગણીઓ હોય જ નહીં તો શ્રદ્ધા પણ ન હોય, એટલે પોતપોતાની માનસિક રુચિ પ્રમાણે શ્રદ્ધા થતી હોય છે. આવી શ્રદ્ધા પોતાની અપેક્ષાઓ પૂરી કરવા નિશ્ચિત સંપ્રદાયની અપેક્ષા કરતી હોય છે. હા, એક વાત સમજવી જરૂરી છે કે રુચિનું મૂળ સંસ્કાર, સંપર્ક તથા સમજણ હોય છે, એટલે નિશ્ચિત સીમામાં જ રુચિઓ અસ્તિત્વ ધરાવે તેની વ્યવસ્થા કરી શકાય. અસીમિત ક્ષેત્રોમાં રુચિઓને પ્રસરવા દેવાય તો કુસંસ્કાર તથા કુસંપર્કથી કુસમજણ થઈને કુરુચિઓ

ઉત્પન્ન થઈ શકે છે, જે પ્રજાજીવનને છિન્નભિન્ન કરી નાખતી હોય છે. ધાર્મિક સ્વતંત્રતાની પણ સીમા તો હોવી જ જોઈએ, નહીં તો તે સ્વચ્છંદતાનું રૂપ ધારણ કરતાં વાર નહીં કરે.

સાધ્યભેદ તથા સાધનભેદથી પણ સંપ્રદાયો થતા હોય છે. સાધ્ય તથા સાધનભેદથી પ્રજાનું વર્ગીકરણ કરાય તો બહુ જ થોડા ભેદ થાય. આવા ભેદોથી થયેલા સંપ્રદાયોને સ્વીકારીને પણ જો તેમનામાં સહિષ્ણુતા અને ઉદારતાના પર્યાપ્ત તત્ત્વનું આધાન કર્યું હોય તો સંપ્રદાયો હાનિકર ન થાય. એકબીજા પ્રત્યે માન તથા મહત્તાનો સ્વીકાર જરૂરી છે, પણ સંપ્રદાયો વ્યક્તિના અહંને પોષવા તથા વ્યક્તિની સર્વોચ્ચતા સિદ્ધ કરવા રચાતા હોય છે ત્યારે તેમાં સહિષ્ણુતા તથા ઉદારતા નથી રહેતી હોતી. 'સારું એ મારું' એની જગ્યાએ 'મારું એ જ સારું' એવું વલણ સ્થિર થતું હોય છે. કેટલીક વાર તો એથી પણ વધારે 'મારું એ જ સારું અને બાકીનું બધું ખોટું' એવો અભિગમ સ્થિર થઈ જતો હોય છે. આવો અભિગમ એ વિશ્વ માટે ઝેરનું કામ કરતો હોય છે. આવા અર્થમાં સંપ્રદાયો માનવજાતના કલ્યાણ માટે નહીં પણ માનવજાતને ગૂંગળાવવા અને શક્તિ હોય તો રિબાવવાનું કાર્ય કરતા હોય છે.

સહિષ્ણુતા તથા ઉદારતાની સાથે પોતપોતાની સાધ્ય–સાધનામાં મચી રહેનારા સંપ્રદાયો આવકાર્ય હોવા જોઈએ. જો આવા પણ સંપ્રદાયો હોય જ નહીં તો માવનજાતનો બૌદ્ધિક તથા માનસિક વિકાસ અવરુદ્ધ થઈ જશે.

કોઈ વ્યક્તિવિશેષ તથા વંશવિશેષની પૂજ્યતા સ્થાપિત કરવા તથા આજીવિકા પૂરી પાડવા રચાયેલા સંપ્રદાયો અનુયાયીવર્ગને ગુણગ્રાહી નહીં થવા દે, તેમનો બધો ભાર નિશ્ચિત વ્યક્તિ તથા વંશ પ્રત્યે રહેશે. આ રીતે ભારતમાં અસંખ્ય સંપ્રદાયો ઉત્પન્ન થયા છે તથા થઈ રહ્યા છે. આવા સંપ્રદાયો પ્રજાજીવનના અભિગમને શુદ્ધ થવા દેતા નથી, કારણ કે તેઓ નિશ્ચિત વંશ સાથે જ જકડાયેલા રહે. આશ્ચર્ય તો ત્યારે થાય છે કે જ્યારે નિશ્ચિત વ્યક્તિ કે નિશ્ચિત વંશ જીવનનાં ઉચ્ચ મૂલ્યોથી દૂર ખસી જાય, આદર્શ–હીનતાથી ઓતપ્રોત થઈ જાય તોપણ અનુયાયીવર્ગ તેમને છોડવા તૈયાર ન થાય, કારણ કે તેને વંશપૂજક બનાવાયો છે, ગુણ, જ્ઞાન કે શીલની વાતથી તેને દૂર રખાયો છે. આવા સંપ્રદાયોથી ધર્મ અભડાતો હોય છે. ધર્મના નામે ધર્મભ્રષ્ટતા પોષાતી હોય છે.

જો સંપ્રદાયોને ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ભેદથી વહેંચવા હોય તો આ રીતે વહેંચી શકાયઃ

ઉત્તમઃ નિશ્ચિત સાધ્ય તથા નિશ્ચિત સાધનો દ્વારા પોતાની સમજણ તથા રુચિ પ્રમાણે અન્યને હાનિ પહોંચાડ્યા વિના અન્યની સાથે સહિષ્ણુભાવ રાખીને પોતાની સાધના કરે તે ઉત્તમ સંપ્રદાય. સર્વધર્મસહિષ્ણુતા.

મધ્યમઃ પોતાનું જ સાધ્ય તથા પોતાનું જ સાધન સાચું છે તેવી દુરાગ્રહી માન્યતા સાથે સહિષ્ણુભાવ રાખ્યા વિના સાધના કરે તે મધ્યમ.

અધમઃ નિશ્ચિત સાધ્ય–સાધન ન કરતાં નિશ્ચિત વ્યક્તિ તથા નિશ્ચિત વંશને આધીન થઈ જવું, ગુણગ્રાહકતા તથા વિદ્યાગ્રાહકતાની જગ્યાએ કૂપમંડૂકવૃત્તિ કેળવવી, અસહિષ્ણુતા તથા અનુદારતાભાવ દઢ કરવો તે અધમ સંપ્રદાયની નિશાની કહી શકાય.

ઉત્તમ સંપ્રદાય વિશ્વ માટે ખતરનાક નથી બનતો. તેના અનુયાયીઓ પોતાનું કલ્યાણ કરી શકે અથવા ન કરી શકે. તે વાતને બાજુએ રાખીએ, પણ તેમનાથી વિશ્વનું કલ્યાણ નથી થતું. આવા સંપ્રદાયો સ્વીકાર્ય થવા જોઈએ. તેમની સામે વાંધો ન હોય.

ઉત્તમ સંપ્રદાયથી પણ વધુ ઉત્તમ તો ધર્મ છે–માત્ર ધર્મ–કોઈ પ્રકારનાં ટીલાંટપકાં, દાઢી–ચોટી, જનોઈ કે નિશ્ચિત વેશની અપેક્ષા વિનાનો સમભાવી, સર્વહિતકારી, વિશ્વવાત્સલ્યથી ભરપૂર ધર્મ–માત્ર ધર્મ. ગુણવિકાસ.

*

# 12. સંસ્કૃતિ

જેમ મૂળ ધર્મથી સંપ્રદાયો જુદા છે, તેમ સંસ્કૃતિ પણ જુદી છે. વિશ્વની તમામ પ્રજામાં મૂળ ધર્મ એક જ છે, પણ અસંખ્ય સંપ્રદાયોની માફક સંસ્કૃતિઓ પણ અસંખ્ય છે. ધર્મ તથા સંસ્કૃતિને ગાઢ સંબંધ છે, એટલે ધર્મનો વિચાર કરતાં સંસ્કૃતિ ઉપર પણ દૃષ્ટિપાત કરવો જ રહ્યો. ઘણી વાર તો સંસ્કૃતિને જ લોકો ધર્મ સમજી લેતા હોય છે, એટલે બન્નેનો ભેદ તથા બન્નેનાં સ્થાનને પણ સમજવાં જરૂરી લાગે છે.

કોઈ પણ પ્રજાએ સ્વીકારેલી જીવનની ઉચ્ચ પદ્ધતિનું નામ સંસ્કૃતિ છે. આવી ઉચ્ચ પદ્ધતિનું સ્થાન સંસ્કારમાં હોય છે. સંસ્કારો ધાર્મિક તથા સામાજિક વિધિઓ, આચારો, વગેરેથી આવતા તથા દૃઢ થતા હોય છે. સંસ્કાર વિના સંસ્કૃતિ નહીં અને સંસ્કૃતિ વિના ઉચ્ચતા નહીં. બીજી રીતે એમ કહી શકાય કે સત્ય, દયા, ઉદારતા, વગેરે મૂળ ધર્મતત્ત્વોને વધુમાં વધુ ઉપસાવી આપે તે ઉચ્ચ સંસ્કૃતિ કહેવાય.

વિશ્વની તમામ પ્રજાની જીવનપદ્ધતિ સરખી નથી. અનેક પ્રકારની વિવિધતાઓથી પરિપૂર્ણ માનવસમાજ એકબીજાથી ભિન્ન આચાર–વિચારમાં વહેંચાયેલો છે. સંપ્રદાયભેદની સાથે સંસ્કૃતિભેદ પણ પ્રજાને એકબીજાથી વિભાજિત કરે છે. કેટલીક વાર સંપ્રદાયની દૃષ્ટિએ પ્રજા અત્યંત ભિન્ન હોવા છતાં સંસ્કૃતિની દૃષ્ટિએ એક હોય અથવા વધુ નજીક હોય. જેમ કે એક વૈષ્ણવ તથા એક જૈન સંપ્રદાયની દૃષ્ટિએ અત્યંત ભિન્ન છે, પણ બન્નેની સંસ્કૃતિ એક જ છે. એટલે બન્નેમાં બેટીવ્યવહાર થઈ શકે છે. માત્ર વૈષ્ણવ અને જૈનમાં જ આ વાત નથી. ભારતનો મુસ્લિમ ભારતના હિન્દુ કરતાં અત્યંત ભિન્ન સંપ્રદાયનો ઉપાસક છે, છતાં સંસ્કૃતિની દૃષ્ટિએ તે અરબસ્તાન, મલયેશિયા કે કજાકિસ્તાનના મુસ્લિમ કરતાં ભારતીય હિન્દુની વધુ સમીપ છે.

સંસ્કૃતિના નિર્માણમાં અનેક તત્ત્વો ભાગ ભજવતાં હોય છે, તેમાં પ્રકૃતિ મુખ્ય તત્ત્વ છે. પ્રકૃતિથી સંસ્કૃતિ નિર્મિત થતી હોય છે તેમ પણ કહી શકાય. જે ધરતી ઉપર લાકડાં ન હતાં તથા વિશાળ ખાલી ધરતી પડી હતી ત્યાં મડદાંને દાટી દેવાની પદ્ધતિ ઉત્તમ ગણાઈ; પાણીનો ત્રાસ હોવાથી સ્નાન પ્રત્યે બહુ ભાર ન અપાયો. પણ જ્યાં પુષ્કળ લાકડાં હતાં તથા ધરતી થોડી હતી ત્યાં અગ્નિદાહ ઉપર ભાર મુકાયો; જ્યાં પ્રચુર પાણી હતું ત્યાં સ્નાન ઉપર અત્યંત ભાર મુકાયો. સ્નાનને ધર્મકાર્ય અને પુણ્યકાર્ય માનવામાં આવ્યું. આવી જ રીતે પ્રજાના આહાર બાબતમાં જ્યાં જે શક્ય હતું ત્યાં તે સ્વીકારાયું. જન્મક્રિયા, લગ્ન તથા મરણાદિની ક્રિયા, વારસના નિયમો તથા સ્ત્રી–પુરુષના સંબંધો બાબતના નિયમો, એકપત્નીવ્રત, પતિવ્રતાધર્મ, બહુપત્નીત્વ, બહુપતિત્વ, વિધવાવિવાહ, વિધવાઅવિવાહ, સતીપ્રથા, દિયરવટું, નિયોગ કે અન્ય કોઈ પદ્ધતિ સ્વીકારાઈ હોય. પ્રજા વચ્ચેના સંબંધો, જેવા કે દાસપ્રથા, વર્ણપ્રથા દ્વારા કોઈને જન્મજાત પૂજ્ય તથા કોઈને જન્મજાત અધમ માનવાની વૃત્તિ, જેથી શૂદ્ર તથા અસ્પૃશ્યનું અસ્તિત્વ પ્રગટે–આવું બધું સંસ્કૃતિનું કહેવાય. આમાં કેટલુંક ઉત્તમ હોય તો કેટલુંક અધમ પણ હોય. સંસ્કૃતિને પણ ઉત્તમ, મધ્યમ તથા અધમ ભેદથી ત્રણ ભાગમાં વિભક્ત કરી શકાય.

## 1. ઉત્તમ સંસ્કૃતિ

વિશ્વની લગભગ તમામ પ્રજા પોતપોતાની સંસ્કૃતિ ઉત્તમ હોવાનો દાવો કરતી રહે છે. ખુમારીપૂર્વક જીવવા માટે ગૌરવતત્ત્વ જરૂરી છે. ગૌરવનાં કારણો હોય અને કોઈ ગૌરવ કરે તો–તો ઠીક, પણ ઘણી વાર ગૌરવ નહીં પણ ગ્લાનિનાં કારણો હોવા છતાં પણ ગૌરવ કરવામાં આવે તો તેવી ખુમારી પ્રજાને અફીણનું ઘેન ચઢાવી, કર્તવ્યભ્રષ્ટ કરાવનારી થઈ જતી હોય છે. સંસ્કૃતિની બાબતમાં તો વિશેષ સાવધાની રાખવા જેવું હોય છે, કારણ કે જો વિકૃતિને જ સંસ્કૃતિ સમજી લેવાય તો તે પ્રજાજીવન સાથે ક્રૂરતા જ કરી ગણાશે.

સંસ્કૃતિની ઉત્તમતા નિર્ધારિત કરતી વખતે આટલાં તત્ત્વો તરફ ધ્યાન આપવું જરૂરી છેઃ

1. તે સર્વહિતકારી હોવી જોઈએ. 2. માનવીય પ્રશ્નો પ્રત્યે પૂર્ણ સભાનતા ધરાવતી હોવી જોઈએ. 3. સંસ્કૃતિથી પ્રજા પ્રામાણિક, શૂરવીર, ઉદાર, સહિષ્ણુ તથા સમૃદ્ધ હોવી જોઈએ. 4. ઉપરનાં તત્ત્વ થોડાં હોય તોપણ ઓછામાં ઓછું તે સંસ્કૃતિ કોઈના ઉપર અત્યાચાર–અન્યાય કરતી તો ન જ હોવી જોઈએ.

પ્રથમ વાતનો વિચાર કરીએ.

1. ભારતીય સંસ્કૃતિને જો વર્ણવાદી માનવામાં આવે તો પ્રશ્ન થાય કે આવી સંસ્કૃતિ શું સર્વહિતકારી રહી છે? આ દેશની વિશાળ પ્રજા–

શૂદ્ર, મહાશૂદ્ર અસ્પૃશ્ય પ્રજા અને સ્ત્રીઓને શું મળ્યું? ધાર્મિક તથા સામાજિક ક્ષેત્રમાં અધિકારહીન આ પ્રજા શૈક્ષણિક તથા આર્થિક ક્ષેત્રમાં પણ કંગાળ જ બની. અપમાન, તિરસ્કાર અને લાચારીમાં અટવાતી આ વિશાળ પ્રજાનું હિત સંસ્કૃતિમાં જોવાયું દેખાતું નથી. મુઠ્ઠીભર પ્રજા ભલે પોતાનો જયજયકાર કરીને રાજી થાય, પણ વિશાળ પ્રજાને જયજયકાર કરવા જેવું શું મળ્યું છે? આ ખૂણેથી દેખાતી ભવ્ય સંસ્કૃતિ પેલા ખૂણેથી પણ ભવ્ય દેખાવી જોઈએ. એક વર્ણહિતકારિતાની જગ્યાએ જો સમાન ભાવથી સર્વહિતકારિતા સ્થપાઈ હોત તો ધર્માંતરનો ભય ન રહ્યો હોત.

2. માનવીય પ્રશ્નો પ્રત્યે સંસ્કૃતિ સજાગ હોવી જોઈએ. કેટલીક વાર મિથ્યા મોટાઈ તથા દંભને પોષવા જે ઉત્તમ તત્ત્વ હોય તેને અધમ માની લેવાય તથા જે અધમ હોય તેને ઉત્તમ માની લેવાય છે.

ઊંચી ગણાતી જ્ઞાતિઓએ સ્ત્રીઓ માટે નીતિનિયમો નિર્ધારિત કર્યા તે ઊતરતી જ્ઞાતિઓની તુલનામાં વધુ અમાનવીય રહ્યા છે. ઊતરતી જ્ઞાતિઓ ફારગતી (છૂટાછેડા) લઈ શકે છે. ઊંચી જ્ઞાતિઓ છૂટાછેડા લઈ શકતી ન હતી. છૂટાછેડાને પ્રોત્સાહન આપવું ન ઘટે, પણ જો કોઈ પણ સંજોગોમાં બન્ને ભેગાં ન જ રહી શકતાં હોય તો પછી તેમને ભેગાં રહી જીવન જીવવા ફરજ પાડવી એ માનવીય પ્રશ્નોની ઉપેક્ષા છે. આવા સમયે તેમને મોકળાશ મળવી જ જોઈએ. આવી મોકળાશ ન આપવાના પરિણામે ઊંચી જ્ઞાતિઓમાં અગ્નિસ્નાન, કૂવે પડવું કે પછી ભાગી જવાના બનાવો વધી પડે છે.

આવી જ રીતે વિધવા સ્ત્રીને જબરદસ્તીથી વૈધવ્ય પળાવવું, શૃંગારરહિત, શોભારહિત, ઉત્સાહરહિત જીવન જીવવા વિવશ કરવી તે અમાનવીય છે. હા, તે પોતાની ઇચ્છાથી વૈધવ્ય સ્વીકારે તો તે આદર્શ છે, પણ જો તેનાથી ન સ્વીકારી શકાય તો તેને યથાયોગ્ય લગ્ન કરી લેવાની છૂટ હોય, એટલું જ નહીં, તેનું માનસન્માન ન ઘવાય તે રીતની વ્યવસ્થા કરવી જોઈએ. આ માનવીય પ્રશ્ન છે. કોઈ સ્ત્રી આજીવન વિધવા રહે તો તેથી કાંઈ પરમાત્મા તેના ઉપર રાજી નથી થઈ જતા તથા કોઈ સ્ત્રી પુનર્લગ્ન કરી લે તો તેથી પરમાત્મા તેના ઉપર કોપાયમાન નથી થઈ જતા. માનવરચિત નિયમોનો ઈશ્વરીય વ્યવસ્થા સાથે સુમેળ હોવો જોઈએ, કુમેળ નહીં. દહેજપ્રથા તથા એવી જ અન્ય પ્રથાઓ માનવીય પ્રશ્નોને ગૂંગળાવે છે. આવી જ રીતે પુરુષના પણ માનવીય પ્રશ્નોનો વિચાર, સ્વીકાર તથા તેનું સમાધાન સંસ્કૃતિમાં હોવાં જોઈએ. માનવીય પ્રશ્નો ઉપર પાષાણશિલાઓ મૂકીને આપણે તેને દબાવી તો શકીએ, પણ તેથી કોઈ ઉત્તમ તત્ત્વ માનવજીવનને મળવાનું નથી.

3. સંસ્કૃતિની ગળથૂથીમાં પ્રામાણિકતા અપાય છે? જો હા, તો આપણે આટલા બધા અપ્રામાણિક કેમ છીએ? દેવમંદિરોથી માંડીને શિક્ષણમંદિરો સુધી બધે જ ભ્રષ્ટાચારનો ભોરિંગ ફૂંફાડા મારી રહ્યો છે. આપણી આટલી પ્રચંડ આસ્તિકતા હોવા છતાં આપણી અપ્રામાણિકતા આટલી બધી કેમ છે? અપ્રામાણિકતા તથા ધાર્મિકતા બન્ને જાણે સગી બહેનો થઈ ગઈ હોય તેમ ગરબે ઘૂમી રહી છે. એક તરફ અપ્રામાણિકતા તો બીજી તરફ આપણી અશૂરવીરતા પણ આપણને વામન બનાવી રહી છે. છ ટકા ક્ષત્રિયોને શૂરવીરતા આપીને ચોરાણું ટકા પ્રજાને શૂરવીરતા વિનાની બનાવનાર વ્યવસ્થાને ઉત્તમ ન કહેવાય.

આ દેશ ઉપર ધાડાં લઈને આક્રમણ કરનાર આપણી દુર્બળતાને સારી રીતે જાણી ગયા કે આપણે પૂરી પ્રજા સાથે લડવાનું છે જ નહીં, લડનારી તો માત્ર છ ટકા જ પ્રજા છે–તેમાં પણ ત્રણ ટકા સ્ત્રીઓ. બાકીની પ્રજામાં વૃદ્ધો, બાળકો, રોગીઓ, વગેરેને બાદ કરતાં એકાદ ટકા જેટલી પ્રજા જ યુદ્ધ કરવાની શક્તિવાળી છે–તે પણ પરસ્પરમાં વિદ્વેષ કરતી હોવાથી સંપીને લડી શકતી નથી. એટલે ભારત ઉપર ચડાઈ કરવાનો ઉત્સાહ વધી જાય તે સ્વાભાવિક છે.

સંસ્કૃતિ જો સુરક્ષાના ગુણો ન આપતી હોય તો તે ઊંચી સંસ્કૃતિ તો ન જ કહેવાય. જે સંસ્કૃતિ પ્રજાને ભવ્યતા, દિવ્યતા, સ્વમાન તથા સૌષ્ઠવ આપે તે જ ઉત્તમ કહેવાય.

## 2. મધ્યમ સંસ્કૃતિ

કેટલાક ઉચ્ચતાના અંશો તથા કેટલાક અધમતાના અંશોથી નિશ્ચિત સંસ્કૃતિને અધમ સંસ્કૃતિ કહેવાય.

સંસ્કૃતિ બે કિનારાવાળી નદી જેવી છે. એક કિનારા ઉપર ભવ્યતાનાં વૃક્ષો ઝૂમી રહ્યાં હોય, તો બીજા કિનારે માથું નીચું ઘાલવું પડે તેવાં લજ્જા ઉપજાવનારાં વૃક્ષો પણ હોય. આપણે માત્ર એક જ કિનારો જોયા કરીએ તો આપણને ભવ્ય જ ભવ્ય દેખાય, પણ જો બીજો

કિનારો પણ જોઈએ તો આપણને ખ્યાલ આવે કે શું હેય તત્ત્વ છે. વધારે કાંઈ ન સમજાય તો આટલું તો સમજવું જોઈએ કે જેનાં પરિણામ સતત હાનિકર જ મળ્યાં હોય તે ઉત્તમ ન હોય. રાજકીય, ધાર્મિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક, વગેરે તમામ ક્ષેત્રોનું સરવૈયું સતત નિરાશાજનક આવતું હોય તો એટલું તો સ્વીકારવું જોઈએ કે પાયાનો કોઈ દોષ છે.

3. અધમ સંસ્કૃતિ

અધમ સંસ્કૃતિ પણ હોઈ શકે. કેટલીક પ્રજામાં ચોરી કરનાર વ્યક્તિને પ્રતિષ્ઠા મળે છે. બેચાર વાર જેલમાં જઈ આવનારને કન્યા મેળવવાને યોગ્ય માનવામાં આવે છે. ચોરી, હત્યા, લૂંટફાટ, ત્રાસ, છેતરપિંડી, વગેરે અનેક દોષોને જ્યાં આદરથી જોવાતા હોય તેવી સંસ્કૃતિ (!) પણ હોય છે. પીંઢારાની સંસ્કૃતિ, ચાંચિયાગીરી કરનારાની સંસ્કૃતિ, ગુલામોનો ધંધો કરનારાની સંસ્કૃતિ અને લોહીનો વ્યાપાર કરનારાની પણ સંસ્કૃતિ હોય છે.

જેનાથી પ્રજાજીવન ગૂંગળાવા લાગે તેમ જ ત્રાસ, ભય, ભેદ, અન્યાય તથા અસુરક્ષાનું વાતાવરણ નિર્મિત કરનારી સંસ્કૃતિ અધમ સંસ્કૃતિ કહેવાય. માનવજાત માટે જે આશીર્વાદરૂપ ન હોય પણ અભિશાપરૂપ હોય તે સંસ્કૃતિ (જીવનમૂલ્યો) અધમ કહેવાય.

અધમતાની બીજી વ્યાખ્યા પણ કરી શકાય. જે સંસ્કૃતિ, જીવનની ઉત્તમ તકોને અટકાવી દે, વિકાસને રૂંધે, પ્રજાને કૂપમંડૂક બનાવે, સંકીર્ણતા અને સમાપ્તિ તરફ ધકેલે તે અધમ સંસ્કૃતિ કહેવાય.

આપણી પાસે વિશાળ સમુદ્ર હતો, પણ આપણે સમુદ્રનો લાભ લઈ શક્યા નહીં, કારણ કે સમુદ્રયાત્રાથી આપણે ભ્રષ્ટ થઈ જતા હતા. સ્પેન તથા પોર્ટુગીઝના નાવિકો વિશ્વભરના સમુદ્રને ડખોળી રહ્યા હતા તથા એક પછી એક ભાગો ઉપર પોતાના રાષ્ટ્રનો ઝંડો લહેરાવતા હતા ત્યારે આપણે સમુદ્રયાત્રાથી અભડાઈ જવાની સંસ્કૃતિ ગળે લટકાવીને ફરતા હતા. આપણી સામાજિક પાચનશક્તિ એટલી દુર્બળ બનાવાઈ હતી કે બીજી પ્રજાને આપણે સ્વીકારી કે પચાવી શકતા ન હતા. આ પ્રકારની સંસ્કૃતિએ આપણને ક્ષયશીલ બનાવ્યા, વૃદ્ધિશીલ નહીં.

## સંસ્કૃતિના પ્રભાવનાં ક્ષેત્રો

સંસ્કૃતિનો અર્થ માત્ર કંકુ–ચોખા નાખવાનો જ ન કરવો જોઈએ, પણ જીવન ઉપર પડનારા પ્રગાઢ પ્રભાવો અને તેનાં પરિણામોને ધ્યાનમાં લેવાં જોઈએ. પ્રભાવોનાં પાંચ ક્ષેત્ર છે. કોઈ પણ માપનારા મીટરની માફક તે–તે ક્ષેત્રોની સફળતા–નિષ્ફળતાને માપીને મૂળ સંસ્કૃતિનું માપ કાઢી શકાય. આ પાંચ ક્ષેત્ર તે 1. ધાર્મિક, 2. સામાજિક, 3. રાજકીય, 4. આર્થિક અને 5. શૈક્ષણિક.

### 1. ધાર્મિક ક્ષેત્ર

વિશ્વના મુખ્ય ધર્મોની ધાર્મિકતા સાથે આપણે આપણી ધાર્મિકતાને ઊભી કરીએ અને તુલના કરીએ તો તેની ભવ્યતા કે અભવ્યતાનો ખ્યાલ આવી જશે. પ્રથમ ધર્મસ્થાનોની તુલના કરો. મંદિર, મસ્જિદ, ચર્ચ, દેરાસર, અગિયારી, સિનગોગ, ગુરુદ્વારા, ખોજાખાનાં, વગેરે ધર્મસ્થાનોની સ્વચ્છતા, સુઘડતા, શાન્તિ, નિશ્ચિતતા, આવકાર કે કનડગત, ભ્રષ્ટાચાર કે પ્રામાણિકતા, સમાનતા કે અસમાનતા, માલિકીવ્યવસ્થા, વગેરે બાબતોની તુલના કરો તો વાસ્તવિકતા જણાઈ આવશે.

મંદિરો પછી તીર્થક્ષેત્રોનો વિચાર કરો. પ્રત્યેક ધર્મનાં પોતપોતાનાં તીર્થો હોય છે. તેને લગતી માન્યતાઓ હોય છે, તીર્થોમાં પણ સ્વચ્છતા–અસ્વચ્છતા, કનડગત કે અકનડગત, તીર્થયાત્રીઓ માટે સુવિધાઓ કે ત્રાસ, પંડ્યા–પૂજારીઓનો વ્યવહાર, વગેરે બાબતોની તુલના કરો તો ખ્યાલ આવી જશે.

ત્રીજી બાબત છે ધર્મગુરુઓની. ચઢતી–ઊતરતી કક્ષાના ધર્મગુરુઓ ઉપર નજર નાખો. સોના–ચાંદીનાં સિંહાસનો ઉપર આરૂઢ, છડી–ચમ્મરવાળા ગુરુઓ, આચાર્યો, સાધુ–સંન્યાસીઓ, જમાતના બાવાઓ, ઘરેઘરે ઉઘરાણાં કરતા ચીપિયાધારીઓ, અઘોરીઓ, તાંત્રિકો, જ્યોતિષીઓ, ટહેલિયાઓ, વગેરે; બીજી તરફ ચર્ચનિયંત્રિત ચઢતી–ઊતરતી કક્ષાના પાદરીઓ, મૌલવીઓ, ફકીરો, સૂફીઓ વગેરે; જૈનમુનિઓ, સાધુ–સાધ્વીઓ, બૌદ્ધ સાધુ–સાધ્વીઓ, વિદ્વાનો, પારસીઓના ગુરુઓ, શીખોના ગ્રંથીઓ, જ્ઞાનીઓ તથા અન્ય સંપ્રદાયોના ગુરુઓ–બહુ જ શાન્તિથી આ બધાની ધાર્મિક વ્યવસ્થા, જીવનચર્યા, સમાજોપયોગિતા, કર્તવ્યપરાયણતા, વગેરે બાબતની તુલના કરશો તો ખ્યાલ આવશે કે આપણું સમગ્ર ધાર્મિક સ્વરૂપ કેવા આકારનું છે, કેવું પરિણામ આપી રહ્યું છે, આપણે શું મેળવીએ છીએ તથા શું

ખોઈએ છીએ. આપણું સમગ્ર ધાર્મિક ક્ષેત્ર બીજાં ધાર્મિક ક્ષેત્રોની તુલનામાં કેટલું શક્તિશાળી છે તથા કેટલું શક્તિહીન છે તેનો વિચાર નહીં કરીએ તો આપણને આપણી સાચી સ્થિતિનું ભાન થઈ શકવાનું નથી. ધર્મગ્રંથોનો મુક્ત પ્રચાર કે વર્ણબદ્ધતાનો વિચાર કરો. બાઇબલ કે કુરાનનો જેટલો મુક્ત પ્રચાર થાય છે તેટલો વેદોનો કેમ નથી થતો? અધિકારભેદથી ધર્મગ્રંથો ઉપર શી અસર પડી? વિચારો.

## 2. સામાજિક ક્ષેત્ર

સંસ્કૃતિની સૌથી વધુ પ્રગાઢ અસર સામાજિક ક્ષેત્ર ઉપર પડતી હોય છે. પ્રજા તથા વ્યક્તિને સુખીદુઃખી કરવામાં ધાર્મિક ક્ષેત્ર કરતાં પણ સામાજિક ક્ષેત્ર મહત્ત્વનો ભાગ ભજવતું હોય છે. આવો, જરા અન્ય સમાજો સાથે આપણે આપણી તુલના કરીએઃ

1. રોટીવ્યવહારના ક્ષેત્રમાં હિન્દુ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, મુસ્લિમ, શીખ, વગેરે મુખ્ય સમાજોને પરખો, તરત જ ખ્યાલ આવી જશે કે આપણે ક્યાં છીએ?

2. બેટીવ્યવહારના ક્ષેત્રમાં પણ આ જ રીતે તુલના કરો. એક જ વર્ણના–અરે, એક જ જ્ઞાતિના, અરે, એક જ ગોળના માણસો નિશ્ચિત કન્યાઓ સિવાયની કન્યાઓ સ્વીકારી શકતા નથી કે આપી શકતા નથી. અકબર જેવા બાદશાહે રાજપૂતોની કન્યાઓ પચાવી, પણ રાજપૂતોએ મોગલોની કન્યાઓ ન પચાવી. અકબર રાજપૂતો, વગેરેથી ઊતરતા વંશનો, રૂપનો કે સમૃદ્ધિનો તો પ્રશ્ન જ ન હતો. આટલી ઊંચી જગ્યાએ બેઠેલો માણસ સામાન્ય રજવાડાંઓની કન્યાઓ સ્વીકારે તથા તેમને માનપૂર્વક રાખી શકે, તેનો સમાજ તેનો વાંધો ન ઉઠાવે તે એક તરફની વાત થઈ. બીજી તરફ આવી પ્રક્રિયા આપણા રાજાઓ ન કરી શક્યા. કદાચ કોઈ એકાદે એવું કર્યું હોય તો સમાજ તેને સ્વીકારે નહીં. બાજીરાવ પેશ્વાએ મસ્તાની નામની મુસ્લિમ મહિલા સાથે લગ્ન કર્યાં. સમાજને આ વાત ન ગમી. મસ્તાનીથી થયેલા પુત્રને પુરોહિતોએ જનોઈ ન આપી. આ વીર યોદ્ધો પાણીપતના મેદાનમાં અમર થયો. આવી જ રીતે કાલા પહાડ નામનો બ્રાહ્મણ નવાબની કન્યાને પરણીને સમાજથી તિરસ્કૃત થઈ હિન્દુવિરોધી થઈ ગયો, જેણે સૌથી વધુ મંદિરોનો નાશ કરાવ્યો.

કદાચ વિશ્વની તમામ પ્રજામાં બેટીવ્યવહારના ક્ષેત્રમાં આપણે મંદાગ્નિ ધરાવતી પ્રજા છીએ. બીજું તો ઠીક, આપણી દીકરીઓને કોઈ ઉપાડી જાય અને પછી તેઓ પાછી આવે તેવી સ્થિતિ થાય તોપણ આપણે તેમને પાછી સ્વીકારી શકતા નથી. આથી તો આપણે ઉપાડી લઈ જનારને જ સરળતા કરી આપીએ છીએ.

3. એક જ સંસ્કૃતિના માનનારાઓ વચ્ચેના વ્યવહારની તુલના કરો. રોટીબેટીની વાત એક તરફ રાખો, સાથે બેસવામાં, સાથે ચાલવામાં કે સાથે વર્તવામાં અન્ય પ્રજાઓની તુલનામાં આપણે ક્યાં છીએ? બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, મહાશૂદ્ર અને અસ્પૃશ્યના ભેદોના કારણે આપણે એક જ ગામમાં રહેતા હોવા છતાં જ્ઞાતિવાર મહોલ્લા જુદા, સંબંધો જુદા, એક જ ગામમાં એક જ ધર્મને માનનારા રહેતા હોવા છતાં સૌના દેવો જુદા, સ્મશાનો જુદાં, પંગતો જુદી, પહેરવેશ જુદા, માન–સન્માનનાં માપ જુદાં, રહેઠાણો પણ ઊતરતી જ્ઞાતિઓ માટે ગામના છેવાડે કે બહાર દૂર... સાથે રહેવા છતાં જાણે હજારો માઈલ દૂર... એક બ્રાહ્મણ એક મુસ્લિમ સાથે જેટલા નિઃસંકોચથી બેસીઊઠી તથા વર્તી શકે તેટલો નિઃસંકોચ શૂદ્ર, મહાશૂદ્ર કે અંત્યજ સાથે ન રાખી શકે.

પારસ્પરિક વ્યવહારની વાતમાં મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, જૈન, બૌદ્ધ, વગેરે કેવી રીતે વર્તે છે તેની જો તુલના કરીએ તો આપણી સાચી સ્થિતિનો ખ્યાલ આવી જાય.

કોઈના સ્પર્શથી મુસ્લિમ, શીખ કે ખ્રિસ્તી, વગેરે અભડાતા નથી. આપણે આપણાં જ અંગથી અભડાઈએ છીએ. આવી પદ્ધતિથી આપણને તથા ન અભડાનારી મુસ્લિમ, વગેરે કોમોને શો લાભ તથા શી હાનિ થઈ તેનો વિચાર કરો. સંસ્કૃતિનું પરિણામ ચકાસીએ. એવાં કયાં કારણો છે જે હિન્દુ પ્રજાને ક્ષયશીલ બનાવે છે તથા એવાં કયાં કારણો છે જેનાથી મુસ્લિમ તથા ખ્રિસ્તી પ્રજા વૃદ્ધિશીલ થઈ રહી છે? ક્ષય કરનારી તથા વૃદ્ધિ કરનારી સંસ્કૃતિનાં કાંઈક તો કારણો હશે... જરા વિચારો.

## 3. રાજકીય તુલના

સંસ્કૃતિનું પરિણામ રાજકીય લાભ અથવા હાનિના રૂપે આવતું જ હોય છે અને રાજકીય સ્થિતિ જીવનના પ્રત્યેક અંગ ઉપર ચિરસ્થાયી પ્રભાવ નાખતી હોય છે. સંસ્કૃતિ કે ધર્મને રાજકીય પરિણામોથી મુક્ત ન રાખી શકાય. સંસ્કૃતિથી પ્રજાનું ઘડતર થાય છે અને એવા

ઘડતરથી પ્રજા યોગ્ય-અયોગ્ય સાબિત થાય છે. યોગ્યતા તથા અયોગ્યતાની સાબિતી પ્રથમ રૂપમાં રાજકીય ક્ષેત્રમાં જોઈ શકાય. હિન્દુઓ, જૈનો, બૌદ્ધો, મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખો, યહૂદીઓ, વગેરેને દૃષ્ટિ સમક્ષ રાખો અને તપાસો કે કોણે વધુમાં વધુ સમય વધુમાં વધુ ભૂભાગ તથા વધુ પ્રજા ઉપર રાજ્ય કર્યું? કોણ રાજ્ય ન કરી શક્યું અને કોણ રાજ્ય કરી શક્યું? બન્નેનાં કારણો તપાસો આંખ ઊઘડી જશે. યુરોપિયન ખ્રિસ્તીઓએ લગભગ આખા વિશ્વ ઉપર રાજ્ય કર્યું. માત્ર અંગ્રેજ પ્રજા જ નહીં, જર્મન, ફ્રેંચ, પોર્ટુગીઝો અને સ્પેનિશ, વગેરે પ્રજાએ પોતાના દેશના ક્ષેત્રફળ તથા વિશાળ પ્રજાની સંખ્યા કરતાં અનેકગણા મોટા ક્ષેત્રફળ તથા વિશાળ પ્રજા ઉપર વર્ષો સુધી રાજ્ય કર્યું. આજે પણ વિજ્ઞાન તથા આર્થિક ક્ષેત્રમાં તેઓ સૌના માથા ઉપર છે.

મુસ્લિમ પ્રજાએ પશ્ચિમમાં સ્પેન સુધી તથા પૂર્વમાં ફિલિપાઇન્સ સુધી પોતાનો પંજો ફેલાવ્યો. માત્ર ચૌદસો વર્ષમાં આટલો મોટો પ્રસાર તથા આટલી વિશાળ પ્રજા ઉપર અધિકાર તેઓ કરી શક્યા તેનાં કાંઈક તો કારણો હશે ને! ભારત ઉપર લગભગ સાતસો વર્ષ સુધી એકછત્ર રાજ્ય કરીને પશ્ચિમમાં અફઘાનિસ્તાન, બલૂચિસ્તાન, સિંધ, પંજાબ તથા કાશ્મીરનો ભાગ અને બીજી તરફ બંગાળનો મોટો ભાગ પૂર્ણરૂપથી મુસ્લિમ પ્રજાનો બનાવીને ઇસ્લામી રાજ્યની સ્થાપના કરનાર મુસ્લિમો તથા માત્ર દશેક ટકાની જ વસ્તી હોવા છતાં બહુમતી કરતાં પણ વધુ અસરકારકતા ઊભી કરનાર ભારતના મુસ્લિમોમાં આવી શી વિશેષતા છે કે તેઓ પોતાની સંખ્યા કરતાં અનેકગણો વધુ રાજકીય લાભ ઉઠાવી શકે છે? શું તેમની સંસ્કૃતિ તેમને શક્તિ આપે છે? શાંતિથી વિચાર કરવાની જરૂર છે.

હિન્દુ પ્રજામાંથી બૌદ્ધ પ્રજાને બાદ કરીએ તો બાકીની જૈન સમેતની બધી હિન્દુ પ્રજા વ્યાપક કેમ ન થઈ શકી? હા, બૌદ્ધો વિશ્વભરમાં લગભગ ફેલાઈ શક્યા તથા સ્થિર થઈ શક્યા, પણ હિન્દુ તથા જૈન કેમ ફેલાઈ ન શક્યા? આપણે સિકંદર, નેપોલિયન, નેલ્સન, વગેરે જેવા સાહસિક, શૂરવીર, મહત્ત્વાકાંક્ષી યોદ્ધાઓ, વહાણવટીઓ કેમ ન પકવી શક્યા?

મૌર્યવંશથી શરૂ થતો ઇતિહાસ લગભગ બૌદ્ધોનો છે. જાતિ તરીકે તે શક કે કુષાણ જાતિનો છે, જે બહારથી આવેલી હતી. આવું જ લગભગ થોડા અપવાદ સિવાય ઉત્તરવર્તી અન્ય રાજાઓનું પણ છે. ભારતના ઇતિહાસની સૌથી વધુ ગ્લાનિ ઉપજાવે તેવી આ વાત છે કે બહુ લાંબા સમય સુધી બહારથી આવેલી પ્રજાએ અહીં રાજ્ય કર્યું. તે બૌદ્ધ કે હિન્દુ થઈ ગઈ, એટલે આપણે આત્મીયતા કેળવી લીધી. મુસ્લિમો, ખ્રિસ્તીઓ હિન્દુ ન થયા, એટલું જ નહીં, હિન્દુ ધર્મ તથા સંસ્કૃતિ માટે બહુ ભારે પડકારરૂપ થયા એટલે આત્મીયતા ન થઈ શકી. એવું શું કારણ હતું કે આપણે આપણા ઉપર રાજ્ય ન કરી શક્યા? દૂરદૂરથી વિકટ અને દુર્ગમ માર્ગોથી આવતાં મુઠ્ઠીભર ધાડાં ધડાધડ મંદિરોને ધ્વસ્ત કરતાં રહ્યાં, એક પછી એક રાજા-મહારાજાઓ પરાજિત થતા રહ્યા. સ્ત્રીઓ કાં તો જૌહરવ્રત કરીને અગ્નિમાં બળી મરતી અથવા શત્રુના હાથમાં પકડાઈને ગુલામડી બનતી. આટલી વિશાળ પ્રજાનું આટલા વિશાળ સમય સુધી આટલું ઘોર અધઃપતન કેમ થયું? શું સંસ્કૃતિ આમાં કાંઈ જ જવાબદાર નથી? જો સંસ્કૃતિથી પ્રજાનું ઘડતર થતું હોય તો તે જવાબદારીથી છટકી શકે નહીં. હિન્દુ પ્રજાનું એવું કેવું ઘડતર થયું કે તે બહુસંખ્ય હોવા છતાં મુઠ્ઠીભર માણસો સામે ટકી નથી શકતી? સીધો જવાબ છે. વર્ણવ્યવસ્થાએ શૌર્યનું ક્ષેત્ર માત્ર ક્ષત્રિયો સુધી જ સીમિત કર્યું, એટલે યોદ્ધાઓ, સેનાપતિઓ અને આયોજકોની ભયંકર કમી વર્તાતી રહી. બીજી તરફ આધ્યાત્મિકતાના નામે જે ફિલસૂફીનો વિકાસ થયો તે ઇચ્છાશક્તિને મારી નાખનારો થયો. યતિધર્મનો પ્રભાવ પૂરા સમાજ ઉપર ફરી વળ્યો. એટલે મહત્ત્વાકાંક્ષાની જગ્યાએ ઇચ્છાહીનતા, ઇચ્છા-અલ્પતા અથવા વિકૃત ઇચ્છાને પ્રોત્સાહન મળ્યું. પ્રજાને મારી નાખવા માટે એક જ મહાશસ્ત્ર છે-તે એ કે તેની ઇચ્છાશક્તિને મારી નાખો; પ્રજા મરી જશે. આ જ કામ આપણી તથાકથિત ફિલસૂફીએ કર્યું, એટલે આપણે સિકંદર કે નેપોલિયન પેદા ન કરી શક્યા.

કોઈ પણ જાગ્રત અને પૂર્વગ્રહમુક્ત વિચારક હશે તેણે સ્વીકારવું પડશે કે આજ સુધી આપણે રાજકીય ક્ષેત્રમાં જેટલું મેળવવું જોઈએ તેટલું મેળવી શક્યા નથી-હા, જે ખોયું છે કે ખોઈ રહ્યા છીએ તે અમાપ છે. શું આ હાનિની પાછળ આપણી જીવનવ્યવસ્થા કારણરૂપ નથી? જો છે તો તેનાં કારણો તપાસો. આપણે સતત હાનિ ઉઠાવતા રહીએ તથા સાથોસાથ આપણી ભવ્યતાને સર્વોપરી લેખાવતા રહીએ-આથી વધુ પાગલપણાની બીજી કઈ નિશાની કહેવાય?

## 4. આર્થિક સ્થિતિ

જીવનના મૂળભૂત પ્રશ્નોમાં સૌથી મોખરે આજીવિકાનો પ્રશ્ન રહે છે. આજીવિકાના પ્રશ્નને તુચ્છ સમજીને તેનો તિરસ્કાર કરી પરલોક કે

મોક્ષને જ માત્ર મહત્ત્વ આપનાર ધર્મ કે સંસ્કૃતિ પ્રજાનું કલ્યાણ નથી કરી શકતી. પ્રથમ પાયાના પ્રશ્નો, પછી માનવીય પ્રશ્નો અને પછી આત્મીય પ્રશ્નોને સ્થાન મળવું જોઈએ. સંસ્કૃતિથી પ્રજા આર્થિક રીતે સમૃદ્ધ અથવા દરિદ્ર થતી હોય છે? જો હા, તો તેના પ્રભાવને તપાસવો જોઈએ. પ્રાચીન કાળમાં ભારત સમૃદ્ધ દેશ હતો તેવી વાતો આપણે ગૌરવપૂર્વક કરીએ છીએ, પણ વર્ણવ્યવસ્થા પ્રમાણે તે સમૃદ્ધિ માત્ર મુઠ્ઠીભર માણસો સુધી જ ઉદ્ભવીને અટકી જતી. શૂદ્રો, મહાશૂદ્રો અને અંત્યજોની સિત્તેર ટકા પ્રજા ક્યારેય સમૃદ્ધ હતી ખરી? સમૃદ્ધિનું સૌથી મોટું કેન્દ્ર ધર્મસ્થાનો હતાં. સોના, ચાંદી, હીરા, મોતી, જમીન–જાગીરથી ઊભરાતાં ધર્મસ્થાનોમાં અમાપ સંપત્તિ ભેગી થતી હતી. આ સંપત્તિ જ વિધર્મીઓને લૂંટફાટ કરવા આકર્ષતી હતી. મહમદ ગઝનવી કદી પણ રાજ્ય કરવાના ખ્યાલથી ભારતમાં ન આવ્યો. તેને પશ્ચિમ તરફ રાજ્ય વધારવું હતું. તેના માટે લશ્કર જોઈએ. લશ્કર માટે પગાર જોઈએ. આ પગાર આપવાનાં નાણાં મેળવવા તે ભારત ઉપર સત્તર વાર ત્રાટક્યો. સત્તરે વાર પરાજિત થયા વિના અસંખ્ય મંદિરોની અમાપ સંપત્તિ લૂંટીને ચાલતો થયો. આ મંદિરોની સંપત્તિથી તે લશ્કર બનાવી શકતો તથા ગઝનીની પશ્ચિમનો ભૂભાગ જીતીને રાજ્ય કરતો.

સોમનાથના કારણે ગઝનવી લોકોની નજરે વધુ ચઢ્યો. પણ ખરેખર તો આ મંદિરોને લૂંટવાની પ્રક્રિયા તે પછી પણ ચાલતી રહી. સોમનાથ કરતાં પણ અઢળક સંપત્તિ દક્ષિણ ભારતનાં મંદિરોમાં પડી હતી. મલેક કાફૂરે ત્રણ વાર દક્ષિણ ભારત ઉપર આક્રમણ કર્યાં, કારણ કે અલાઉદ્દીન બાદશાહની ફોજના માટે પગારનાં નાણાં જોઈતાં હતાં. બાદશાહને વિશાળ ફોજ રાખવી પડતી, કારણ કે તેને ચારે દિશામાં સીમાઓ વધારવા યુદ્ધ કરવાં પડતાં. આ વિશાળ લશ્કરનો પગાર દક્ષિણનાં ભવ્ય મંદિરોની અઢળક સંપત્તિની લૂંટમાંથી નીકળી રહેતો. દક્ષિણનાં મંદિરો અઢળક સંપત્તિથી છલકાતાં, પણ તેમનું રક્ષણ કરનારા હાથ મજબૂત ન હતા–માત્ર દુર્બળ જ નહીં, અસાવધાન તથા પારસ્પરિક વિદ્વેષથી ગ્રસ્ત હતા એટલે મલેક કાફૂરને દક્ષિણ–વિજયમાં વારંવાર સ્થાયી રાજાઓનો સાથ મળતો. લગભગ બે હજાર હાથીઓ ઉપર લાદીને સુવર્ણાદિ સંપત્તિ તે દિલ્હીભેગી કરતો. દાસ–દાસીઓની સંખ્યા જુદી.

મંદિરોની અસુરક્ષિત વિશાળ સંપત્તિ આક્રમણકારીઓને લલચાવતી. એમ કહી શકાય કે ઉત્તર ભારતનાં મંદિરોની સંપત્તિથી ગઝનવીએ પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો, તો બીજી તરફ દક્ષિણ ભારતનાં મંદિરોની સંપત્તિથી દિલ્હીના બાદશાહોએ લશ્કર વધારી, નિભાવી, ભારતના પૂર્વ–પશ્ચિમ ભાગોને હડપી લીધા. હિન્દુઓની જ સંપત્તિથી હિન્દુઓની જ સંસ્કૃતિનો ધ્વંસ થતો રહ્યો. આ કરુણ ઘટના ઉપરથી પ્રશ્ન ઊભો થાય છેઃ મંદિરોની આ અઢળક સંપત્તિ સમાજના ગરીબ, લાચાર, નિરાધાર માણસો માટે વપરાતી રહી હોત, તે ભેગી જ ન થઈ હોત તો? કહેવત છે કે રાંડ્યા પછી ડહાપણ આવે. પણ અહીં તો રાંડ્યા પછીયે ડહાપણ નથી આવતું. શું આજે પણ ભૂતકાળનું પુનરાવર્તન નથી થઈ રહ્યું? અરક્ષિત મંદિરોની અરક્ષિત સમૃદ્ધિ–ઢગલા ઉપર ઢગલો થઈ રહ્યો છે. ખ્રિસ્તી પાદરીઓ પાસે પણ અઢળક સંપત્તિ છે, પણ તે દૂરદૂરનાં જંગલોમાં નાનાં ઝૂંપડાંઓમાં અનાજ, વસ્ત્ર, દવા તથા શિક્ષણ, વગેરે કાર્યો માટે વિસ્તરી રહી છે. આપણે તેવું કરવાની આદતવાળા નથી. પેલા શૂદ્રભોજન દ્વારા ધર્મ વધારી રહ્યા છે, આપણે બ્રહ્મભોજન દ્વારા...! ધર્મનું કાઠું જ એક નિશ્ચિત વર્ણની આજીવિકા માટે રચાયું હોય ત્યાં બીજી અપેક્ષા શી રખાય?

સંપત્તિનાં ત્રણ સ્થળઃ 1. રાજદરબાર, 2. દેવદરબાર, અને 3. શ્રેષ્ઠીદરબાર–અર્થાત્ રાજમહેલો, મંદિરો અને શેઠિયાઓ. આ ત્રણ સ્થળે સંપત્તિના ઢગલા રહેતા. આ ત્રણ સિવાય બીજે ક્યાં સંપત્તિ રહેતી? અરે, સંપત્તિની વાત દૂર રહી, ઊતરતી પ્રજા પાસે તો અનાજ અને વસ્ત્ર પણ ક્યાં હતાં? જો સંસ્કૃતિથી આર્થિક લાભ–અલાભ થતા હોય તો સૌએ શાન્તિથી વિચારવું જોઈએ કે આપણે દરિદ્ર કેમ રહ્યા? દરિદ્ર કેમ છીએ? જે સંસ્કૃતિથી થોડા માણસોને આર્થિક લાભ થયો હોય તે તો તેનાં વખાણ કરે, પણ જેમને પેઢી–દર–પેઢી કંગાલ થઈને જીવવું પડ્યું હોય તે એવી સંસ્કૃતિનાં વખાણ કેવી રીતે કરી શકે? આજનો પછાત ગણાતો વર્ગ કેમ પછાત રહી ગયો? તેનો ઉત્તર તો બહુ જ સરળ છે. તથાકથિત સંસ્કૃતિએ તેમની આજીવિકા માટે નિશ્ચિત ચોકઠાં કરી દીધાં હતાં, જે ચોકઠામાં બે મહિનાનું અનાજ અને દશ મહિનાનો ભૂખમરો ભરી દેવાતાં. આજીવિકા નિર્ધારિત ચોકઠામાં જ મેળવવાની રહેતી, એટલે વ્યક્તિ કે પ્રજા વૃત્તિ બદલી શકતી નહીં. પરિણામે વિશાળ પ્રજા કંગાળ થઈ ગઈ. આજે પણ કેટલાક માણસો બૂમો પાડે છે કે વૃત્તિ (આજીવિકા) બદલવી ન જોઈએ. જેની જે પરંપરાની વૃત્તિ હોય તેણે તે જ વૃત્તિથી આજીવિકા ચલાવવી જોઈએ. આવા નિયમો લુચ્ચાઈભરેલા છે. એક ચોકઠામાં બે મહિનાનું અનાજ અને દશ મહિનાનો ભૂખમરો છે, જ્યારે બીજા ચોકઠામાં સાત પેઢીનું અનાજ, આવશ્યકતા કરતાં વીશગણાં મકાનો, વસ્ત્રો, વિલાસની સામગ્રી તથા અઢળક સંપત્તિ ઊભરાઈ રહી છે. હવે કોઈ પેલા દરિદ્રને કહે છે કે જોજે હોં, ચોકઠાં બદલતો નહીં! પાપ

લાગશે! અધર્મ થઈ જશે! પોતપોતાના ચોકઠામાં જ જીવન પૂરું કરવું એનું નામ ધર્મ છે. આવી ધર્મની વ્યાખ્યા તો સ્થાપિત હિતોના રક્ષણ માટે બનાવાયેલી વ્યાખ્યા કહેવાય. આનું નામ સંસ્કૃતિ નહીં પણ લુચ્ચાઈભરી વિકૃતિ જ કહેવાય.

## વૃત્તિપરિવર્તનથી વિકાસ

છેલ્લાં કેટલાંક વર્ષોમાં પ્રજા પરિવર્તનના માર્ગે આગળ વધી રહી છે, તેથી પછાતમાં પછાત પ્રજા પણ વિકાસનાં પગથિયાં ચઢી રહી જોઈ શકાય છે. લક્ષ્મી, શિક્ષણ અને સત્તાના ક્ષેત્રમાં જે પ્રજાએ કદી પગલું પણ ભર્યું ન હતું તે હવે તે– તે ક્ષેત્રોમાં આગળ વધી રહી છે. વૃત્તિ બદલ્યા વિના આ શક્ય જ ન હતું. ખેડૂતો, ખાસ કરીને પટેલો, હવે વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, નેતાઓ, સાહિત્યકારો, સ્થપતિઓ તથા ટેકનિશિયનો, વગેરે થયા છે. આ પ્રતિભાશાળી, સાહસિક તથા મહેનતુ પ્રજા જોતજોતાંમાં શિખર ઉપર પહોંચી ગઈ છે. જો તેણે વૃત્તિ ન બદલી હોત અને માત્ર ખેતી જ કરતી રહી ગઈ હોત તો તેનો વિકાસ ન થઈ શક્યો હોત. આવી જ રીતે રાજપૂતો, ક્ષત્રિયો, વગેરે પણ આગળ વધી રહ્યા છે.

જેઓ પ્રાચીનકાળમાં વસવાયાં કહેવાતાં તે પ્રજા પણ હવે સંપત્તિ, સત્તા તથા શિક્ષણના ક્ષેત્રમાં આગળ વધી છે. આજે કેટલાય વાળંદસાહેબ, સુથારસાહેબ, પ્રજાપતિસાહેબ, પંચાલસાહેબ, વગેરે સાહેબો ઊંચામાં ઊંચી ખુરશી ઉપર બેસીને સફળતાથી કાર્ય કરી રહ્યા છે. જો વૃત્તિ બદલી ન હોત તો વાળંદના દીકરે જીવનભર અસ્ત્રો જ ફટફટાવવાનો તથા લોકોની દાઢી ઉપર પાણી ચોપડ્યા કરવાનું રહ્યું હોત. પ્રજાપતિના દીકરાએ માત્ર માટીમાં ગધેડાંની લાદ ભેળવી–ભેળવીને શકોરાં જ બનાવ્યાં કરવાનાં હોત. આ રીતે પ્રજા કદી ઊંચે ન આવી શકી હોત. લક્ષ્મી તથા સન્માન બન્નેથી તે દૂર રહી ગઈ હોત.

હવે પ્રથમના મહાશૂદ્રો તથા અસ્પૃશ્ય ગણાતી પ્રજા પણ આગળ વધ્યાં છે–વધવું જ જોઈએ. વૃત્તિ ન બદલવાની સંસ્કૃતિના નામે આ બધા કંગાળ બન્યા હતા. તનથી, મનથી, ધનથી, વસ્ત્રથી, માન–સન્માનથી પૂર્ણ રીતે કંગાળ જ કંગાળ. પણ હવે તેઓ પણ ઊંચી ખુરશી શોભાવી શકે છે દીપાવી શકે છે, વૃત્તિ બદલીને તેમની નિમ્નતાને ખંખેરી શકે છે. આ કળિયુગ નથી, સારાં લક્ષણ છે. ધર્મ અને સંસ્કૃતિના નામે માનવીય અત્યાચારોમાંથી માનવ મુક્ત થઈ રહ્યો છે.

સંસ્કૃતિ સર્વહિતકારી હોવી જોઈએ, માત્ર વર્ણ કે વર્ગહિતકારી નહીં. વર્ગહિતનાં પરિણામ વર્ગસંઘર્ષમાં આવ્યા વિના ન રહે. તેનાથી બચવાનો એક જ ઉપાય છે કે સર્વહિતકારી સંસ્કૃતિનો વિકાસ થાય. સૌને સમાન તકો મળે એટલે વર્ગ જ ન રહે. પરંપરાની નિશ્ચિત વૃત્તિઓથી વર્ગ થાય છે, પણ પરંપરાની નિશ્ચિત વૃત્તિની વ્યવસ્થા તોડીને યથાશક્ય–યથાયોગ્ય વૃત્તિ સ્વીકારવાની છૂટ મળવાથી વર્ગો સમાપ્ત થાય છે. વર્ગસમાપ્તિ માટે આ જરૂરી છે. વિચારો, કઈ સંસ્કૃતિ સારી? પરંપરાની વૃત્તિમાં જ જોડી રાખનારી કે ઇચ્છા અને યોગ્યતા પ્રમાણે ગમે તે વૃત્તિ પસંદ કરવાની છૂટ આપનારી? આ છૂટના કારણે હિન્દુ પ્રજા જ્યારે શીખ પ્રજા બની એટલે તે શૂરવીર, વ્યાપારી, મિકેનિક, ધર્મગુરુ, નેતા, સાહિત્યકાર, વગેરે બધું જ થઈ શકી. આના પરિણામે તે શક્તિશાળી, સંપન્ન તથા સુખી થઈ શકી.

સંસ્કૃતિના નામે બાપદાદાના ધંધામાં જ રચ્યાપચ્યા રહેવાની વાત કરવી એટલે પછાત, દરિદ્ર, અભણ પ્રજા માટે લુચ્ચાઈભર્યું વિધાન કરવું કે તમે હંમેશાં પછાત, દરિદ્ર અને અભણ જ રહો. ભંગીની પેઢીઓ મળમૂત્ર ઉપાડ્યા જ કરે. ચમારો ઢોર ચીર્યાં જ કરે. વાઘરીઓ દાતણ વેચ્યા જ કરે. સરાણિયા, બજાણિયા ટોપલા ગૂંથ્યા જ કરે. ગાદીઓ, ખુરશીઓ ઉપર કદી તેમની દૃષ્ટિ પણ ન પડે. જો તેઓ બાપદાદાનો ધંધો છોડીને બીજાના બાપદાદાના ધંધામાં (ગાદીઓ, સિંહાસનો, ખુરશીઓ) દખલ કરતા થાય તો વૃત્તિપરિવર્તન થાય. તોતો શંબૂક તપસ્વીની માફક પરિણામ ભોગવવાં પડે! સંસ્કૃતિના નામે આવી અનેક વિકૃતિઓ હજી પણ પોષાય છે, જે દુઃખદાયી છે.

## 5. શૈક્ષણિક

સંસ્કૃતિનું પાંચમું પ્રભાવક્ષેત્ર શિક્ષણ છે. સૌને ભણવાની તકો આપે તે સંસ્કૃતિ મહાન કહેવાય. 'અમારે ત્યાં શતપ્રતિશત પ્રજા શિક્ષિત છે' તેવું કહીને ગૌરવ લેવાય કે 'અમારે ત્યાં એક ટકો પ્રજા શિક્ષિત અને નવ્વાણું ટકા પ્રજા અશિક્ષિત છે' તેવું કહીને ગૌરવ લઈ શકાય? વિશ્વની સંસ્કૃતિઓ ઉપર નજર નાખો–કોણે વિદ્યાધામોનાં દ્વાર સૌના માટે ખુલ્લાં મૂક્યાં અને કોણે વિદ્યાધામોનાં દ્વાર બંધ કર્યાં તેની તપાસ કરો તો વાસ્તવિકતાનો ખ્યાલ આવી જશે.

યુરોપમાં જોતજોતાંમાં વિજ્ઞાનનો આટલો બધો વિકાસ કેમ થઈ શક્યો? આપણે એક મિથ્યા ભ્રાન્તિ લઈને ફરીએ છીએ કે જ્યારે અમારા

દેશમાં વિદ્યાનો ચરમવિકાસ હતો ત્યારે યુરોપમાં લોકોને કપડાં પહેરવાનું પણ ભાન ન હતું. આ વાત બરાબર નથી. આપણે આપણી આત્મશ્લાઘામાં એટલા ભાનભૂલેલા ન થઈએ કે બીજાની સાચી વાસ્તવિકતાને પણ સ્વીકારી ન શકીએ.

ભારતની જ માફક ગ્રીસ, રોમ તથા યુરોપના બીજા ભાગોમાં તથા ચીન, મિસ્ર, આરબ, વગેરે પ્રદેશોમાં અનેક રીતે વિદ્યાની સાધના થતી રહી. ફરક માત્ર એટલો રહ્યો કે આપણે આપણા વિદ્યાસાધકોને ઋષિ કહીને પૂર્ણ માન્યા. આ પૂર્ણતાના આરોપે આગળનો વિદ્યાવિકાસ અટકાવી દીધો, જ્યારે પેલાએ તેમને તત્ત્વચિંતકો માન્યા, પૂર્ણ નહીં, એટલે ઉત્તરવર્ત્તી કાળમાં વિદ્યાનો ઉમેરો થતો ગયો. વિદ્યાનો સુધારો કે ઉમેરો એ દોષ નહીં પણ જીવંત પ્રજાની ચેતના જ કહેવાય. અટકી જવું એ ચેતના નથી. આપણે અટકી ગયા. ભૂતકાળના વિદ્યાસાધકો ઉપર પૂર્ણતાનો અધ્યારોપ કરીને કૃતકૃત્ય થઈ ગયા, એટલે આજે પણ જીવનપ્રશ્નોનું સમાધાન બે-ત્રણ હજાર વર્ષ જૂના ગ્રંથોમાંથી કરવા પ્રયત્ન કરીએ છીએ, કારણ કે પૂર્ણતાની છબિ પ્રાચીનતામાં જ આપણને દેખાય છે. ગતિશીલ પ્રજા માટે આ શુભ લક્ષણ નથી.

પ્રાચીનતામાં પણ જો ડોકિયું કરીશું તો એકસાથે બે દશ્યો જોવા મળશેઃ ઉત્તુંગ શિખરોવાળો ભવ્ય હિમાલય, જેના શિખર ઉપર તો સૂર્યનો પૂરો પ્રકાશ ચમકી રહ્યો છે, પણ નીચે તળેટીમાં ગાઢ અંધકાર છે. આપણી વર્ણવ્યવસ્થાની સંસ્કૃતિના શિખર ઉપર બેઠેલા બ્રાહ્મણો તો વિદ્યાથી ચમકી રહ્યા છે, પણ પછી શું? સત્તાણું ટકા પ્રજાની વિદ્વત્તા ક્યાં રહી? કુલ વસ્તીના પચાસ ટકા સ્ત્રીઓ તથા સિત્તેર ટકા શૂદ્રોની વિદ્યાસ્થિતિ માટે વિચાર કર્યો? કેટલા એકલવ્ય દ્રોણના દરવાજેથી પાછા ફર્યા હશે તેનું ગણિત ગણ્યું? એક વાર એકલવ્ય થઈને સંસ્કૃતિનો વિચાર કરો વેદનાથી હૃદય ભરાઈ જશે.

આજે જે શિક્ષણનો વ્યાપ થઈ રહ્યો છે તે હજાર કે બે હજાર વર્ષ પહેલાં પણ થઈ શક્યો હોત. તો આજે અનામતનો પ્રશ્ન જ ન હોત. તો ધર્માન્તરનો પણ પ્રશ્ન ન હોત. તો કદાચ ભારતને ગુલામ ન થવું પડ્યું હોત, કારણ કે લાખો એકલવ્યો અને હજારો અર્જુનોનો સરવાળો થયો હોત, બાદબાકી નહીં.

મંગળમયી સંસ્કૃતિ દયાળુ માતાની માફક સૌ બાળકોને વહાલ અને દૂધ આપે, બધાં જ બાળકો પ્રત્યે તેને મમત્વ હોય. વહાલાં-દવલાં કરનારી સંસ્કૃતિને વહાલાં બાળકો ભલે ગળે વળગતાં, પણ દવલાં થયેલાં, તરછોડાયેલાં, ત્યજી દીધેલાં બાળકોને શી અનુભૂતિ થશે? જરા તો વિચાર કરો, વહાલાં કરતાં દવલાંનું ટોળું અનેકગણું મોટું કરી મૂકીને શું મેળવવાનું હતું?

આ તે કેવું ડહાપણ કહેવાય?

હવે એ દવલાં થયેલાં કોઈ બીજી માની પાંખમાં આશરો મેળવે તો તેમાં વાંક કોનો? વહાલ આપવું નથી અને વહાલ લેવા દેવું પણ નથી! કદાચ હવે સમજાયું હશે કે આપણો ક્ષય કેમ થઈ રહ્યો છે, આપણે દુર્બળ કેમ છીએ, બીજાની વૃદ્ધિ કેવી રીતે થઈ રહી છે તથા બીજા થોડી સંખ્યામાં પણ પ્રબળ કેમ થઈ શકે છે.

સંસ્કૃતિનાં પાંચ મુખ્ય પ્રભાવક્ષેત્રો બતાવ્યાં. વિશ્વની કોઈ પણ સંસ્કૃતિની ઉત્તમતા, મધ્યમતા કે અધમતાને માપવી હોય તો આ પાંચે ક્ષેત્રોનાં પરિણામોથી માપી શકાય. કોઈ પણ ઉર્વરકની ઉર્વરકતા ખેતરના પાક દ્વારા માપી શકાય. જમીન સારી હોય, પૂરતું પાણી હોય, યથોચિત ખેડ વગેરે કર્યું હોય, પણ ઉર્વરક(ખાતર)ની જગ્યાએ જો મીઠું નાખવામાં આવ્યું હોય તો પાક બળી જાય. આવું જ સંસ્કૃતિના ક્ષેત્રનું પણ છે. પ્રજા બધી રીતે બરાબર હોય, પણ જો સંસ્કૃતિની ઉર્વરકતા બરાબર ન હોય તો પ્રજા પીડા પામતી થાય.

સંસ્કૃતિ વિના કદી પ્રજા રહી શકતી નથી. જીવનની કોઈ ને કોઈ પદ્ધતિ તે સ્વીકારતી જ હોય છે. આ પદ્ધતિ જ સંસ્કૃતિ થઈ જતી હોય છે. લાંબા ગાળાનાં પરિણામોથી જ સંસ્કૃતિની ક્ષમતાનું માપ કાઢી શકાય.

મૂળ ધર્મ વિશ્વભરની પ્રજામાં એકસરખો છે. તે ધર્મ ઉપર પહેરાવેલા વાઘારૂપ સંપ્રદાયો અનેક છે. એ સંપ્રદાયો સાથે સંયુક્ત થયેલી સંસ્કૃતિઓ પણ અનેક છે. સંપ્રદાયો ઉત્પન્ન થાય અને નષ્ટ થાય, સંસ્કૃતિઓ પણ પ્રવાહની માફક પરિવર્તન પામતી રહે અને નષ્ટ પણ થાય. પણ ધર્મ-મૂળ ધર્મ કદી નષ્ટ થતો નથી, કારણ કે તે માનવનો મૂળ ધર્મ છે-જેમ અગ્નિનો ધર્મ દાહકતા છે તેમ. જ્યાં સુધી અગ્નિ રહેશે ત્યાં સુધી દાહકતા રહેવાની. હા, તેના ઉપર રાખ ફરી વળે એટલે તેની ક્ષમતા ઘટી જાય, પણ રાખ ખંખેરી નાખો એટલે અગ્નિ હતો તેવો ને તેવો પ્રજ્વલિત થયા કરે. માનવતાને જગાડવાથી મૂળ ધર્મ જાગે છે. માનવતાની ઉપેક્ષા કરીને ટીલાં, ટપકાં કે ચીલાચાલુ ઘરેડો, વિધિઓ, વિધાનોમાં રચ્યાપચ્યા રહેવાથી સંપ્રદાયો સમૃદ્ધ બને છે. ધર્મ અને સંપ્રદાયનો તાત્ત્વિક ભેદ સમજ્યા પછી સંપ્રદાયમાં મૂળ ધર્મ એટલે કે માનવતાનું પ્રમાણ વધે તો સંપ્રદાય હિતકારી અને તેજસ્વી બને. એવી જ રીતે સંસ્કૃતિમાં પણ માનવીય પ્રશ્નોને

પ્રમુખતા આપી તેના યથોચિત સમાધાન માટે જાગૃતિ બતાવવામાં આવે તો સંસ્કૃતિ પણ લોકહિતકારી તથા અનુકરણીય બને. આ બન્નેમાં (સંપ્રદાય તથા સંસ્કૃતિમાં) મુખ્ય ધ્યેય વ્યક્તિ તથા પ્રજામાં રહેલા ગુણોને વિકસાવવાની પ્રધાનતા હોય તો સંપ્રદાય તથા સંસ્કૃતિ ધર્મને ઝીલનારાં અને પ્રસરાવનારાં બને. પણ જો આવું ન હોય તો સંપ્રદાય તથા સંસ્કૃતિ વ્યક્તિ તથા પ્રજાને અટવાવી મારનાર, અકલ્યાણકારી બને.

હિન્દુ પ્રજા જ્યારે ‘સનાતન ધર્મ’ શબ્દનો પ્રયોગ કરે છે ત્યારે તેનો અર્થ છે માનવના અસ્તિત્વની સાથે જ તેમાં પ્રગટેલો ‘માનવતાધર્મ’–‘મૂળ ધર્મ.’ એને માત્ર ‘ધર્મ’ પણ કહી શકાય.

*

# 13. ઉપસંહાર

આપણે શરૂઆતમાં જ બતાવ્યું છે કે 'સદ્‌ગુણોની વિકાસપ્રક્રિયાનું નામ ધર્મ છે.'

સદ્‌ગુણો અનેક છે, એટલે બધા ગુણોનું નિરૂપણ કરવું કઠિન લાગે છે–કદાચ જરૂરી પણ ન હોય. આટલા વિવેચન ઉપરથી ખ્યાલ આવી જશે કે ગુણોની પણ સીમા હોય છે. એ સીમાચિહ્નથી આગળ ગુણ દુર્ગુણ થઈ જતા હોય છે. તેમને જીવનમાં યથાયોગ્ય વિકસાવવા તે ધર્મસાધના છે. જેમાં વધુ ને વધુ ધર્મો વિકસ્યા હોય તેને ધાર્મિક પુરુષ કહેવાય. જે પુરુષથી પ્રાણીમાત્રને વધુમાં વધુ સુખ મળતું હોય તે ધાર્મિક કહેવાય. જે ગ્રંથો આવા ગુણવિકાસને પ્રોત્સાહિત કરતા હોય તે શાસ્ત્ર કહેવાય. જે પુરુષો આવા ગુણવિકાસ માટે પ્રજામાં પ્રયત્ન કરતા હોય તેઓ ધર્મપ્રચારક કહેવાય. આવા પ્રચારકોને એટલે જ સંત કહેવાય, કારણ કે તેમનાથી પ્રજા ગુણી–સદ્‌ગુણી બનતી હોય છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા આવો જ ગુણલક્ષી ગ્રંથ છે. તે જ્યારે જ્યારે પણ ભક્ત, યોગી, જ્ઞાની કે દૈવી પુરુષની વ્યાખ્યા કરે છે ત્યારે વર્ણ, વેશ કે વંશની વાતો કર્યા વિના નિશ્ચિત ગુણોની વાત કરે છે. આપણે માત્ર દૈવી સંપત્તિના ગુણોને જ જોઈશું.

1. નિર્ભયતા, 2. અંતઃકરણની શુદ્ધિ, 3. જ્ઞાન માટે જિજ્ઞાસુ વૃત્તિ, 4. પરમાર્થવૃત્તિ, 5. ઇંદ્રિયોનો સંયમ, 6. ઈશ્વરપ્રીત્યર્થ સત્કર્મ, 7. ઉત્તમ ગ્રંથો, શાસ્ત્ર, વગેરેનું અધ્યયન–અધ્યાપન, 8. ધર્મપાલન કરતાં આવનારાં કષ્ટોને હસતાં–હસતાં સહન કરી લેવાની સહનશીલતા, 9. સરળતા, 10.અહિંસા, 11. સત્ય, 12. અક્રોધ, 13. ત્યાગ, 14. શાન્તિ, 15. અનિંદા તથા ચાડી–ચુગલી ન કરવી તે, 16. દયા, 17. વિષયભોગો પ્રત્યે અલોલુપતા, 18. કોમળતા, 19. લજ્જાશીલતા, 20. અચંચળતા, ગંભીરતા, 21. તેજસ્વીપણું, 22. ક્ષમા, 23. ધીરજ, 24. પવિત્રતા, 25. અદ્રોહ, 26 અભિમાનીપણાનો અભાવ (નિર્માનીપણું): ભગવદ્‌ગીતા 16–1–2–3.

ઉપરના ગુણોથી ગુણોની પૂર્ણતા આવી જતી નથી. આ સિવાય પણ અસંખ્ય ગુણો છે જ. પણ આટલા ગુણોનો પણ પર્યાપ્ત વિકાસ થયો હોય તો વ્યક્તિ તથા પ્રજાની ધાર્મિકતા ખીલી ઊઠે.

પુનરાવર્તન કરીને પણ કહેવું પડે છે કે આ પ્રત્યેક ગુણ નિશ્ચિત સીમા સુધી જ ગુણ રહે છે. સીમા વટાવતાં જ તે દુર્ગુણ બની જાય છે. જેમ કે નિર્ભયતા મહાન ગુણ હોવા છતાં જો વ્યક્તિ ઈશ્વરથી, વડીલો તથા ગુરુજનોથી, પાપથી તથા કાયદા–કાનૂનથી ન ડરે તો તેવી નિર્ભયતા અકલ્યાણકારી બની જાય; એટલે નિર્ભયતા પણ વિવેકપૂર્ણ હોવી ઘટે. આવું જ બીજા ગુણો માટે સમજી લેવાનું.

વિશ્વની પ્રજા જે દિવસે સદ્‌ગુણોના વિકાસને ધર્મસાધના સમજશે તથા તે રીતે પ્રયત્ન કરશે તે દિવસે કોઈ નાસ્તિક નહીં હોય, ધર્મના ઝઘડા કે રક્તપાત નહીં હોય.

આપણે 'તું સત્યવાદી કેમ થઈ ગયો?' એવા હેતુ માટે નથી લડતા, આપણે તો આપણી માની લીધેલી રૂઢિઓ માટે લડીએ છીએ, કારણ કે આ રૂઢિઓ એ ધર્મ છે તેવું આપણે સમજી બેઠા છીએ.

મારા બચપણનો એક પ્રસંગ યાદ આવે છેઃ

ગુજરાતનો કદાચ વધુમાં વધુ પછાત ગણાય તેવો ભાગ, નાનુંસરખું ગામ. આવા ગામમાં અઢારે નાત વસે. વર્ણવ્યવસ્થાની સમાજરચના પ્રમાણે ગામના છેક છેવાડે એક તરફ કૂબા વાળીને બિચારા વાઘરીઓ રહે. બિચારા એટલા માટે કે પશ્ચિમથી આવેલી માંજરી આંખો તથા સોનેરી વાળવાળી આ રૂપાળી અને ચતુર જાતિને મહાશૂદ્રોમાં સ્થાન મળ્યું હોવાથી તેના વિકાસની તમામ શક્યતાઓ રૂંધાઈ ગઈ. (ચાણક્યે 'વાગુરી'ને ગામ બહાર વસાવવાનું જણાવ્યું છે.) તે આજીવિકા માટે શાકભાજીની વાડી કરે, દાતણ વેચે, ડાકલાં વગાડી મેલડીમાને પ્રસન્ન કરે, જમણવાર હોય ત્યાં એઠવાડભર્યાં પતરાળાં ઝૂંટવવા ટોળાં થઈ જાય. પક્ષીઓ વગેરેનો શિકાર કરે. માંડ અડધા પેટે તથા ફાટેલાં વસ્ત્રોએ (તે પણ કોઈનાં ઊતરેલાં) દિવસો કાઢે. તેની ભાષાનો લહેકો જુદો, તેની પોતાની જ્ઞાતિ–વ્યવસ્થાના નિયમો વ્યવસ્થિત. સામાજિક ઝઘડા પતાવવા જો પંચ ભેળું થયું હોય તો રાગ–રાગિણીઓ સાથે વારા–ફરતી કૂકરીઓ મૂકતા જાય ને વાત રાખતા જાય. એ વખતની તેમની શિસ્ત, ધીરજ તથા સમજણને દાદ આપવી પડે. આવી આ વાઘરી કોમના પાંચ–દશ કૂબા. તદ્દન ગરીબ વસ્તી. ગામની નજીકમાં વાડી કરે. ઢેંકવાથી પાણી ખેંચીખેંચીને કેડો વળી જાય ત્યારે વાડી લીલી થાય.

અમે દસ–બાર છોકરાઓ અજવાળી રાત્રે ભાગોળમાં રમવા જઈએ. ગ્રામરમતો રમતાં–રમતાં ભૂખ લાગે એટલે પેલા વાઘરીની વાડી

તરફ દૃષ્ટિ જાય. તેમાં ચીભડાં વાવ્યાં હોય. ચીભડાં ખાવા અમારી જીભ સળવળી ઊઠે. અમારામાં બે–ત્રણ છોકરાઓ એવા હતા જેઓ ભણવામાં સાવ ઠોઠ હતા, પણ બાકીનાં કામોમાં ઉસ્તાદ હતા. તેઓ વાડો કૂદીને વાડીમાં પડે. અમારે તો બે–ચાર જ ચીભડાં જોઈતાં હોય, પણ પેલા તોફાની સાંઢો આખી વાડી ચૂંથી નાખે. ઊંચકાય એટલાં ચીભડાં લઈને તેઓ આવે અને અમે બધા ઝપાટો બોલાવીએ. આનંદઆનંદ થઈ જાય.

સવારે બિચારા વાઘરી વાડીમાં જઈને પોકે ને પોકે રડે. તેમને ખબર હોય જ કે આ પરાક્રમ કોણે કર્યું છે. તેઓ અમારાં સગાં–વહાલાં પાસે આવીને ફરિયાદ કરે. અમે બધા બીકના માર્યા સંતાઈ જઈએ. પેલા વાઘરીને આશ્વાસન આપતાં વડીલો તથા વડીલોના મિત્રો કહે: ‘હશે... હવે... છાનો રે... ચીભડાં ખાધાં તોય બ્રાહ્મણના છોકરાઓએ ખાધાં છે ને! તને તો પુણ્ય જ થવાનું છે, પવિત્ર શ્રાવણ માસ છે’ વગેરે. વાઘરી પણ બિચારો એક તરફ લાચારી તથા બીજી તરફ પુણ્ય મળ્યાનો સંતોષ માનીને મન મનાવીને ચાલ્યો જાય.

ભય ટળી ગયો છે એવું જાણીને અમે ધીરે ધીરે પ્રગટ થઈએ. અમારા વડીલો થોડુંઘણું ધમકાવે, વાત પતી જાય. પણ એક વાર અમારા એક વડીલે મને ખૂબ જ ધમકાવી નાખ્યો, કારણ હતું–મારા કપાળમાં ચાંલ્લો નહીં કરેલો તે. ‘શરમ નથી આવતી, બ્રાહ્મણનો દીકરો થઈને કોરા કપાળે ફરે છે! શૂદ્ર જ થઈ ગયો લાગે છે!’ વડીલની ઉગ્રતા મને થથરાવી દેતી હતી. ઈશ્વરને નહીં પણ વડીલોને રાજી રાખવા પોતાને ન ગમતી હોવા છતાં ચંદનની આડ (ત્રિપુંડ્ર) અમારે કરવી પડતી. વડીલો તથા સૌ સમજતાં કે છોકરો ધાર્મિક છે, સંસ્કૃતિનું રક્ષણ થઈ રહ્યું છે!!!

આજે હવે મને લાગે છે કે ત્રિપુંડ્ર કરાવવા માટે વડીલો જેટલો આગ્રહ રાખતા તેટલો આગ્રહ વગરહકનાં વાઘરીનાં ચીભડાં ન ખાવા પ્રત્યે રાખતા હોત તો અમારું ઘડતર વધુ સારું થયું હોત.

હું વડીલોને પણ શો દોષ આપું? એક શાસ્ત્રીજીએ તિલકનો મહિમા સમજાવવા સાત દિવસ સુધી પ્રવચન કરી લોકોને છક્કા કરી દીધા હતા. તેઓ પોતે માત્ર કપાળે જ નહીં પણ શરીરના અનેક ભાગો ઉપર ઘૂંટીઘૂંટીને વિશાળ તિલકો કરતા. તેમનું આખું શરીર જાણે કે રંગોળીભર્યું ન હોય તેવું દીપી ઊઠતું! વિશાળ પેટ ઉપરનું ચિતરામણ તો જાણે કોઈ માંગલિક પ્રસંગે ઘટસ્થાપનની જગ્યાએ છાશ વલોવવાની ગોળીનું સ્થાપન થયું હોય તેવી ઝાંખી કરાવતું. તિલકો, કંઠીઓ તથા અન્ય બાહ્ય સ્થૂળ પદાર્થોના મહિમાઓથી આપણે મહિયમાન થઈ રહ્યા છીએ; પણ ખરો મહિમા તો સદ્‌ગુણો વધારવાનો છે તે ભુલાવું ન જોઈએ. ધર્મનું તેજ સદ્‌ગુણોમાંથી પ્રગટતું હોય છે. આવા સદ્‌ગુણો માનવમાત્રમાં પરમેશ્વરે વત્તા–ઓછા અંશે મૂકેલા છે. આ સદ્‌ગુણોનો વિકાસ કરવાની પ્રક્રિયા તે ધર્મ છે. તેને આપણે સનાતન ધર્મ પણ કહીએ છીએ. સનાતન એટલા માટે કે તે અનાદિકાળથી છે તથા અનંતકાળ સુધી (માનવઅસ્તિત્વ હશે ત્યાં સુધી) રહેવાનો છે. તે કોઈ વ્યક્તિ દ્વારા પ્રસ્થાપિત કે નિર્મિત નથી, એટલે આ સનાતન ધર્મનો કોઈ માણસ પ્રવર્તક નથી. પ્રવર્તકો સંપ્રદાયો પ્રવર્તાવે છે અને સંપ્રદાયો કદી સનાતન નથી હોતા.

*

# પુરવણી

## નડતરધર્મ

આપણે ત્યાં ધર્મનું બાહ્ય અને પ્રચલિત સ્વરૂપ જે રીતે વિકસ્યું છે તેનું મૂળ 'નડતર' છે. પ્રજાને સતત કોઈ ને કોઈ પ્રકારના નડતરનો ભય બતાવ્યા કરવો, જેમ કે ઘરમાં રહેતાં પહેલાં ફલાણી વિધિ કરો, નહીં તો ઘર સુખદાયી નહીં બને; છોકરાની બાબરી–બાધા–ઉતરાવો, નહીં તો માતાજી નડશે; ઠેઠ અમેરિકાથી લોકો હજારો રૂપિયા ખર્ચીને અહીં બાધા કરાવવા આવે છે. તમે સુખી કેમ નથી? તો કહે કે તમને પૂર્વજ નડે છે. ફલાણી વિધિ કરાવો તો સુખી થશો. તમને ભૂત નડે છે. તમારે સારો પતિ જોઈતો હોય તો ફલાણી વિધિ કરો, નહીં તો ઉત્તમ પતિ મળશે નહીં અને કદાચ મળશે તો વિધવા થશો, માટે ફલાણાં–ફલાણાં વ્રતો કરતાં રહો. એ કહેવાની જરૂર નથી કે આવાં અસંખ્ય વ્રતો–ઉપવાસો કરનારી સ્ત્રીઓને નબળા પતિઓ પણ મળે છે અને વિધવાઓ પણ થાય છે અને કશું ન કરનારી સ્ત્રીઓને સારા પતિ મળે છે અને લાંબું જીવે છે. તમે આજે ફલાણી દિશામાં ન જશો, કારણ કે ત્યાં જોગણી, કાળ, વગેરે નડવાનાં છે; તમે ફલાણા સમયે કોઈ સારું કામ ન કરશો, કારણ કે એ સમયે કાળ ચોઘડિયું ચાલે છે, તે નડશે.

ધર્મના માધ્યમથી આપણે નડતર જ નડતર ઊભાં કર્યાં છે. તમને ફલાણો ગ્રહ–શનિ, મંગળ વગેરે નડે છે, ફલાણા જપ કરાવો તથા ફલાણી વિધિ કરાવો તો તેનો પ્રકોપ ઓછો થશે. તમે જો ધ્યાનથી ધર્મની બાહ્ય સ્થિતિને તપાસશો તો દેખાશે કે પ્રજા નડતરના ભયની મારી ધાર્મિક વિધિઓ કરી રહી છે. સાચા ધર્મ પ્રત્યે લોકોને જાણે કે ભાન જ નથી કે રસ જ નથી. શું કરો તો શું નડે અને આ નડે તો આ વિધિથી તેની શાન્તિ થાય એવી વાતોથી પુરાણો ભર્યાં પડ્યાં છે. આટલું મોટું નડતર પ્રજાના માથે ઠોકી દીધા પછી પણ મુદ્દાની વાત તો ભુલાઈ ગઈ.

'જો ઓછું જોખશો તો ફલાણો દેવ નડશે, જો ભેળ–સેળ કરશો તો ફલાણી માતા નડશે', "જો લાંચ–રુશવત લેશો તો ફલાણો ગ્રહ નડશે."–જો આવાં નડતરો પ્રજાને બતાવ્યાં હોત તો પ્રજાના નૈતિક જીવન ઉપર તેની કાંઈક અસર થાત. પણ તેવું બતાવવાનું રહી ગયું લાગે છે, તેથી ધાર્મિક વિધિમાં રોજના બેચાર કલાક કાઢનાર વ્યક્તિ પણ લાંચ લેતાં ભયભીત નથી થતી. ભેળસેળ, ઓછું માપ, અપ્રામાણિકતા, વગેરે આચરતાં આપણને ભય નથી લાગતો, કારણ કે તેના નડતરિયા દેવ ઊભા કરવાનું રહી ગયું છે.

આવું કેમ થયું? કારણ કે આખો ધર્મ આજીવિકાલક્ષી થયો છે. જેટલું તમારું નડતર વધારે તેટલી જ મારી આજીવિકા વધારે, એટલે હવે મારે મારી આજીવિકા દૃઢ કરવા તથા વધારવા તમને સતત નડતરના ભયમાં નાખ્યા કરવાની વિદ્વત્તા વધારવાની રહી. જો આજે ધર્મ આજીવિકાના માધ્યમથી મુક્ત બને, તો આ બધાં નડતરો આપોઆપ મટી જાય, તો પ્રજા સાચો ધર્મ પાળતી થાય. ઈશ્વરને ગમતો ધર્મ જો પ્રજાને પ્રાપ્ત કરવાનો હોય તો ધર્મને આજીવિકાનું માધ્યમ થતો રોકો. ધર્મ જ્યારે આજીવિકાનું માધ્યમ બને છે ત્યારે સ્થાપિત હિતો ઊભાં થાય છે, જેઓ કદી પણ પ્રજાને સાચો ધર્મ પામવા નથી દેતાં.

પરમાત્મા દયાળુ છે. તે કદી કોઈને નડતો નથી. માતાજી તો વહાલભરી જગદંબા છે. તે પોતાનાં બાળકોને કદી નડે જ નહીં. તમારી ભૂલોને પણ એ ક્ષમા કરવા તૈયાર હોય છે. પરમાત્માને ખરા હૃદયથી પ્રેમ કરો, તમારાં બધાં કાલ્પનિક નડતર મટી જશે. એક ઈશ્વરનિષ્ઠા, દૃઢનિષ્ઠા તમામ કાલ્પનિક ભયોથી છૂટવાનો રામબાણ ઉપાય છે. આ ઉપાય કરવા કોઈના માધ્યમની જરૂર નથી. નીતિમત્તાભર્યું જીવન અને પ્રભુભક્તિઃ બસ, આટલું બસ છે.

* * *